**સુરત મહાનગરપાલિકા**

**પ્રેસનોટ**

**શહેરીજનોની સુરક્ષા અને સલામતી માટે ફાયર અને ઈમરજન્સી સેવાલક્ષી સાધનોનું લોકાર્પણ**

આજરોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ માટે ખરીદ કરવામાં આવેલ **ફાયર ફાઈટીંગ રોબોટ, ફોમ કમ વોટર ટેન્ડર, ફાયર એન્જીન અને વોટર બાઉઝરનું** લોકાર્પણ તથા ફાયર **એન.ઓ.સી. માટે તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેરનો શુભારંભ** માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્હસ્તે ચોકબજાર કિલ્લા કમ્પાઉન્ડ, સુરત ખાતે કરવામાં આવેલ.

- સુરત શહેરમાં જે વિસ્તારમાં ફાયરના વાહનો સહેલાઈથી જઈ શકતા ન હોય, ફાયરના કર્મચારીઓ, અધિકારીઓને ફાયર ફાઈટીંગ કરવામાં જોખમ ભરેલ હોય તેવા વિસ્તારોમાં સહલાઈથી આગ પર કાબુ મેળવી શકાય તથા અત્યાધુનિક થર્મલ ઈમેજીંગ કેમેરા વિગેરે જેવા સાધનોની સુવિધા મારફત આગ અકસ્માતના કોલમાં ફસાયેલ વ્યકિતઓની જાણ થઈ શકે તેઓને બહાર કાઢી ઘણી જાનહાની થતી બચાવી શકાય તે માટે રૂા. ૧.૪૨ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલ નંગ–૦૧ **ફાયર ફાઈટીંગ રોબોટ**
- શહેરમાં આવેલ ઈન્ડસ્ટ્રીઝ, હાઈરાઈઝ ઈમારતો વિગેરે જેવા વિસ્તારોમાં લાગેલ આગમાં ફાયર ફાઈટીંગ કરવા માટે ........
  - રૂા. ૨.૪૯ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલ **ફોમ કમ વોટર ટેન્ડર (નંગ–૩),**
  - રૂા. ૨.૯૨ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલ **ફાયર એન્જીન (નંગ–૨) અને**
  - રૂા. ૨.૪૪ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલ **વોટર બાઉઝર (નંગ–૦૨)** સહિતના વાહનો

આ પ્રસંગે માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપૂત , માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ , માન. મ્યુ. સદસ્યશ્રીઓ સહિત અન્ય મહાનુભવો ઉપસ્થિત રહતાં હતા.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૦૧,**
**તા.૦૧/૦૪/૨૦૨૨**




SURAT MUNICIPAL CORPORATION









સુરત મહાનગરપાલિકા

ફાયર અને ઈમરજન્સી વિભાગ

–:: ફાયર વિભાગ માટે મેળવવામાં આવેલ નવા વાહનો, ફાયર રોબર્ટ અને ઓનલાઈન એન.ઓ.સી. સીસ્ટમ કાર્યરત કરવા બાબતની પ્રેસનોટ ::–

આજે તા.૦૧/૦૪/૨૦૨૨નાં રોજ સવારે ૧૦–૩૦ કલાકે સુરત શહેરનાં કિલ્લા ખાતે ફાયર વિભાગ માટે મેળવવામાં આવેલ નવા વાહનો, ફાયર રોબર્ટ અને ઓનલાઈન એન.ઓ.સી. સીસ્ટમ લોકાર્પણ કાર્યક્રમ મા.મેયરશ્રીનાં હસ્તક કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં મા. મેયરશ્રી , મા.ડે.મેયરશ્રી, મા. સ્ટેન્ડીંગ કમિટિનાં ચેરમેનશ્રી, મા. લાઈટ એન્ડ ફાયર કમિટિનાં ચેરમેનશ્રી તેમજ સભ્યોશ્રી અને મહાનગરપાલિકાનાં અન્ય મ્યુ. સભ્યોશ્રી, મા.ડે.કમિશનરશ્રી એન.વી. ઉપાધ્યાય સાહેબ, ફાયર ખાતાનાં ચીફ ફાયર ઓફીસરશ્રી ફાયર ખાતાનાં તેમજ સુરત મહાનગરપાલિકાનાં વિવિધ વિભાગનાં અધિકારી /કર્મચારી ગણ આ કાર્યક્રમમાં હાજર રહેલ.

આ કાર્યક્રમ ધ્વારા સુરત શહેરની જનતાને ફાયર વિભાગ ધ્વારા ખરીદવામાં આવેલ અત્યંત આધુનિક ટેક્નીક ધરાવતા ફાયર રોબર્ટ, ફાયર ફાઈટીંગ વાહનો અને ઓનલાઈન ફાયર સેફટી એન.ઓ.સી. સીસ્ટમનુ લોકાર્પણ કરવામાં આવેલ.

- આ કાર્યક્રમમાં ફાયર ફાઈટીંગ રોબર્ટ નંગ -૦૧ રૂ.૧,૪૨,૭૭,૬૫૦/–નાં ખર્ચે ખરીદવામાં આવેલ જે ફાયર રોબર્ટ સુરત શહેરનાં સાંકડી ગલીઓ અને જ્યા વાહનો ન પહોંચી શકે અને ફાયર ફાઈટીંગ કરવુ મુશ્કેલ હોય જ્યાં ફાયર વિભાગનાં અધિકારી /કર્મચારીનાં જીવનુ જોખમ ઉભુ થાય તેમ હોય ત્યારે આવી સ્થિતિમાં આ ફાયર રોબર્ટની મદદથી વાહન માંથી હોઝ પાઈપ જોડાણ કરીને સીધા આગ ઓલવવાની કામગીરી કરી શકાય છે. જ્યા મોટા ગોડાઉન હોય વધારે પ્રમાણમાં ધુમાડો હોય ઉંચી ઈમારતમાં કારખાના, ગોડાઉનમાં પહોંચીને આગ ઓલવવી સંભવ ન હોય ત્યાં આ રોબર્ટનાં મદદથી આગ ઓલવી શકાય છે. આ રોબર્ટમાં બહારનાં બાજે બે અતિ આધુનિક થર્મલ ઈમેજીંગ અને એક ઓપ્ટીકલ કેમેરા લગાડવામાં આવેલ છે. આ રોબર્ટ ધ્વારા એક મીનીટમાં ૪૦૦૦ લીટર પ્રતિ મીનીટ પાણીનો મારો કરી શકે છે. આ રોબર્ટની બેટરી એક સાથે આઠ કલાક ચાલી શકે છે.અને રોબર્ટનું મોનીટર ૧૮૦ ડીગ્રી રોટેટ થઈ શકે છે. વધુમાં આ રોબર્ટ થી સ્પ્રે/જેટ કરીને ફાયર ફાઈટીંગ કરી શકાય છે.
- ફાયર વિભાગ માટે ફોમ કમ વોટર ટેન્ડર નંગ–૦૩ રૂ. ૨,૪૯,૦૪,૪૯૭નાં ખર્ચે ખરીદવામાં આવેલ જે ફોમ કમ વોટર ટેન્ડર સુરત શહેર અને આજુબાજુમાં આવેલ મહાકાય ઈન્ડ્રુસ્ટીઝ વિસ્તારમાં લાગેલ આગ અને હાઈરાઈઝ ઈમારતોની આગને કાબુમાં લેવા માટે ખુબજ ઉપયોગી વાહન છે.
- ફાયર વિભાગ માટે ફાયર એન્જીન નંગ–૦૨ રૂ. ૨,૯૧,૯૭,૯૯૬નાં ખર્ચે ખરીદવામાં આવેલ જે ફાયર એન્જીન ફાયર સ્ટેશન ઉપર હોય અને સુરત શહેરમાં લાગતી આગ, ઈન્ડ્રુસ્ટીઝ વિસ્તારમાં લાગેલ આગ અને હાઈરાઈઝ ઈમારતોની આગને કાબુમાં લેવા માટે ખુબજ ઉપયોગી વાહન છે.
- ફાયર વિભાગ માટે વોટર બાઉઝર નંગ -૦૨ રૂ. ૨,૪૭૯૬,૨૭૨નાં ખર્ચે ખરીદવામાં આવેલ જે વોટર બાઉઝર પ્રથમ વાહન ઘટનાં સ્થળે જાય તે વાહનમાં વધારાની પાણીની જરૂરીયાત પુર્ણ કરે છે અને શહેરમાં આવેલ મકાનો, ગોડાઉન, ઈન્ડ્રુસ્ટીઝ વિસ્તારમાં લાગેલ આગ અને હાઈરાઈઝ ઈમારતોની આગને કાબુમાં લેવા વાહનોને પાણી પુરી પાડવાની કામગીરી કરે છે.
- ઓનલાઈન ફાયર એન.ઓ.સી. એપ્લીકેશન સીસ્ટમ આજરોજ તા.૦૧/૦૪/૨૦૨૨ થી શરૂ કરવામાં આવેલ છે. આ સીસ્ટમનો મુખ્ય ઉદ્દેશ સુરત શહેરમાં આવેલ ઈમારતોમાં ફાયર સેફટી સીસ્ટમ લગાવ્યા બાદ, જરૂરી ફાયર એન.ઓ.સી. મેળવવા માટે હવેથી ઓનલાઈન સીસ્ટમ થકી અરજી / એપ્લીકેશન કરવાની રહે છે. અને આ માટે અરજદારોએ સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે આવવાની જરૂરીયાત રહેતી નથી.

સદર સીસ્ટમ થકી જે એપ્લીકેશન કરવામાં આવશે તેની સીધી જાણ જેતે ઝોનનાં ફાયર વિભાગનાં કન્સલટન્ટ અધિકારીને મોબાઈલ એપ્લીકેશન થકી મળી રહે છે. વધુમાં સદર અરજીની સાથે જરૂરી સાઈટ ઈન્સ્પેક્શન માટે અરજદારને આગોતરી જાણ પણ આ સીસ્ટમ મારફત થઈ રહે છે. જેથી જરૂરી સાઈટ ઈન્સ્પેક્શન વખતે લાગત ફાયર સેફટી ટ્રેન્ડપર્સન ઓન સાઈટ અને અરજદાર ઉપલબ્ધ રહી શકે, ફાયર વિભાગનાં ડીવીઝનલ ઓફીસર ધ્વારા જરૂરી ઈન્સ્પેક્શન થયેથી ડીટેલ ઈન્સ્પેક્શન રીપોર્ટ અરજદારને તેમનાં કન્સોલ્ટ / ઈમેલમાં મળી રહેશે. સદર એપ્લીકેશનમાંજ એપ્લીકેશન સંબધિત વહીવટી ચાર્જનાં પેમેન્ટ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.અને સાથેજ ઉચ્ચ અધિકારી એટલે કે, ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી / ચીફ ફાયર ઓફીસરશ્રી ધ્વારા અરજી મંજુર થયેથી ફાયર એન.ઓ.સી. સર્ટીફીકેટ પણ ઈમેલ /કન્સોલ્ટમાં એપ્રુવ્ડ / મંજુર થયેથી ફાયર એન.ઓ.સી. પણ ઈમેલ / કન્સલોટમાં મળી રહેશે.

જે કોઈ કિસ્સામાં ડીવીઝનલ ઓફીસરનાં સ્થળ નિરીક્ષણ વખતે કોઈ નિયમોનાં અમલમાં વિસંગતતા કે ફાયર સેફટી સીસ્ટમનાં ઈન્સ્ટોલેશનમાં અપુર્તતા જણાય તો જરૂરી વાંધા / નોટીસ પણ સીસ્ટમ માંથી ઓટો જનરેટ થઈ રહેશે. તેની જાણ પણ અરજદારને તેમના ઈમેલ / કન્સલોટમાં થઈ રહેશે. જેની પુર્તતા અરજદારે નિયત સમયમાં કરવાનો રહેશે. અન્યથા સીસ્ટમ માંથી તેઓની અરજી ઓટોમેટીક રદ થઈ જશે અને જેથી આવા કિસ્સામાં અરજદારોએ નિયત સમય મર્યાદામાં જરૂરી કોમ્પલાયન્સ / પુર્તતા કરવાની જવાબદારી રહે છે. જે કિસ્સામાં અરજી ઓટો રદ થાય કે રીજેક્ટ કરવામાં આવે તો તેની સામે ફરીથી અરજદારે ફરીથી ઓનલાઈન નવી અરજી કરવાની રહેશે.

ફાયર એન.ઓ.સી. મેળવવા માટે અરજદારોએ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. suratmunicipal.org ઉપર જઈને અરજી કરવાની રહેશે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...

સમાચાર યાદી નંબર........૦૨.....................તા.૦૧/૦૪/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

શહેરીજનોના આરોગ્ય વિષયક હિતોને ધ્યાને લઈ તથા નિરામય સ્વાસ્થ્યની જાળવણી અને વિકટ સંજોગામાં પ્રાથમિક તપાસ – ઉપચારની આરોગ્ય લક્ષી સેવા તથા જરૂરિયાતમંદ દર્દીને સમયસર જે તે હોસ્પિટલ સુધી પહોચાડી તેઓના જીવ બચાવી શકાય તેવા ઉમદા હેતુસર માન. ધારાસાભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ અને માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારીની ગ્રાંટમાંથી ફાળવેલ એમ્બ્યુલન્સનો શુભારંભ આવતીકાલે તા.૦૨/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે સ્મીમેર હોસ્પિટલના DCHC બહારના પાર્કીંગ એરિયામાં રાખવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૦૩,**
**તા.૦૧/૦૪/૨૦૨૨**

# પ્રેસ નોટ

સુરત મહાનગર સેવાસદન સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં આપવામાં આવતી સેવા/ સુવિધામાં વધારો કરવાના આશયથી મા.ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ દ્વારા હોસ્પિટલને સુવિધાયુકત એમ્બ્યુલન્સ માટે તેઓની વર્ષ ૨૦૨૧–૨૨ ના ગ્રાંટમાંથી As per Ambulance Code Type-b (Patient Transfer Vehicle Non AC with single stretcher) તથા મા.ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી દ્વારા હોસ્પિટલને સુવિધાયુકત એમ્બ્યુલન્સ માટે તેઓની વર્ષ : ૨૦૨૧–૨૨ ગ્રાંટમાંથી As per Ambulance Code Type-D ( Advance Life Support Vehicle) સ્મીમેર હોસ્પિટલને ભેટ સ્વરૂપે ફાળવેલ છે.જેનુ લોકાર્પણ તા.૦૨/૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મા.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાના વરદ હસ્તે કરવામાં આવેલ જેમાં મા.મેયરશ્રી મા.ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, મા.ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે. મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, ચેરમેનશ્રી સ્થાયી સમિતિ પરેશભાઈ પટેલ, વિવિધ સમીતિ ના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા સ્મીમેર અને આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારીશ્રી ઓ ઉપસ્થિત રહેલ સદર એમ્બ્યુલન્સોથી સ્મીમેર હોસ્પિટલ ના દર્દીઓને સારવાર માટે ઈમરજન્સી સમયે અન્ય હોસ્પિટલ માં ટ્રાન્સફર કરવાની સુવિધામાં વધારો થશે અને જેનો લાભ જાહેર જનતાને મળશે.

જનસંપર્ક વિભાગ તરફથી
સાદર સમાચાર યાદી નં.૦૪. તા.૦૨/૦૪/૨૦૨૨













# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ:૨૦૨૧–૨૨ના નાણાંકીય વર્ષમાં તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં ચાલુ વર્ષના અને અગાઉના નાણાંકીય વર્ષના મિલ્કતવેરા તમામ યુઝર ચાર્જ અને શિક્ષણ વેરા સહિત પુરેપુરો ભરપાઈ કરવામાં આવશે એટલે કે સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે વર્ષ: ૨૦૨૧–૨૨ સુધીનો પાછલો તેમજ ચાલુ તમામ વેરો પુરેપુરો ભરપાઈ કરવામાં આવે તો નીચે મુજબની પ્રોત્સાહક યોજના આપવામાં આવેલ.

(અ) રહેણાંક મિલકતો માટે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૧૦૦% રાહત.

(બ) બિનરહેણાંક મિલકતો માટે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૫૦% રાહત.

ઉપરોકત યોજના હેઠળ ૯૪,૫૨૬ કરદાતાઓને રૂા.૨૪.૭૦ કરોડનો લાભ આપવામાં આવેલ, પરંતુ હજુ સુધી ૨,૬૬,૦૦૮ કરદાતાઓ દ્વારા રૂા.૧૧૯ કરોડનું વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં મળનાર રાહતનો લાભ લીધેલ ન હોય, જેથી સદર યોજના તા.૩૧/૦૩/૨૦૨૨ થી વધુ એક માસ એટલે કે તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે. કોઈક કારણસર આપને વેરાબીલ મળેલ ન હોય તો આપના વિસ્તારની ઝોન કચેરીમાં આકારણી અને વસુલાત વિભાગનો રૂબરૂ સંપર્ક કરી બીલ અંગેની માહિતી મેળવી અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી બીલની નકલ મેળવી તાકીદે વેરાબીલ ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in માં લોગઈન કરી ઈ–પેમેન્ટ કરી શકશો.

ઉપરોકત પ્રોત્સાહક યોજનાનો લાભ લેવાની અંતિમ તક હોય તમામ કરદાતાઓને યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૦૫,તા.૦૪/૦૪/૨૦૨૨**

C:\Users\user1\Downloads\RAM NAVMI- MAHAVEER JAYANTI ALL.doc

| | | |
|---|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>જાહેર આરોગ્ય વિભાગ<br>માર્કેટ ખાતું | આઝાદી કા<br>અમૃત મહોત્સવ |

# <u>પ્રેસનોટ</u>

**<u>તા.૧૦/૦૪/૨૦૨૧ ને રવિવાર અને તા.૧૪ /૦૪/૨૦૨૧ ને ગુરૂવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.</u>**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઈ, દર વર્ષની જેમ તા.૧૦/૦૪/૨૦૨૧ ને રવિવાર ના રોજ "શ્રી રામનવમી" નિમિત્તે અને તા.૧૪/૦૪/૨૦૨૧ ને ગુરૂવાર ના રોજ "મહાવીર જયંતિ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

**સમાચારયાદી નં.૦૬**
**તા. ૦૫/૦૪/૨૦૨૨**
**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર**

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :—**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૨,નોંધ નં.૨૬૬૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૦૫/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબનું ડીમોલેશન કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૦૭**
**તા. ૦૫/૦૪/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

**"ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ"**

## પ્રેસનોટ

ફાયર વિભાગનાં જવાનો ચોમાસાની તૈયારીઓને ધ્યાને લઈ વધુ સારી રીતે બચાવ કામ કરી શકે તે હેતુસર ફાયર વિભાગનાં કર્મચારીઓને બચાવ માટેની તાલીમ આપવામાં આવી રહી છે. ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા તા.૦૪/૦૪/૨૦૨૨થી લઈ તા.૦૯/૦૪/૨૦૨૨ દિન–૦૬ના બેચ પ્રમાણે ફલડ રેસ્કયુ તાલીમ વિયર કમ કોઝવેનાં સીંગણપોર સાઈડ, તાપી નદીમાં આપવામાં આવી રહી છે. આવા કુલ–૦૪ બેચ મળી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી તાલીમ આપવામાં આવનાર છે. વધુમાં સવારે ૭–૦૦ કલાકથી બપોરે ૨–૦૦ કલાક સુધી રોજીંદા, રેસ્કયુ તાલીમ સિવાય પણ પીટી પરેડ, ઓપરેશનલ ડ્રીલ અને રેસ્કયુ ઈકવીપમેન્ટ ઓપરેશનની પણ તાલીમ આપવામાં આવી રહેલ છે.

આ ઉપરાંત તા.૦૬/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૦૮–૦૦ કલાકે સ્પેશીયલ તાલીમ સેશન રાખવામાં આવેલ છે. જેમાં સ્કુબા ડાઈવીંગ, ડીપ ડાઈવીંગ, બોટ કેર એન્ડ મેઈન્ટેનન્સ, ઓપરેટીંગની તાલીમ, વોટર રેસ્કયુ સહિતની બચાવની તાલીમ રાખવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૦૮,તા.૦૫/૦૪/૨૦૨૨**

# પ્રેસ નોટ

........................

## માહે માર્ચ ૨૦૨૨ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ **૨૦૨૨** દરમ્યાન ૩૮૦૬ ઈન્ડોર તથા **૫૯૭૭૮** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૬૨૬** નાના તથા **૮૪૩** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૫૩૫૯** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૭૭૯** અને જુના ૨૧૩૨ દર્દીઓ સહીત કુલ **૨૯૧૧** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૨૧૦** તથા આંખ વિભાગમાં **૩૨૬૧** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૫૫૯** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૦૯, તા.૦૬/૦૪/૨૦૨૨

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાની (કોડ–૮૮૫) માર્શલ (પુરૂષ)ની કુલ–૪૯ જગ્યાઓ પૈકી ૩૪–જગ્યા અનુસુચિત જાતિ, ૧૫–જગ્યા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોથી પુરવા પી.આર.ઓ.નં.૨૧૧/૨૦૧૮–૧૯ તા.૧૬/૦૭/૨૦૧૮ થી જાહેરાત આપી નિયત શૈક્ષણિક લાયકાત તેમજ શારિરીક માપદંડ ધરાવતાં ઉમેદવારો પાસે તા.૧૦/૦૮/૨૦૧૮ સુધીમાં નિયત ફોર્મમાં ઓફલાઈન ઉમેદવારી અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે અનુસંધાને મહાનગરપાલિકાને **<u>કુલ–૨૧૪૫૦</u>** ઓફલાઈન ઉમેદવારી અરજીઓ મળેલ હતી. મળેલ અરજીઓની સ્ક્રુટીની કરતા કુલ–૧૧૮૬૪ ઉમેદવારી અરજીઓ માન્ય ગણવામાં આવેલ. માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે કામગીરીને ત્રણ તબકકામાં વહેંચણી કરવામાં આવેલ જે પૈકી પ્રથમ તબકકામાં શારિરીક યોગ્યતા ચકાસણી તેમજ સ્વીમીંગ ટેસ્ટ લેવાનું નકકી કરવામાં આવેલ. જેની પ્રથમ તબકકાની ટેસ્ટ તા.૦૬/૦૪/૨૦૨૨ થી તા.૧૩/૦૪/૨૦૨૨ દરમ્યાન સવારે ૭–૦૦ કલાક થી સાંજે ૬–૦૦ કલાક સુધી સુરત મહાનગરપાલિકાના ત્રણ સ્વીમીંગપુલ (૧) પાલ સ્વીમીંગપુલ, (૨) સીંગણપોર સ્વીમીંગપુલ, (૩) અલથાણ સ્વીમીંગપુલ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં સક્ષમ સત્તા ધ્વારા અધિકૃત કરેલ મેડીકલ ટીમ ધ્વારા પ્રાથમિક શારિરીક યોગ્યતા ચકાસણી નિયત માપદંડ મુજબ કરી નિયત શારિરીક યોગ્યતા ધરાવતા ઉમેદવારોને નકકી થયેલ ભારાંક મુજબ સ્વીમીંગ ટેસ્ટ લેવામાં આવી રહેલ છે. પ્રથમ તબકકાની કામગીરીના ૮ દિવસ પૈકી પ્રતિદિન ૧૫૩૬ ઉમેદવારોની ત્રણ સ્વીમીંગપુલ ખાતે એક એક કલાકના બ્લોકમાં શારિરીક યોગ્યતા ચકાસણી તથા સ્વીમીંગ ટેસ્ટ લેવાનું આયોજન હાથ ધરેલ છે. સદર કામગીરી તા.૧૩/૦૪/૨૦૨૨ સુધી ચાલુ રહેનાર છે. જેમાં નકકી કરવામાં આવેલ સ્વીમીંગપુલ ઉપર નકકી કરવામાં આવેલ બ્લોકમાં ઉમેદવારોની પ્રાથમિક શારિરીક યોગ્યતા ચકાસણી અને સ્વીમીંગ ટેસ્ટ લેવામાં આવનાર છે.

પ્રાથમિક શારિરીક યોગ્યતા ચકાસણી અને સ્વીમીંગ ટેસ્ટમાં સફળ થનાર ઉમેદવારોને બીજા તબકકાની આગળની ૦૨ કિલોમીટરની દોડ (Eliminating Round) ની ટેસ્ટ, હોઝ પાઈપ સાથેની વજન ઉંચકીને ૧૦૦ મીટરની દોડ(Eliminating Round)ની ટેસ્ટ,રસ્સો પકડીને તેમજ રોપલેડર પકડીને ૧૦ મીટર ઉપર ચઢવાની ટેસ્ટ લેવાનું આયોજન કરવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ તરફથી
સાદર સમાચાર યાદી નં.૧૦,તા.૦૬/૦૪/૨૦૨૨

# પ્રેસનોટ
## ચંદ્ર નિદર્શન

**સાયન્સ સેન્ટર ખાતે તા.૯/૦૪/૨૦૨૨ ના રોજ સાંજે ૭:૧૫ થી રાત્રે ૮:૪૫ કલાક દરમ્યાન ચંદ્ર તથા ચંદ્રના ક્રેટર નિદર્શનની વ્યવસ્થા ટેલિસ્કોપ દ્વારા શહેરીજનો માટે કરવામાં આવી છે, જેનો લાભ લેવા વિનંતી.**

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૧, તા.૦૮/૦૪/૨૦૨૨**

# પ્રેસ નોટ

## સમર કેમ્પ – ૨૦૨૨

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આગામી શાળાના વેકેશન દરમ્યાન ૧૦ મે થી ૨૦ મે, ૨૦૨૨ સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં ૨(બે) વયગ્રુપનો સમાવેશ કરવામાં આવશે.

**<u>ગ્રુપ– એ – ૭ થી ૧૨ વર્ષનું વયગ્રુપ</u>**

| અ.નં. | વિષય | સમય | દિવસ | ફી |
|---|---|---|---|---|
| એ | પેપર આર્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, દિવડા પેઈન્ટીંગ, એન્વેલપ મેકીંગ, ટી–શર્ટ પેઈન્ટીંગ, વિગેરે | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૧ દિવસ | રૂા. ૧૦૦૦/– |

**<u>ગ્રુપ–બી – ૧૩ થી ૧૭ વર્ષનું વયગ્રુપ</u>**

| અ.નં. | વિષય | સમય | દિવસો | ફી |
|---|---|---|---|---|
| બી–૧. | બેઝીક એસ્ટ્રોનોમી, નો યોર પ્લેનેટ્સ, નો યોર ઝોડીયાક, ફેઝીસ ઓફ મુન / સીઝન્સ, નેનો સન / મીસ્ટર બોલ, ટેલિસ્કોપ, એસ્ટ્રોનોમી સોફટવેર, એસ્ટ્રોનોમી જરનલ એન્ડ ક્વીઝ | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૧ દિવસ | રૂા.૧,૨૦૦/– |
| બી–૨. | બેઝીક ફીઝીક્સ, પ્રયોગો, ઓટોમેટીક સ્ટ્રીટ લાઈટ, મોડેલ એલીવેટર, ન્યુટન'સ ક્રેડલ, રોબો બગ, બેઝીક એરોનોટીક્સ | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૧ દિવસ | રૂા.૧,૨૦૦/– |
| બી–૩. | એમ્બ્રોઈડરી, ક્વીલીંગ, પેપર આર્ટ, વિગેરે | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૧ દિવસ | રૂા.૧,૨૦૦/– |
| બી–૪. | મોડેલ રોકેટ | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૦૪ દિવસ | રૂા. ૬૦૦/– |
| બી–૫. | કેલીગ્રાફી (બેઝીક) | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૧ દિવસ | રૂા.૧,૨૦૦/– |

આ સમર કેમ્પ તારીખ ૧૦.૦૫.૨૦૨૨ થી ૨૦.૦૫.૨૦૨૨ સુધી કાર્યરત રહેશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી તા.૧૦/૦૪/૨૦૨૨ થી ફોર્મ ડાઉનલોડ કરી શકશે તેમજ તા.૧૦/૦૪/૨૦૨૨થી (સોમવારનાં દિવસ સિવાય) સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર સુરત ખાતેથી ફોર્મ મેળવી શકશે. આ ફોર્મ ભરી તા.૦૬/૦૫/૨૦૨૨ સુધી (સોમવારનાં દિવસ સિવાય) સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર, સુરત ખાતે જમા કરાવવાના રહેશે.

જનસંપર્ક વિભાગ તરફથી
સાદર સમાચાર યાદી નં.૧૨,તા.૦૮/૦૪/૨૦૨૨

| | | |
|---|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>જાહેર આરોગ્ય વિભાગ<br>માર્કેટ ખાતું | आज़ादी का अमृत महोत्सव |

# પ્રેસનોટ

## તા.૧૦/૦૪/૨૦૨૨ ને રવિવાર અને તા.૧૪/૦૪/૨૦૨૨ ને ગુરૂવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઈ, દર વર્ષની જેમ તા.૧૦/૦૪/૨૦૨૨ ને રવિવાર ના રોજ "શ્રી રામનવમી" નિમિત્તે અને તા.૧૪/૦૪/૨૦૨૨ ને ગુરૂવાર ના રોજ "મહાવીર જયંતિ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદરસમાચારયાદી નં.૧૩**
**તા. ૦૮/૦૪/૨૦૨૨**

# –::પ્રેસનોટ::–

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૮–૦૪–૨૦૨૨ નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બ)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બ)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બ) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૭ | ૧૪૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| વરાછા (એ) | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| વરાછા (બી) | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| રાંદેર | ૧૦ | ૨૦૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૨૦ | ૪૦૦૦ |
| કતારગામ | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| ઉધના (એ) | ૦૪ | ૮૦૦ | ૦૩ | ૬૦૦ | ૦૭ | ૧૪૦૦ |
| ઉધના (બી) | ૦૨ | ૪૦૦ | ૦૩ | ૬૦૦ | ૦૫ | ૧૦૦૦ |
| લિંબાયત | ૦૯ | ૧૮૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| અઠવા | ૦૪ | ૮૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| કુલ | ૫૪ | ૧૦૮૦૦ | ૫૮ | ૧૧૬૦૦ | ૧૧૨ | ૨૨૪૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૪
તા.૦૮–૦૪–૨૦૨૨

TOBACCO MONDH

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના મા.ઇ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રીની સીધી સુચના અન્વયે કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૧, નોધ નં.૧૦૨૧ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના બાંધકામ કરતા, તા.૧૧/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કોમર્શિયલ પ્રકારનાં ઉપયોગ માટેનાં બાંધકામની તજવીજ કરતા જણાતા પ્રશ્નવાળી મિલ્કતમાં ત્રીજા માળે લોખંડનાં એંગલ, ગર્ડર પર સ્લેબ ભરી આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ અને લોખંડની ગર્ડર, એંગલ દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૭, નોધ નં.૧૩૬૯/૨૩ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના બાંધકામ કરતા, તા.૧૧/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૬૪૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– તથા સી એન્ડ ડી વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૭, નોધ નં.૧૩૬૯/૪૪ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના બાંધકામ કરતા,તા.૧૧/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં ત્રીજા માળે આશરે ૪૩૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– તથા સી એન્ડ ડી વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૫..................
તા.૧૧/૦૪/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ બ્લડ બેંક (IHBT વિભાગ)માં વર્ષે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ દરમ્યાન રક્તદાન શિબિર આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ રક્તદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા માટે શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભ આજ રોજ તા.૧૧/૦૪/૨૦૨૨ને સોમવારે રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્મીમેર ખાતે માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ જે સમારંભમાં માનનીય ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માનનીય સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ, માનનીય શાસક પક્ષના નેતા અમિતસિંગ રાજપુત, માનનીય દંડકશ્રી વિનોદભાઈ પટેલ, માનનીય રૂ. વૈ. રા. અને તં. વ. સમિતિના અધ્યક્ષ શ્રી રાજુભાઈ જોળીયા, માન. અધ્યક્ષા આરોગ્ય સમિતિ શ્રીમતી દર્શિનીબેન કોઠિયા તથા માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી સમારંભમાં ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

આ સમારંભમાં ૨૦૧૮ થી ૨૦૨૦ ના ૩ વર્ષના બ્લોક દરમ્યાન સૌથી વધુ યુનિટ રક્ત એકત્રિત કરી આપનાર પ્રથમ ત્રણ સ્થાનના આયોજકશ્રીઓને શિલ્ડ તેમજ પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવેલ. ૩ વર્ષ દરમ્યાન ૯ કે તેથી વધુ વખત સ્વૈચ્છિક રક્તદાન કરનાર ૧૦ રક્તદાતાશ્રીઓને શિલ્ડ અને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતા. કોવિડ-૧૯ પેન્ડેમીક દરમ્યાન ૫ કે તેથી વધુ વખત સ્વૈચ્છિક કોવિડ કોન્વેલેસન્ટ પ્લાઝમા દાન કરનાર ૭ પ્લાઝમા દાતાશ્રીઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતા. વધુમાં ૩ વર્ષ દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરનાર ૨૫૭ સંસ્થાઓને પ્રશંસાપત્ર આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવોએ રક્તદાનનું મહત્વ સમજાવી રક્તદાતાશ્રીઓની આ સામાજીક પ્રવૃત્તિને બિરદાવી હતી તેમજ ભવિષ્યમાં આ પ્રમાણે રક્તદાન શિબિર (કેમ્પ)નું આયોજન કરવા અનુરોધ કરવામાં આવેલ હતો. સ્મીમેર કોલેજના માનનીય ડીનશ્રીએ રક્તદાતાઓ તથા રક્તદાન કેમ્પ આયોજકોને પ્રોત્સાહન પુરૂ પાડવા સ્વાગત સાથે પ્રાસંગિક પ્રવચન કરેલ તેમજ સ્મીમેર હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટશ્રીએ ઉપસ્થિત કરેલ તમામ રક્તદાન શિબિર આયોજન કરનાર સંસ્થાઓ તથા રકતદાતાઓ ઉપરાંત મિડિયા, સ્ટાફ વિગેરેનો આભાર વ્યક્ત કરેલ હતો. સદરહુ કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં રકતદાતાઓ તથા રક્તદાન શિબિર (કેમ્પ) આયોજકોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધેલ તેમજ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૬, તા.૧૧/૦૪/૨૦૨૨**














3

## :: પ્રેસનોટ ::

### ''ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૪/૨૦૨૨ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાનાર ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદના કાર્યક્રમ બાબત.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અને વિશ્વવિભૂતિ–મહામાનવ ભારત રત્ન પરમ પૂજ્ય ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ ૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ''સમતા''ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાના કાર્યક્રમમાં પધારવા નગરજનોને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૨૭ , તા.૧૨/૦૪/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# —::**<u>પ્રેસનોટ</u>**::—

ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૪/૨૦૨૨ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાયેલ ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદના કાર્યક્રમ બાબત.

" આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ ૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શહેરના પ્રથમ નાગરિક માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, શ્રી અરવિંદભાઇ રાણા, ડે.મેયરશ્રી દિનેશભાઇ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલ, શાસક પક્ષ દંડકશ્રી વિનોદભાઇ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદ્સ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને શહેરની વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી. યુગ પુરૂષ ડૉ.ભીમરાવ રામજી ઉર્ફે ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન, તેમના કાર્યો તથા વિચારોની પૂરી ૨૦મી સદી પર અમીટ છાપ છે. ડૉ.આંબેડકરે ભારતીય સમાજના દલિત, પીડિત, નિરાશ્રિત મનુષ્યોમાં અમે પણ મનુષ્ય છીએ એવી ભાવના જન્માવવા અને એમને માનવીય અધિકાર અપાવવા આજીવન સંઘર્ષ કર્યો. મૂળભૂત અધિકારોથી વંચિત લોકોને રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક અધિકારો અપાવવા તેમણે ચળવળ કરી. લોકોને ભેગા કર્યા, અખબાર કાઢયાં, જબરદસ્ત નેતૃત્વની સાથોસાથ ભારતીય બંધારણના રચનાકાર્ય સુધી અનેક સ્તરે તેમણે બહુવિધ કામગીરી બજાવી. 'સમતા"ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી, વિદ્વાન કાયદાશાસ્ત્રી-અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઇતિહાસવિદ, પ્રખર વક્તા-લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નગરજનોએ પુષ્પો અર્પણ સહ વંદના કરી હતી.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૮**
**તા.૧૪–૦૪–૨૦૨૨**


સુરત મહાનગરપાલિકા











સુરત, 18 એપ્રિલ 2022

## "સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન" કોન્ફરન્સનો આજે સુરતમાં ભવ્ય પ્રારંભ

**દેશભરમાંથી 100 સ્માર્ટ સિટીઝ જોડાયાં**

**ઈન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ સ્પર્ધા 2020ના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું; સુરત અને ઈન્દોરને શ્રેષ્ઠ શહેર તરીકે એવોર્ડ મળ્યો; ઉત્તર પ્રદેશને શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ મળ્યો**

**કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપ સિંહ પુરીએ સ્માર્ટ સિટીઝ મિશનને જન આંદોલનમાં ફેરવવા હાકલ કરી; સ્માર્ટ સિટીઝ મિશનમાં ₹90 હજાર કરોડથી વધુના મૂલ્યના લગભગ 100 ટકા સરકાર દ્વારા ભંડોળ કરાયેલા પ્રોજેક્ટ્સમાં કામ શરૂ થઈ ગયું છે**

**અર્બન આઉટકમ્સ ફ્રેમવર્ક 2022, મંત્રાલયના સંકલિત ડેટા પોર્ટલ- AMPLIFI અને સ્માર્ટ સિટીઝ મિશન માટે આઉટપુટ આઉટકમ ડેશબોર્ડ સહિત અનેક પહેલનો શુભારંભ**

3 દિવસીય "સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન" કોન્ફરન્સનો આજે સુરતમાં ભવ્ય પ્રારંભ થયો હતો. સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે માનનીય પ્રધાનમંત્રી દ્વારા આપવામાં આવેલ આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) નાં બુલંદ આહ્વાન હેઠળ, આ કાર્યક્રમનું આયોજન ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA), સુરત સ્માર્ટ સિટી તથા સુરત મહાનગરપાલિકા સાથે કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપ સિંહ પુરી મુખ્ય અતિથિ હતા. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો સંદેશ દ્વારા સભાને સંબોધી હતી. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોર, કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રી શ્રી વિનોદ મોરાડિયા, આંધ્ર પ્રદેશના શિક્ષણ મંત્રી ડૉ. ઓડીમુલાપુ સુરેશ, સાંસદ શ્રી સી.આર. પાટીલ, અને સુરતનાં મેયર શ્રીમતી હેમાલી કલ્પેશકુમાર બોઘાવાલાએ ઉદ્ઘાટન સત્રમાં ભાગ લીધો હતો.

કેન્દ્ર અને રાજ્ય સરકારમાંથી તમામ મહત્વના શહેરી હિતધારકો આ કાર્યક્રમમાં જોડાયા હતા જેમાં અન્યોની સાથે, સચિવ, MoHUA શ્રી મનોજ જોષી, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો, શહેરોના મ્યુનિસિપલ કમિશનરો, 100 સ્માર્ટ સિટીના MD/CEO, રાજ્ય સ્તરીય નોડલ એજન્સીઓ/મિશન ડિરેક્ટોરેટ, વ્યાવસાયિકો, ઉદ્યોગના પ્રતિનિધિઓ, મીડિયા અને એકેડેમીયાના સભ્યોએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં 100 સ્માર્ટ સિટીઝમાં અમલમાં મૂકાઇ રહેલી કેટલીક મહત્વપૂર્ણ પહેલ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ઉદ્ઘાટન દરમિયાન એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ કોન્ટેસ્ટ (ISAC) 2020 ના એવોર્ડ વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કારોની જાહેરાત અગાઉ 2021 માં વર્ચ્યુઅલ કોન્ફરન્સ દ્વારા કરવામાં આવી હતી. જો કે, તે સમયે પ્રવર્તમાન COVID-19 પરિસ્થિતિને કારણે એવોર્ડ વિતરણ સમારોહ મોકૂફ રાખવામાં આવ્યો હતો. સુરત અને ઈન્દોરને બેસ્ટ સિટીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો જ્યારે ઉત્તર પ્રદેશને બેસ્ટ સ્ટેટનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. સુરત સ્માર્ટ સિટીને સ્માર્ટ સિટી મિશન અંતર્ગત "Best Performance" બદલ સતત 3 વર્ષથી "City Award" પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત સુરત શહેરને નીચેનાં પ્રોજેક્ટ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

1. 'Maximum Mobility with Minimum Resources through Dynamic Scheduling' under 'Urban Mobility' category
2. 'Integrated and Sustainable Water Supply System in Surat City' under 'Water' category
3. 'Street for People - Development of Canal Corridor (Anuvratdwar Junction to Jamanaba Park)' under 'Built Environment' category
4. 'Tertiary Treatment Plant - Conservation of natural resources & making system self sustainable through sell of Treated Waste Water' under 'Sanitation' category




આ ઈવેન્ટમાં 'ઇઝ ઓફ લિવિંગ', 'મ્યુનિસિપલ પરફોર્મન્સ ઈન્ડેક્સ', 'ડેટા મેચ્યોરિટી અને ક્લાઈમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક સહિત અર્બન આઉટકમ્સ ફ્રેમવર્ક 2022નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. મંત્રાલયનું સંકલિત ડેટા પોર્ટલ AMPLIFI, જે ભારતીય શહેરો વિશે મૂલ્યવાન ડેટા પ્રદાન કરશે, એનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો.વધુમાં, સ્માર્ટ સિટીઝ મિશનએ ઇવેન્ટ દરમિયાન GMISમાં આઉટકમ આઉટપુટ મેનેજમેન્ટ ફ્રેમવર્ક (OOMF) ડેશબોર્ડ સાથે એક સર્વગ્રાહી ડેશબોર્ડ પણ લોન્ચ કર્યું હતું.

'સ્માર્ટ સિટીઝ સ્માર્ટ અર્બનાઇઝેશન' મેગા કોન્કલેવના પ્રથમ દિવસે વિવિધ ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, દેશભરમાંથી નોંધાયેલા 1000 થી વધુ સહભાગીઓ માટે 5 થીમ્સ જેમ કે જાહેર સ્થળોની પુનઃકલ્પના, ડિજિટલ ગવર્નન્સ, ક્લાઈમેટ સ્માર્ટ સિટીઝ, ઇનોવેશન અને સ્માર્ટ ફાઇનાન્સ પર પ્રખ્યાત વક્તાઓ સાથે ઇન્ટરએક્શન તેમજ લર્નિંગ્સ ગોઠવવામાં આવ્યું હતું. મહાનુભાવોએ સ્થળ પર પ્રદર્શિત પાંચ થીમ આધારિત પેવેલિયનની મુલાકાત લીધી હતી. આ પાંચ થીમ્સ સ્માર્ટ સિટીઝમાં વિકસિત થઈ રહેલા શહેરી પ્રોજેક્ટ્સની વિવિધતા દર્શાવે છે.

*" આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ આપણને આ પડકારોને અવસરમાં ફેરવવામાં સંસ્કાર આપ્યા છે. ગુજરાતમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદ કરાયેલ ૬ શહેરોમાં ૧૩ હજાર જેટલા કરોડનાં વિવિધ  પ્રકલ્પો કાર્યરત કર્યા છે. શહેરી સુખાકારીમાં  સતત વૃધ્ધિ સાથે આપણે ઇઝ ઓફ લીવિંગ ને પણ વધારવા આપણે અવિરત  પ્રયાસો કરી રહ્યા છીએ તેમણે ઇવેન્ટની સફળતા માટે શુભેચ્છા પાઠવેલ "*

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી , ગુજરાત સરકાર**

*"સ્માર્ટ સિટી મિશનમાં લગભગ તમામ સરકારી ભંડોળના પ્રોજેક્ટ્સમાં કામ શરૂ થઈ ગયું છે, અને SCM હેઠળના પ્રોજેક્ટ્સ આવતા વર્ષ સુધીમાં પૂર્ણ થશે. સ્માર્ટ સિટીઝમાંથી 80માં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર છે અને બાકીના 20 આ વર્ષે 15મી ઓગસ્ટ સુધીમાં કાર્યરત થઈ જશે. સ્માર્ટ સિટીઝની પસંદગી હિતધારકો સાથે પરામર્શ દ્વારા કરવામાં આવી હતી, અને કોવિડ સંબંધિત વિક્ષેપો હોવા છતાં, મિશન હેઠળ અમલમાં મૂકાયેલા પ્રોજેક્ટ્સ સરકારી યોજનાઓમાં સૌથી ઝડપી છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સની સફળતાની નિર્ણયાત્મક અસર જોવા મળી રહી છે. શીખવાના અનુભવોનું આદાન-પ્રદાન, અને વધુ સારી કામગીરી કરનારાઓની કદર સ્માર્ટ સિટીઝને જન આંદોલનમાં ફેરવવામાં ઘણાં ઉપયોગી થશે. ચાલો આપણે SCM સિદ્ધિઓની પ્રતિકૃતિ કરવા માટે એક ડગલું માંડીએ, જેથી તે લોકોની કલ્પનાને આકર્ષિત કરે અને તે એક જન આંદોલન બની જાય."*

**શ્રી હરદીપ સિંહ પુરી, મંત્રી, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર**

" પહેલા સુરત ગંદા શહેર તરીકે ઓળખાતું  નાની શેરી હતી ખુલ્લી ગટર હતી જે હવે બદલાવ આવ્યો છે હવે ક્યાય ખુલ્લી ગટર જોવા મળતી નથી રસ્તાઓ પહોળા છે અને ઈન્દોર ને પાછાડી દેશના સ્વચ્છ શહેર તરીકે બિરૂદ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. સુરતના વિકાસમાં શ્રી એસ. આર. રાવ થી લઈને તમામ કમિશ્નરોનો સિંહ ફાળો રહ્યો છે. ૨૯ વર્ષથી સુરત

મહાનગરપાલિકા માં ભાજપ નું શાસન રહ્યું છે. અધિકારીઓ સાથે આવ્યા ને બદલે સંકલનથી કામ કરી સુરતનો વિકાસ તથા સુરતને બદલવામાં નાગરિકોનો સિંહ ફાળો રહ્યો છે.

**શ્રી સી. આર. પાટીલ, સાંસદશ્રી, ભારત સરકાર**

*" આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી નાં નેતૃત્વમાં ભારતનો વિકાસ વધવાની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ વધારો થયેલ જેના કારણે શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુવ્યવસ્થિત રાખવાની પડકારો આવેલ જેનાં માટે શરૂ કરવામાં આવેલ છે સ્માર્ટ સિટી મિશન સુરત શહેરમાં બુલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. હે આજે રોજગાર તમ આપી રહ્યું છે સાથો સાથ બુલેટ ટ્રેનનું કામ પૂર્ણ થતા ઉદ્યોગ અને વ્યાપાર ની ઉન્નતી થશે .*

**શ્રી દર્શનાબેન જરદોશ સાંસદ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ભારત સરકાર**

*" આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી નાં નેતૃત્વમાં ભારતનો વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે તેમજ પ્રગતિ ની રાહ પર છે. અંદાજિત વર્ષ ૨૦૩૦ સુધી આપણી જનસખ્યાનો ૪૦ ટકા હિસ્સો શહેરી થઇ જશે. આવી પરિસ્થિતિમાં શહેરો માં નાગરિકો માટેની વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવા માટે સ્માર્ટ મિશનની શરૂઆત કરવામાં આવી છે .*

**શ્રી વિનુભાઈ મોરડિયા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રાલય, ગુજરાત સરકાર**

" આઝાદી કા અમૃત મહોત્સવ નાં ભાગ રૂપે "સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન" નું આયોજન સુરત શહેરમાં કરવામાં આવ્યું એ તમામ સુરતા વાસીઓ માટે ગૌરવની વાત છે. સુરત મહાનગર પાલિકા પોતાના સ્પેક સેન્ટરથી નાગરિકોને ઈ ગવર્નન્સની સુવિધા આપી રહ્યું છે. દેશમાં સૌ પ્રથમ પદયાત્રીઓ માટેની પોલીસી લાગુ કરી લોકોના સ્વાસ્થ્ય તેમજ પર્યાવરણની સુરક્ષા માટે શહેરમાં નવી ફૂટપાથ તેમજ ૭૫ કિલોમીટર લાંબા સાઈકલ ટ્રેકનું નિર્માણકરવામાં આવેલ છે તથા નાગરીકો માટે ૭૮ હજાર નવા આવાસો બનાવવામાં આવેલ છે જેને કારને સુરત આજે સ્લમ ફ્રી સિટી બનવા જઈરહ્યું છે.

**શ્રી હેમાલી બોઘાવાલા, મેયરશ્રી, સુરત મહાનગરપાલિકા**

*"આજે, સ્માર્ટ સિટીઝ મિશન હેઠળ વિકસિત થયેલા પ્રોજેક્ટ્સે આપણા શહેરોને સશક્ત બનાવ્યા છે. સ્માર્ટ સિટીઓએ માત્ર સ્વચ્છતા અને ટેકનોલોજિકલ પાસાઓ પર જ ભાર મૂકવો જોઈએ નહીં, પરંતુ લોકોને મૂળભૂત સુવિધાઓ અને રોજગારીની તકો પૂરી પાડીને તેમના સર્વાંગી વિકાસ તરફ દોરી જવું જોઈએ. તમામ સ્માર્ટ સિટીઝ આલ્કોહોલ-ફ્રી, ડ્રગ-ફ્રી અને સ્મોક-ફ્રી હોવા જોઈએ અને આખા દેશ માટે આ પ્રયાસ હોવો જોઈએ."*

**શ્રી કૌશલ કિશોર, રાજ્ય મંત્રી, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર**

*"શહેરી વિકાસ એ એક વિશાળ અને જટિલ વિષય છે અને સ્માર્ટ સિટીઝ મિશન 100 સ્માર્ટ સિટીમાંઝ આ પ્રોજેક્ટ્સના વિવિધ મુદ્દાઓને સંબોધિત કરી રહ્યું છે."*

**શ્રી મનોજ જોષી, સચિવ, MoHUA**

## <u>કોન્ફરન્સ દરમિયાન મુખ્ય શુભારંભ/જાહેરાતો</u>

**'અમારો પાડોશ'નું ઉદ્ઘાટન:**

સ્માર્ટ સિટીઝ મિશન અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને **SIECC** સ્થળ પર પાર્ક, આંગણવાડી, જાહેર આરોગ્ય કેન્દ્ર, મ્યુનિસિપલ સ્કૂલ, સાયકલ સ્ટેન્ડ સાથેનું બસ સ્ટોપ, ફૂડ પ્લાઝા, **EV** ચાર્જિંગ સ્ટેશન અને હેન્ડલૂમની દુકાન જેવી જાહેર સુવિધાઓ સાથે **30,000** ચોરસ ફૂટનો અસ્થાયી, વિશાળ કદનો પડોશવિસ્તાર બનાવ્યો છે. કેન્દ્રીય મંત્રી શ્રી હરદીપ સિંહ પુરીએ પડોશ વિસ્તારનું ઉદ્ઘાટન કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય ઇવેન્ટમાં ભાગ લેનારા સહભાગીઓને 'અનુભવ કરીને શીખવાની' તક પૂરી પાડવાનો છે. શહેરી આયોજન અને ડિઝાઇન, આર્કિટેક્ચર, લેન્ડસ્કેપ ડિઝાઇન, ટ્રાફિક અભ્યાસ અને સિવિલ એન્જિનિયરિંગમાં નિપુણતા ધરાવતા વ્યાવસાયિકોનાં મિશ્રણ દ્વારા પડોશ એક અઠવાડિયામાં બનાવવામાં આવ્યો હતો.

**સ્માર્ટ સિટીઝ મિશન અને વર્લ્ડ ઇકોનોમિક ફોરમ વચ્ચેની ભાગીદારીમાં 'શહેરી પરિવર્તન પર સહયોગ માટે વર્ચ્યુઅલ હબ'ની શરૂઆત.**

જટિલ શહેરી પડકારોને ઉકેલવા માટે, શહેરોને સરકારો, ઉદ્યોગો, શિક્ષણવિદો અને નાગરિક સમાજ – રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંનેમાં સહયોગી પગલાંની જરૂર છે. સ્માર્ટ સિટીઝ મિશન અને વર્લ્ડ ઇકોનોમિક ફોરમે 'શહેરી પરિવર્તન પર સહયોગ માટે વર્ચ્યુઅલ હબ' સ્થાપવા માટે હાથ મિલાવ્યા છે. આ હબ ભારતીય શહેરોને ટકાઉ, સમાવિષ્ટ અને સ્થિતિસ્થાપક વૃદ્ધિના કેન્દ્રોમાં પરિવર્તિત કરવા માટે ઉભરતી તકનીકો અને નવીનતાઓનો લાભ લેશે.

**ડિજિટલ ગવર્નન્સ પેવેલિયન- ડેટા અને ડિજિટલ ટેક્નોલોજી વડે સમુદાયોનું સશક્તિકરણ**

ડેટા અને ડિજિટલ ટેક્નોલોજી દ્વારા સમુદાયોને સશક્ત બનાવતી વિવિધ પહેલને ઉજાગર કરવા માટે સ્માર્ટ સિટીઝ સ્માર્ટ અર્બનાઇઝેશન કોન્ફરન્સમાં 'ડિજિટલ દુનિયા' પેવેલિયનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. **100** સ્માર્ટ શહેરો દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પહેલ **ICT** હસ્તક્ષેપ દ્વારા સંચાલિત મજબૂત ઇકોસિસ્ટમના નિર્માણમાં દર્શાવવામાં આવી હતી. આ પેવેલિયનમાં 100

સ્માર્ટ શહેરો દ્વારા ગોઠવવામાં આવેલા/ હાથ ધરવામાં આવેલા સ્માર્ટ સોલ્યુશન્સની ડેટા પહેલ અને કેટલાક પ્રથમદર્શી અનુભવ રજૂ કરવામાં આવ્યા હતા. રીઅલ-ટાઇમ ડેટા, **AI/ML** કેસીઝ અને ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ અને ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર **(ICCC)** જેવા પ્લેટફોર્મના ઉપયોગ સાથે ડિજિટલ ગવર્નન્સમાંથી સ્વીકૃત લાભો દર્શાવવા માટે ઇન્ટરેક્ટિવ વર્કશોપ અને સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના **SMAC ICCC**નું લાઈવ ફીડ અને મિશનની વિવિધ **ICT** પહેલોની વર્ચ્યુઅલ રિયાલિટી ટૂર પેવેલિયનની મુખ્ય વિશેષતા હતી.

**અર્બન આઉટકમ ફ્રેમવર્ક 2022, શહેરો માટે AI પ્લેબુક અને AMPLIFI પોર્ટલનું લોન્ચિંગ** સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા અર્બન આઉટકમ ફ્રેમવર્ક **2022**, શહેરો માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્લેબુક અને **AMPLIFI** – એસેસમેન્ટ એન્ડ મોનિટરિંગ પ્લેટફોર્મ ફોર લિવેબલ, ઇન્કલુઝિવ એન્ડ ફ્યુચર-રેડી અર્બન ઇન્ડિયા માટે મૂલ્યાંકન અને મોનિટરિંગ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું જે **MoHUA**નું સંકલિત ડેટા પોર્ટલ છે. આ પહેલોએ સરકારી એજન્સીઓ, ખાનગી ક્ષેત્રના સાહસો, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંસ્થાઓ, વ્યવસાયો, સ્ટાર્ટ-અપ્સ, નાગરિક સમાજ વગેરે સહિત વિવિધ પૃષ્ઠભૂમિના લોકોની સામેલગીરીમાં વધારો કર્યો છે. આ વિચાર એક એવું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જે જટિલ શહેરી સમસ્યાઓને સંબોધતા ડેટાના ઉપયોગને બનાવવાનું અને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું તેની પર્યાપ્ત તકો પ્રદાન કરે છે.

**AI** પ્લેબુક એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સોલ્યુશન્સનાં અમલીકરણ માટેની માર્ગદર્શિકા છે જેને શહેરો જટિલ શહેરી સમસ્યાઓ ઉકેલવા માટે તૈનાત કરી શકે છે. વધુમાં, શહેરી ક્ષેત્રમાં સફળતાપૂર્વક અમલમાં મુકાયેલા **AI** ઉપયોગના કિસ્સાઓનું સંકલન પણ આ કાર્યક્રમમાં બહાર પાડવામાં આવ્યું હતું. આ સંસાધનો અત્યંત ઉપયોગી થશે, માત્ર **100** સ્માર્ટ સિટીઝ માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં અન્ય શહેરો પણ અપનાવી શકે છે જેનાથી સ્માર્ટ સિટીઝ મિશનથી ચળવળ બનશે.

આ પ્રયાસો ડેટા અને ટેક્નોલોજી ક્ષેત્રે સ્માર્ટ સિટીઝ મિશનની અગાઉની પહેલો જેવી કે ડેટા મેચ્યોરિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક, આઈસીસીસી મેચ્યોરિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક, ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ, ડેટા સ્માર્ટ સિટીઝ, નેશનલ અર્બન ડિજિટલ મિશન અને ઈન્ડિયા અર્બન ઓબ્ઝર્વેટરીના સાતત્યતામાં છે.

## ઇનોવેશન બજાર પેવેલિયન - સામાજિક મુદ્દાઓની વ્યાખ્યા અને નિરાકરણ

ભારતીય શહેરોને સ્થિતિસ્થાપક બનાવવા માટે માનનીય પ્રધાનમંત્રીનાં બુલંદ આહ્વાનને આગળ વધારતા, સ્માર્ટ સિટીઝ મિશન ખાતેના ઇનોવેશન પ્રોગ્રામે સ્માર્ટ શહેરો અને સ્ટાર્ટઅપ્સ વચ્ચેના વિભાજનને દૂર કરવા માટે હરણફાળ ભરી છે. કોન્ફરન્સમાં ઇનોવેશન બજાર પેવેલિયનમાં શહેરી પડકારો માટે અત્યાધુનિક ઉકેલો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, અને અસંખ્ય પ્રવૃત્તિઓ દ્વારા, નિષ્ણાત સંવાદો અને જીવંત પ્રયોગશાળાઓની ગોઠવણીએ મુલાકાતીઓને શહેરી નવીનતામાં પરિવર્તનશીલ અનુભવ પ્રદાન કર્યો હતો. કેટલાક સ્ટાર્ટઅપ્સે પેવેલિયનમાં તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું.

ક્લાઈમેટ સ્માર્ટ સિટીઝ પેવેલિયન - શહેરોમાં આબોહવાનાં પગલાં બનાવવા માટે
કાર્ડ, એક પેવેલિયન, એક પ્રાયોગિક પ્લેટફોર્મ છે જે 7 કેસ ક્લિનિક્સ, 4 દાતા મીટ, ઇન્ટરેક્ટિવ ગેમિંગ, ઇન્ટરેક્ટિવ ડેટા વોલ, ફોટો-પ્રદર્શન અને ઘણું બધું ધરાવે છે. આ પેવેલિયન શહેરના નેતાઓ અને સ્થાનિક પરિવર્તન લાવનારાઓ માટે ઈરાદા સાથેમ પુનરાવર્તિત અને ક્રિયા લક્ષી સ્વરૂપમાં બે દિવસની અત્યાધુનિક ઇવેન્ટ્સનું વચન આપે છે.

સ્માર્ટ ફાઇનાન્સ પેવેલિયન- દેશની સંપત્તિના ડ્રાઇવર્સ તરીકે
'ફાઇનાન્સ કા અડ્ડા' નામનું સ્માર્ટ ફાઇનાન્સ પેવેલિયન શહેરી ફાઇનાન્સમાં નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે શહેરોને આવકના ન મેળવાયેલાં સ્રોતોને ઓળખવામાં મદદ કરે છે. પેવેલિયન સ્માર્ટ સિટીઝ મિશનના **20**થી વધુ સફળ અને નવીન **PPP** પ્રોજેક્ટ્સનું પ્રદર્શન દર્શાવે છે, **MUNIFY** સાથેનો એક વિભાગ (જ્યાં **ULB**ઓ તેમના બજેટ અને નાણાંકીય વિહંગાવલોકન જાણી શકે છે), ઈન્વેસ્ટ ઈન્ડિયા ગ્રીડ વિભાગ, નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (**NIP**) અને આઉટપુટ અને આઉટકમ મોનિટરિંગ ફ્રેમવર્ક (**OOMF**) ક્લિનિક. **29** વૈશ્વિક/રાષ્ટ્રીય નિષ્ણાતો પેવેલિયનમાં વિવિધ શહેરી નાણાકીય મુદ્દાઓ પર વાત કરશે.

સ્માર્ટ સિટીઝ મિશન 25મી જૂન, 2015ના રોજ ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તે શહેરી કાયાકલ્પ માટેના સ્વપ્નદ્રષ્ટા એજન્ડાનો એક ભાગ છે અને શહેરોમાં વસતા ભારતના 40% લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બહુ-સ્તરીય વ્યૂહરચનાના ભાગ રૂપે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

# પ્રેસનોટ

સુરત, 19 એપ્રિલ 2022

**"સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન" કોન્ફરન્સનો આજે સુરતમાં બીજો દિવસ**

આજ રોજ ઇવેન્ટના બીજા દિવસે પણ દેશભરમાંથી 100 સ્માર્ટ સિટીઝ જોડાયાં હતા. આજરોજ સ્માર્ટ સીટીઝની 5 અલગ અલગ થીમ (1) ડિજીટલ દુનિયા, (2) ઇનોવેશન બાઝાર, (3) ક્લાઇમેટ કાફે, (4) ફાયનાન્સ કા અડ્ડા, (5) આપણો પાડોશ પર ચર્ચા, પર પ્રદર્શન તેમજ વિષય નિષ્ણાંતો દ્વારા ચર્ચા કરવામાં આવેલ તેમજ Climate Cities Assessment Framework (CSCAF) 2.0 અંતર્ગત સુરત શહેરને દેશના તમામ શહેરોમાં પ્રથમ ક્રમાંક મેળવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

Climate Smart Cities Assessment Framework (CSCAF) 2.0 માં Energy & Green Building, Urban Planning, Green Cover & Biodiversity, Mobility & Air Quality, Water Management તેમજ Waste Management જેવા મુખ્ય ઘટકો અંતર્ગત શહેરોમાં થયેલ કામગીરીના 30 અલગ અલગ મુદ્દાઓ પર માહિતી એકત્રિત કરી તેના આધારે મુલ્યાંકન કરવામાં આવે છે.

તમામ 100 સ્માર્ટ સીટીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીઓથી જનતાને અવગત કરવા સદર કોન્ફરન્સને આવતીકાલે જાહેર જનતા માટે સવારે 10:00 થી સાંજે 05:00 સુધી ખુલ્લુ રાખવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ તરફથી સાદર સમાચાર યાદી નં.૨૦,
તા.૧૯/૦૪/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ના નાણાંકીય વર્ષમાં તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં અગાઉના નાણાંકીય વર્ષના મિલકતવેરા તમામ યુઝર ચાર્જ અને શિક્ષણ વેરા સહિત પુરેપુરો ભરપાઈ કરવામાં આવેથી એટલે કે સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે વર્ષ ૨૦૨૧–૨૨ સુધીનો પાછલો તેમજ ચાલુ તમામ વેરો પુરેપુરો ભરપાઈ કરવામાં આવે તો નીચે મુજબની પ્રોત્સાહક યોજના આપવામાં આવેલ.

(અ) રહેણાંક મિલકતો માટે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૧૦૦% રાહત.

(બ) બિનરહેણાંક મિલકતો માટે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૫૦% રાહત.

ઉપરોકત યોજના હેઠળ ૯૮,૨૮૮ કરદાતાઓને રૂ.૨૫.૫૧ કરોડનો લાભ આપવામાં આવેલ, પરંતુ હજુ સુધી ૨,૬૨,૨૪૬ કરદાતાઓ દ્વારા રૂ.૧૧૮ કરોડનું વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં મળનાર રાહતનો લાભ લીધેલ ન હોય, જેથી સદર યોજના તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે. કોઈક કારણસર આપને વેરાબીલ મળેલ ન હોય તો આપના વિસ્તારની ઝોન કચેરીમાં આકારણી અને વસુલાત વિભાગનો રૂબરૂ સંપર્ક કરી બીલ અંગેની માહિતી મેળવી અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ **<u>www.suratmunicipal.gov.in</u>** ઉપરથી બીલની નકલ મેળવી તાકીદે વેરાબીલ ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં **<u>સને:૨૦૨૨–૨૩</u>** ના વર્ષનાં અંદાજપત્રમાં કરેલ જોગવાઈઓ અનુસાર, જે કરદાતાઓ સને ૨૦૨૨–૨૩નાં વર્ષનો તમામ મિલ્કત વેરો અગાઉની તમામ પાછલી બાકી સહિત પૂરેપૂરો ચુકવી આપશે તો તેઓને માટે એપ્રિલ–૨૦૨૨ દરમ્યાન ચુકવણીનાં પ્રસંગે ચાલુ વર્ષના સામાન્ય વેરા (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૧૦% નાં દરે અને માટે મે–૨૦૨૨ દરમ્યાન ચુકવણીનાં પ્રસંગે ચાલુ વર્ષના સામાન્ય વેરા (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૦% નાં દરે રીબેટ (વળતર) આપવામાં આવશે. શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યક્તિ તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧/૦૩/૨૦૨૨ નાં રોજ " સીનીયર સીટીઝન " તરીકેનો દરજ્જો ધરાવતાં હશે અને તા.૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં સીનીયર સીટીઝન તરીકેના જરૂરી પુરાવા સાથે અરજી કરશે તેમજ સને ૨૦૨૨–૨૩નાં વર્ષના બીલ મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાઓ તથા શિક્ષણ ઉપકર સહિતનો પુરેપુરો વેરો ભરપાઈ કરશે તો **તેઓની કોઈ પણ એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલકત કરના ૧૦% વળતર (રીબેટ) આપવામાં આવશે.**

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in માં ઓનલાઈન કરી ઈ–પેમેન્ટ કરી શકશો.

ઉપરોકત પ્રોત્સાહક યોજનાનો લાભ લેવાની અંતિમ તક હોય તમામ કરદાતાઓને યોજનાનો મહત્તમ લાભ લેવા તેમજ વર્ષ ૨૦૨૨–૨૩નો એડવાન્સ વેરો ભરી રીબેટનો લાભ લેવા અનુરોધ છે.

**જનસંપર્ક વિભાગ ,**
**સુરત મહાનગરપાલિકાન તરફથી**
**સાદર સમાચાર યાદી નં. ૨૧, તા. ૨૦/૦૪/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ક્ષય નિયંત્રણ વિભાગ તથા કિરણ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે તા.૨૧/૦૪/૨૦૨૨ ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનાં અધ્યક્ષપણાં હેઠળ કુલ–૫૦૦ ટીબીનાં દર્દીઓને દત્તક લેવાનો કાર્યક્રમ તથા પ્રોટીનયુકત ન્યુટ્રીશનલ કીટ વિતરણનાં કાર્યક્રમનું આયોજન "૧૩ મો માળ, ઓડિટોરિયમ,કિરણ હોસ્પિટલ,સુરત ખાતે કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૨૨,તા.૨૦/૦૪/૨૦૨૨**

# **પ્રેસનોટ**

તા.૨૦/૦૪/૨૦૨૨

શહેરી વિસ્તારોમાં પરીવહન માટે જે વાહનોનો ઉપયોગ થાય છે તેમાંથી સાયકલ સૌથી ઓછુ પ્રદુષણ કરનાર અને ઈકોનોમીકલ વાહન છે. હાલમાં કરવામાં આવેલ એક સર્વે ઉપરથી એવું જણાયેલ છે કે COVID-19 ના પેન્ડેમીક પછી સાયકલના ઉપયોગમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. શહેરી પરીવહનમાં સાયકલનો ઉપયોગ વધે તો પ્રદુષણ, ટ્રાફિક જામ વિગેરે જેવી ઘણી બધી સમસ્યાઓને ઓછી કરવામાં મદદરૂપ થઈ શકે છે. શહેરી વિસ્તારમાં સાયકલનો ઉપયોગ વધારવાના હેતુથી સરકારશ્રીના જુદા–જુદા વિભાગો દ્વારા નિરંતર પ્રયત્નો કરવામાં આવે છે. કેન્દ્ર સરકારશ્રીના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય (MOHUA) દ્વારા ઘોષ્ણા કરવામાં આવેલ નેશનલ ચેલેન્જમાં સુરત દ્વારા ઉમેદવારી નોંધાવેલ છે. જે અંતર્ગત સુરત શહેરમાં જુદા–જુદા તબક્કે ૮૦ કી.મી.ના સાયકલ ટ્રેક બનાવવામાં આવેલ છે. શહેરીજનોને સાયકલ ઉપયોગ માટે પડતી મુશ્કેલીઓ દુર કરી વધુને વધુ લોકો સાયકલનો ઉપયોગ કરે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત આજ રોજ સ્માર્ટ સીટીઝ, સ્માર્ટ અર્બનાઈઝેશન કોન્ફરન્સના બીજા દિવસે સરસાણા કન્વેશન સેન્ટર ખાતે, શ્રી કુનાલકુમાર(જોઈન્ટ સેક્રેટરી–સ્માર્ટ સીટી મિશન), શ્રી રાહુલ કપુર (ડિરેક્ટર–સ્માર્ટ સીટી મિશન), મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ, સ્થાયી સમિતિશ્રીના ચેરમેનશ્રી પરેશભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી બંછાનિધિ પાની અને ITDP(Institute for Transportation & Development Policy) India Programme સાઉથ એશિયા ડિરેક્ટર શ્રીમતિ અશ્વથી દિલીપની વચ્ચે Sustainable Transport તથા સુરતને સાયકલીંગ તથા વોકીંગ ફ્રેન્ડલી સીટી બનાવવા માટે MoU (Memorandum of Undertaking) કરવામાં આવેલ છે. ITDP એક આંતરરાષ્ટ્રીય બીન લાભકારી સહકારી સંસ્થા છે જે પર્યાવરણની દ્રષ્ટિની જાહેર પરિવહનના વધુ ઉપયોગ માટે કાર્યરત છે. ITDP ઘણા વર્ષોથી Urban Mobility Plan, Bus Based Urban Transport System, Multi Model Integration, Walking & Cycling Infrastrucure, Parking Management, Transit Oriented Development અને Sustainable Transport Polices ના વિકાસ માટે વિશ્વભરમાં જાહેર એજન્સીઓ અને સંસ્થાઓને તકનીકી સહાય પુરી પાડે છે. આગામી દિવસોમાં, ITDP દ્વારા સુરત મહાનગરપાલિકાને Sustainable Transport તથા સાયકલીંગ અને વોકીંગ ફ્રેન્ડલી સીટી બનાવવા માટે સહાય પુરી પાડવામાં આવશે.

જનસંપર્ક વિભાગ તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૩,
તા.૨૦ ૦૪ ૨૦૨૨




Surat2022
Smart Cities
Urbanization
18
April 2022







# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા ક્ષય નિયંત્રણ વિભાગ તથા કિરણ હોસ્પિટલનાં સંયુકત ઉપક્રમે તા :– ૨૧/૦૪/૨૦૨૨ ગુરૂવારના રોજ  રોજ સવારે ૧૧:૦૦ કલાકે મા. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનાં અધ્યક્ષપણા હેઠળ કુલ – ૫૦૦ ટીબીનાં દર્દીઓને દત્તક લેવાનો કાર્યક્રમ જે **<u>અનિવાર્ય કારણોસર મોકૂફ રાખવામા આવેલ છે</u>**. જેની નોંધ લેવા વિનંતી .

જનસંપર્ક વિભાગ તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૪,તા.૨૧/૦૪/૨૦૨૨

:: પ્રેસનોટ ::

સુરત, ૨૧ એપ્રિલ ૨૦૨૨

## "સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઈઝેશન" કોન્ફરન્સના ત્રીજા દિવસે "એકતા સફર"

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારશ્રી દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" (AKAM)ની ઉજવણી કરવામાં આવી રહી છે. અને મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (M0HUA) દ્વારા સુરત શહેર ખાતે તા.૧૮ થી ૨૦ એપ્રિલ ૨૦૨૨ દરમ્યાન "સ્માર્ટ સીટીઝ સ્માર્ટ અર્બનાઝેશન કોન્ફરન્સનું આયોજન સુરત સરસાણા ખાતે આવેલ કન્વેન્શન સેન્ટર ખાતે કરવામાં આવેલ. તા.૧૮ એપ્રિલ ૨૦૨૨થી પ્રારંભ થયેલ ૩ દિવસીય "સ્માર્ટ સીટીઝ સ્માર્ટ અર્બનાઈઝેશન" કોન્ફરન્સમાં કેન્દ્ર અને રાજય સરકારમાંથી તમામ મહત્વના શહેરી હિતધારકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. જેમાં ૧૦૦ સ્માર્ટ સીટીઝમાં અમલમાં મુકાઈ રહેલી કેટલીક મહત્વપૂર્ણ પહેલ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા સરસાણા ખાતે આયોજીત તમામ ૧૦૦ સ્માર્ટ સીટીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીઓથી શહેરની જનતાને અવગત કરવા આ કોન્ફરન્સને જાહેર જનતા માટે બે દિવસ ખુલ્લુ રાખવામાં આવ્યું હતું.

તા.૨૦ એપ્રિલ ૨૦૨૨ના કોન્ફરન્સના ત્રીજા દિવસે ડેલીગેટસ માટે કેસ્ટલ ડ્રાઈવ : ડુમસ વોકવે અને સુરતનો કિલ્લો, સ્માર્ટ રાઈડ :– બીઆરટીએસ સ્ટેશન, અટલ ઈનોવેશન સેન્ટર સુરત આઈ–લેબ, ડાયનામિક બસ શિડયુલ એસ એસએમએસી સેન્ટર, ઈન્ફ્રા વોક :– સુરત આઈકોનિક રોડ, સ્માર્ટ અફોર્ડેબલ હાઉસીંગ ડ્રીમ સીટી, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, નેચર ટ્રેક :– સુરત કેનલ પાથવે અને બાયો ડાયવર્સિટી પાર્ક અને એકતા સફર જેવા પાંચ અલગ અલગ થીમ આધારીત ફીલ્ડ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂટ પાંચ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગરના વિઝિટની ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત દેશના વિવિધ રાજયોની ૧૦૦ જેટલી સ્માર્ટ સિટીમાંથી આવેલ ડેલીગેટસ સુરત શહેરના વિવિધ પ્રોજેકટ જોયા હતા. જયારે સૌથી વધુ ડેલીગેટસ "એકતા સફર"– સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે વિઝીટ લેવા ગયા હતા. આ "એકતા સફર"માં વિવિધ સ્માર્ટ સિટીના આશરે ૧૪૪ થી વધુ અધિકારીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના વ્યુઈંગ ગેલરી, મ્યુઝિયમ, લાયબ્રેરી, ફિલ્મ શો, આરોગ્ય વન, એકતા મોલ જેવા વિવિધ આકર્ષણોની મુલાકાત લઈ મંત્રમુગ્ધ થયા હતા.

આ મુલાકાત દરમ્યાન તેઓના ૩ દિવસના સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ મહેમાનગતી અને વ્યવસ્થાના અનુભવો વર્ણવ્યા હતા. જેમના પ્રતિસાદ નીચે મુજબ છે.

Ekta Safar was truly a memorable and learning experience for all of us...Thank you Surat Smart City and SMC for being such great hosts and taking good care of all the guests - Team Shimla Smart City

स्मार्ट सिटी,नगर निगम सूरत के अधिकारियों की मेहमान नवाजी उनकी सेवा भावना अतिथि देवो भव थीम रायपुर छत्तीसगढ़ के लिए यादगार है - Vivekanad Dube, Revenue Officer, Raipur
It was a great experience...loved the hospitality by Surat Municipal Corporation/Surat Smart City. - Tushar Kumar,Manager,- Bhagalpur Smart City
It was a wonderful experience. Trip to Ekta Nagar surely develops a feeling of patriotism in our minds apart from giving a glimpse of how our nationalistic leaders have carved out this nation. Words won't be able to describe the experience. However, I on behalf of Dharamshala Smart City Limited would like to thank SMC for organizing such a wonderful event.- Sanjiv Saini, ULB/ SPV, Dharamshala,

Urbanization program was very well arranged and executed.Great Memorable Event from Surat city.Thanks to Surat City Corporation & Surat Smart City team.- Gowtham Raju H. K & KUIDFC team ( State Level Nodal Agency ) from- Bangalore.

Smart Cities Smart Urbanization Conference event organised by SMC was excellent example of management. From arrival to departure planning and execution was best. Thematic sessions gave us exposure to wide learning. There was best use of technology in management specially smart Surat 2022 application created by smc. You also gave importance to quality food. I'm glad to tell that behaviour of SMC staff was very cordial, they took care of all delegates like guest. Thank you so much SMC & special thanks to ministry of housing and urban affairs Government of India for inviting us, I'm also to urban development department Government of Maharashtra for sending me to this event. - Madhav Khandekar,Chief officer, Municipal council Solapur district, Maharashtra.
Very well organised & planned.Very nice and timely arrangement of Transport, accommodation, Fooding etc. Loved the hospitality. Excellent team work. Thanks for your gesture. - Satish M, Chief Engineer, Davanagere Smart City Limited.

It was really very well planned and organized. Everything was taken care of during these days. From the Amritsar team, I wish to thank the entire SMC staff for such a wonderful experience and support.- Rajeev Giri, ULB/ SPV, Amritsar, Punjab.

ये एकदम जबरदस्त कार्यक्रम था। मेरी और मेरे संस्थान CRRID Chandigarh की और से Mayor साहिबा, Commisioner साब और सारे स्टाफ को हार्दिक शुभकामनाएं। आज की tour प्रबंधन टीम को विशेष बधाइयां जिन्होंने एक पवित्र आत्मा के दर्शन करवाये। आदरणीय मोदी भाई की भगवान लंबी उम्र करे जिन्होंने लौह पुरुष की प्रतिमा बनवायी। ये दुनिया के लिए नायाब तोहफा है। एक बार और बधाइयां - Dr Manoj Kumar Teotia from CRRID Chandigarh.

જનસંપર્ક વિભાગ તરફથી સાદર સમાચાર યાદી નં. ૨૬
તા.૨૧/૦૪/૨૦૨૨




vivo X60 · ZEISS · july pandya
Apr 20, 2022, 12:45





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ક્ષય નિયંત્રણ વિભાગ તથા કિરણ હોસ્પિટલના સૌજન્યથી તા.૨૨/૦૪/૨૦૨૨ શુક્રવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનાં અધ્યક્ષપણાં હેઠળ કુલ–૫૦૦ ટીબીનાં દર્દીઓને દત્તક લેવાનો કાર્યક્રમ અને પ્રોટીનયુકત ન્યુટ્રીશનલ કીટ વિતરણનાં કાર્યક્રમનું આયોજન "૧૩ મો માળ, ઓડિટોરિયમ,કિરણ હોસ્પિટલ,સુરત ખાતે રાખવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૨૭,તા.૨૧/૦૪/૨૦૨૨**

# પ્રેસનોટ

## ટીબી મુકત સુરતનાં ઉપક્રમે કિરણ હોસ્પિટલ, સુરત નાં સૌજન્યથી ટીબીનાં કુલ – ૫૦૦ પેશન્ટ દત્તક લેવાયા તથા ન્યુટ્રીશનલ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

કિરણ હોસ્પિટલનાં સૌજન્યથી તથા ચેરમેનશ્રી કિરણ હોસ્પિટલ પદમશ્રી મથુરભાઈ સવાણી દ્વારા આજ રોજ મા. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની અધ્યક્ષતા હેઠળ કુલ – ૫૦૦ ટીબીનાં દર્દીઓને દત્તક લેવા તથા પ્રોટીનયુકત ન્યુટ્રીશનલ કીટ વિતરણ કરવામાં આવી હતી. ઉપરોકત કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાનાં મ્યુ. કમિશનરશ્રી બંછાનીધી પાની (IAS), શ્રી પરેશભાઈ પટેલ (ચેરમેન – સ્ટેન્ડીંગ કમીટી), શ્રીમતી દર્શીનીબેન કોઠીયા (ચેરમેન – હેલ્થ કમીટી) શ્રી રાજુભાઈ જોળીયા (ચેરમેન – હોસ્પિટલ કમીટી) ડો. આશીષ નાયક, ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ), ડો. પ્રદિપ ઉમરીગર (આરોગ્ય અધિકારી), ડો. કે. એન. શેલડીયા (સીટી ટીબી ઓફિસર) તથા ડો. ભાવિન પટેલ (સીટી ટીબી ઓફિસર) હાજર રહયા હતા.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષ – ૨૦૨૧માં પબ્લીક નોટીફીકેશન – ૫૪૯૯, પ્રાઈવેટ નોટીફીકેશન – ૬૭૩૧ મળીને કુલ – ૧૨,૨૩૦/– ટીબી પેશન્ટ નોટીફીકેશન થયેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીશ્રી પ્રદિપ ઉમરીગર દ્વારા દરેક મહાનુભવોનું શબ્દો દ્વારા સ્વાગત કરેલ હતું તથા ટીબી એક ગંભીર રોગ છે જે માટેની દવાઓ સુરત મહાનગરપાલિકાનાં દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે વિનામુલ્યે ઉપલબ્ધ છે તથા ટીબીને લગતી દરેક ટેસ્ટ પણ વિનામુલ્યે ઉપલબ્ધ થાય છે તથા ટીબી નિયંત્રણ અંગેની સુરત મહાનગરપાલિકાની કામગીરી બાબત જાણકારી આપી હતી.

સુરત મહાનગરપાલિકાનાં કમિશનરશ્રી બંછાનીધી પાની (IAS) દ્વારા સુરત શહેરમાં ટીબીનાં રોગની નાબુદી માટે ઝડપી ટીબીનાં શંકાસ્પદ દર્દીઓની તપાસ થાય માટે આરોગ્ય વિભાગને સુચન આપેલ જે માટે ટીબીનાં દર્દીઓની સીબીનાટ, ટુનાટ ટેસ્ટ થાય તે જરૂરી છે તેમજ બહારનાં રાજય માંથી આવતા માઈગ્રન્ટ લોકોનું સ્ક્રીનીગ ઝડપથી થાય તેના ઉપર ભાર મુકયો હતો. તેમજ ટીબીનાં દર્દીઓને આવી રીતે દત્તક લેવામાં આવે તો ટીબી મુકત સુરતનું લક્ષ્યાંક આપણે પૂર્ણ કરી શકીએ તેમ જણાવી કિરણ હોસ્પિટલ તથા ચેરમેન પદમશ્રી મથુરભાઈ સવાણીનો આભાર માન્યો હતો.

સુરત મહાનગરપાલિકાનાં મા. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ મા. પ્રધાનમંત્રી શ્રી નેરન્દ્રભાઈ મોદીએ ટીબી રોગની નાબુદી માટે ૨૦૨૫ સુધીમાં કરેલ આહવાન પ્રમાણે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે. તે માટે આરોગ્ય વિભાગની ટીમ તેમજ પ્રાઈવેટ એનજીઓ તથા પ્રાઈવેટ ડોકટરોને ટીબી નાબુદી માટે પડતી મુશકેલીઓ માટે સુરત મહાનગરપાલિકા તમામ સુવિધાઓ માટે આરોગ્ય વિભાગ તત્પર રહેશે તેમજ સુરત શહેરનાં તમામ પોષણ યુકત આહાર મળી શકે તે માટે પ્રાઈવેટ એનજીઓ તેમજ સેવાભાવી સંસ્થાઓને તે માટે આગળ આવવા માટે આહવાન આપવામાં આવ્યું હતું તેમજ ટીબીનાં દર્દીઓને પૂરેપૂરો કોર્ષની દવા લેવા ઉપર ભાર મુકયો હતો.

કિરણ હોસ્પિટલનાં ચેરમેનશ્રી પદમશ્રી મથુરભાઈ સવાણીએ કોરોના કાળને યાદ કરીને સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ટીમને બિરદાવી હતી. તેમજ હાલનાં મહામહીમ ઉત્તર પ્રદેશનાં રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલનાં સુચન મુજબ કિરણ હોસ્પિટલ દ્વારા ૫૦૦ ટીબીનાં દર્દીઓને ૨૯ કિલો ગ્રામની હાઈ પ્રોટીન યુકત ન્યુટ્રીશનલ કીટ એનાયત કરી દત્તક લેવાનું બીડુ ઝડપી લીધેલ છે તેમજ તેમણે અન્ય સંસ્થાઓને પણ આગળ આવી સુરતને ટીબી મુકત કરવા જણાવ્યું હતું. કિરણ હોસ્પિટલ હંમેશા સામાન્ય લોકોનાં તમામ પ્રકારનાં લાભો આપવામાં મોખરે રહી છે તેમન વિનામુલ્યે લોહી પુરી પાડનારી દેશની પ્રથમ હોસ્પિટલ બની છે અને હંમેશા લોકોપયોગી કામ માટે આગળ રહેશે.

ટીબી સંપુર્ણ પણે મટી શકે તેવો રોગ છે તેમ છતા વિશ્વમાં સૌથી વધુ (૨૦%) ટીબીનાં કેસો ભારતમાં છે. તેનુ મુખ્ય કારણ સારવાર અધુરી છોડવાનું દર્દીનું વલણ છે. ટીબીની સારવાર દરમ્યાન દર્દી સારવાર પર ન આવે તો તેની ઘરની મુલાકાત કરી સારવાર શરૂ કરવામાં આવે છે અને દર્દી સાજો થાય ત્યાં સુધી તેની કાળજી પૂર્વક તથા લાગણી સભર માવજત કરવામાં આવે છે તથા જેને લીધે જ 'દર્દી દેવો ભવ' નું સુત્ર અત્રે પ્રસ્તુત છે અને દર્દીને સારા પોષ્ટીક ખોરાક માટે "નિક્ષય પોષણ યોજના" હેઠળ તેમના બેંક ખાતામાં દર મહિને રૂા. ૫૦૦/- જયાં સુધી સારવાર ચાલે ત્યાં સુધી આપવામાં આવે છે. જે મુજબ સુરત સીટીમાં ૨૦૧૮ થી અત્યાર સુધીમાં **કુલ રૂા. ૧૦ કરોડ** દર્દીનાં સીધા બેંક એકાઉન્ટમાં ચુકવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર પણ ટીબી નિયંત્રણ અર્થે ખુબ ચિંતીત છે જે અંગે તેઓએ ૨૦૨૫ સુધીમાં નિયંત્રણ અંગેના નવા લક્ષ્યાંક નકકી કરેલ છે. આ તબકકે તમામ નાગરીકો, સંસ્થાઓ તથા પ્રેસ પ્રતિનીધીને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ આ વર્ષનાં સુત્ર "Invest to End TB, Save Lives " ને સાર્થક કરવા તાકીદનાં ધોરણે આ ઝુંબેશમાં જોડાય અને ટીબીને કાબુ કરવા પ્રયત્નોમાં સહભાગી થાય.

સુરત મહાનગરપાલિકાનાં સીટી ટીબી ઓફિસર ડો. કે. એન. કોલડીયા દ્વારા સુરત મહાનગરપાલિકા વતી તમામનો આભાર માનવામાં આવ્યો તથા કિરણ હોસ્પિટલનાં ચેરમેન પદમશ્રી મથુરભાઈ સવાણીને "ટીબી હારેગા, દેશ જીતેગા" નો વિશિષ્ટ પ્રકારનાં મોમેન્ટો આપવામાં આવ્યો હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૮
તા. ૨૨/૦૪/૨૦૨૨





ટીબી મુક્ત સુરત - ટીબી મુક્ત ભારત
ટીબી પેશન્ટ દત્તક કાર્યક્રમ
ન્યુટ્રીશનલ કીટ વિતરણ સમારોહ
તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૨
:: સૌજન્ય ::
કિરણ હોસ્પિટલ

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

# વિશ્વ મેલેરિયા દિન ૨૫ એપ્રિલ

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિનની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટે શહેરનાં વિવિધ વિસ્તારોમાં લોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઈમારતો વિગેરે પર મચ્છરજન્યરોગોથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપવામાં આવેલ છે. વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, મેલેરિયા માટે હાઈરિસ્ક વિસ્તારોઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ તથા ઝોન વિસ્તારમાં રેલી નું આયોજન કરવામાં આવેલ.

મેલેરિયા નિયંત્રણ અને અટકાયતના પ્રયત્નોમાં વ્યાપક જનજાગૃતિ કેળવવાના ઉદેશથી વિશ્વ મેલેરિયા દિનના ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના એસ આઈ,એસ એસ આઈ, પ્રાયમરી હેલ્થ વર્કર, આશા વર્કર, આંગણવાડી વર્કર તા.૨૫/૦૪/૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન ગુજરાત સરકાર ધ્વારા સેટકોમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તેમા ભાગ લીધેલ હતો.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે **<u>તા.૨૫/૦૪/૨૨</u>** ના રોજ **<u>"વર્લ્ડ મેલેરીયા ડે"</u>** ની ઉજવણી કરવામાં આવેલ હતી તેમજ તમામ ઝોનમાં રેલીઓનું આયોજન કરવામાં આવેલ હતું.

**<u>"વર્લ્ડ મેલેરીયા ડે"</u>**અંતર્ગત સા—વેસ્ટઝોન માં કેપીટલ ગ્રીન્સમાં વર્લ્ડમેલેરીયા ડેનું આયોજન કરવામાં આવ્યું, તેમાં તમામ સોસાયટીના ૨૮૦ ફ્લેટર્સ અને તેમાં કામગીરી કરવા આવતા લગભગ ૩૦૦ લોકો હાજર હતા, સ્થાયી સમિતિના સભ્ય રશ્મિબેન સાબુ, ડે.કમિશ્નરશ્રી આશિષ નાયક, જંતુનાશક અધિકારી ડૉ.કે.જી વૈષ્ણવ, આસી. જંતુ. ક્લેમેશ્ન ડીસોઝા તથા સોસાયટીના પ્રમુખ સંજય અગ્રવાલ અને રાકેશ જૈન હાજર રહયા હતા. વર્લ્ડ મેલેરિયા ડે ઉજવણી બાબતમાં અને મચ્છર જન્ય રોગોને નિયંત્રણની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ અને લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ હતું.

<u>સેન્ટ્રલ ઝોનમાં</u> લોખાત હોસ્પિટલ,લાપસીવાલા ની ચાલ,મોમનાવાડ, કુંભારવાડ,ખરાદી શેરી જેવા વિસ્તારોમાં, <u>વેસ્ટ ઝોનમાં</u> સ્નેહ સ્મૃતિ સોસાયટી, અંકુર સોસાયટી,ભરવાડ વસાહત, ધોબી ની ખાંચ,સંતતુકારામ વિ—૬,સ્વામી નારાયણ સ્કુલ,ખાડી મહલ્લો,જેવાવિસ્તારોમાં, <u>ઉધનાઝોનમાં</u> જીવનગંગાનગર, સંજયનગર, હરિઓમનગર, સંસ્કારનગર, એચ૧૫આવાસસી, ભીમનગર આવાસ,પેલાનગરજેવાવિસ્તારોમાં, <u>લિંબાયતઝોનમાં</u> મદિનામસ્જીદ, શીવાજીનગર, ચેતનનગર, યોગેશ્વરનગર, મંગલદિપ સોસા., રામીપાર્ક,રુદ્ર રેસી, સુમન શ્રુતી,જેવા વિસ્તારોમાં, <u>અઠવાઝોનમાં</u> અંબાજી મંદિર, વનીતા વિશ્રામ કોલેજ, ભારતી સોસા., આઝાદનગર, ખોડીયારનગર, નવુભટાર, કેપીટલગ્રીન, સત્યસાંઈનગર, રણછોડનગર જેવા વિસ્તારોમાં <u>કતારગામઝોન</u>માં લિબાંચીયા ફળીયુ, જનતાનગર, ઈશ્વરનગર, ગૌતમનગર, વસવારી, અંજની, વેદાંત જેવા વિસ્તારોમાં <u>વરાછા—ઝોન એમાં</u> ધોબીઘાટ, શ્રીજી સો., નવીનભાઈની ચાલ, વર્ષા—૧,વલ્લભનગર, મારૃતીધામ—૨, વૃંદાવન સો.,ભકિત નગર—૨, જેવા વિસ્તારોમાં <u>વરાછા—ઝોન બીમાં</u> ખાડી ફળિયું,આંગણવાડી મોટા વરાછા,રવિપાર્ક,પનકિપાર્ક નાના વરાછા,જે બી ડાયમંડ સ્કુલ જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં........

–૩૯૩૧૩ ઘરોમાંથી ૯૬૯૦૦ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૮૦૬ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.
– આરોગ્ય રક્ષણ સંબંધી ૧૨૩ નોટિસ આપવામાં આવી અને ૫૩ ઇસમો પાસેથી રૂ. ૧૩૪૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.
–૨૮૧ બાંધકામ ચેક કરવામાં આવ્યા.
–૨૯૯૫૭ કંટેનરોને ટેમીફોસ ટ્રીટમેન્ટ આપવામાં આવી.
–૧૪૧૭ નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.
–૨૨૮૭ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.
–કુલ ૨૦૫ સ્થળોએ ૩૧૩૩૨ વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું તેમજ પેમ્ફલેટ નું વિતરણ કરવામાં આવ્યું.
–૯૦૫ સ્ટીકર જાહેર સ્થળોએ લગાવવામાં આવ્યા.
–૪૬૫૩૦ વ્યકિતઓ એ પ્રદર્શન શિબિરો માં ભાગ લીધેલ હતો.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૨૯
તા. ૨૫–૪ –૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના મા.ઇ.ચા.ડેપ્યુટી કમિશ્નરશ્રીની સીધી સુચના અન્વયે કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૫,નોંધ નં.૧૪૧૭/૧,૧૪૧૭/૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૫/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૧૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબનું ડીમોલેશન કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૨૦,૦૦૦/– પેનલ્ટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૧,નોંધ નં.૩૨૯૭ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૫/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૧૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબનું ડીમોલેશન કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૨,નોંધ નં.૧૨૬૭ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૫/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબનું ડીમોલેશન કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૦

# પ્રેસનોટ

## વી.બી.ડી.સી.વિભાગ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા,સુરત.

આજ રોજ તા.૨૫ એપ્રિલ ને "વિશ્વ મેલેરીયા દિવસ" તરીકે ઉજવવામાં આવતાં નોર્થઝોન નાં વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ વિભાગનાં તમામ યુનિટનાં કાર્યક્ષેત્ર હેઠળ આવેલ વિસ્તારો સિંગણપોર શાક માર્કેટ,સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, માધવબાગ વિદ્યાલય,શાંતિવન–લલીતા ચોકડી, શાંતિવન– પારસ સોસા., શાંતિવન–રમણનગર, નવી વસાહત, જમનાનગર, ગૌતમનગર, અંબિકાનગર–ગુ.હા.બોર્ડ, મનીષા સોસાયટી, જુવેનાઈલ હોમ,સુમુલ ડેરી વગેરેમાં મચ્છર જન્ય રોગો અને તેની અટકાયત વિશે લોકોને સમજણ આપવામાં આવેલ તથા મચ્છરનાં જીવનચક્રનું લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવી મેલેરીયા વિશેનાં કુલ :– ૫૬૭૭ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ (૧) સિંગણપોર હેલ્થ સેન્ટર થી સિંગણપોર ગામ ગદા સર્કલ થઈ સિંગણપોર શાક માર્કેટ થઈ સિંગણપોર હેલ્થ સેન્ટર પરત રેલી અને (૨) શ્રીરામ ચોકડી થી કોસાડ હેલ્થ સેન્ટર સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. સરકારી દવાખાના/પ્રાઈવેટ દવાખાના તેમજ જાહેર જગ્યાએ કુલ ૧૧૩ પોસ્ટરો/સ્ટીકરો લગાવવામાં આવેલ હતા.

વધુમાં વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા કુલ ૪૧૩૩ ઘરોમાં ૧૦૮૯૩ બ્રીડીંગ સ્પોટ સર્વે કરવામાં આવ્યા જેમાં ૩૧ પોઝીટીવ મચ્છરોનાં બ્રીડીંગ મળેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત ન્યુસન્સ કરતા કુલ ૦૫ ઈસમો પાસેથી કુલ ૯૫૦૦/–રૂા વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો.અને કુલ ૧૫૨ પડતર કન્ટેનરનો નિકાલ કરવામા આવેલ હતો. ૦૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી. તેમજ કુલ ૪૪૨ લોકોનાં મેલેરીયા નાં પરીક્ષણ માટે લોહીનાં નમુનાં લેવામાં આવેલ હતા.

**IEC કરેલ સંસ્થામાં ઉપસ્થીત રહેલ વ્યકિતઓ/વિદ્યાર્થીઓની સંખ્યા :– સુમુલ ડેરી :– ૧૧૨, માધવ બાગ વિદ્યાલય :– ૨૩૫, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય :– ૭૫ લાભાર્થીઓ ઉપસ્થીત રહેલ હતા.**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :–૩૧
તા.૨૫/૦૪/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૭,નોંધ નં.૨૨૦૭,૨૨૦૮ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૬/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૧૨૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા ૧૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૨

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે રાજય સરકારશ્રી ધ્વારા નગરપાલિકા, મહાનગરપાલિકાઓ, સત્તામંડળોને આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ તેમજ સર્વાંગી શહેરી વિકાસના કામો માટે રાજય સરકારશ્રી ધ્વારા સને ૨૦૨૨–૨૩ ના નાણાંકીય વર્ષ માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાને કુલ રૂા.૫૭૮ કરોડની ગ્રાંટ મંજુર કરેલ છે, જે અન્વયે તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ મા.મેયરશ્રી અને મા.કમિશ્નરશ્રી ગાંધીનગર મુકામે ગયેલ તેમજ કુલ ગ્રાંટ પૈકીનો ૫૦% લેખેનો પ્રથમ હપ્તો રૂા.૨૮૯.૬૬ કરોડ મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ છે. જેથી વિકાસના કામોમાં અગ્રીમતા રહેશે.

ગત વર્ષે મજકુર યોજના હેઠળ સુરત મહાનગરપાલિકાને ૨૦૨૧–૨૨ ના વર્ષ માટે કુલ રૂા.૫૧૩ કરોડની ગ્રાંટ પ્રાપ્ત થયેલ. આમ, ગત વર્ષની સરખામણીમાં રૂા.૬૫ કરોડની વધુ ગ્રાંટ રાજય સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેથી શહેરી વિસ્તારો ઉપરાંત નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોના આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસના કામો ઝડપથી હાથ ધરી શકાશે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૩, તા. ૨૭/૦૪/૨૦૨૨



૪/- કરોડના ચેક અર્પણ
બુધવાર, બપોરે ૨:૩૦ વાગે
મહાત્મા
સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :-**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૪,નોંધ નં.૩૬૨૬-એ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠામાળે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/- અને સી.એન.ડી વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/- ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૪
તા.૨૭/૦૪/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

FSSAI, New Dehil અને MOHUA (Ministry of Housing & Urban Health Affairs) ધ્વારા શહેરનાં નાગરીકોને તંદુરસ્ત, સલામત અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે હેતુથી સંપૂર્ણ ભારતમાં Eat Smart Cities Challenge સ્પર્ધા યોજવામાં આવેલ હતી. જેમાં સમગ્ર ભારતમાં દેશમાંથી કુલ ૧૦૮ શહેરોએ ભાગ લીધેલ જેમાં FSSAI, New Dehliઅને MOHUA (Ministry of Housing Urban Health Affairs) ધ્વારા Eat Smart Cities Challenge Pilot Phase-1 અંતર્ગત સમગ્ર ભારતમાં પ્રથમ ૧૧ શહેરોમાં સુરત મહાનગરપાલિકાની પસંદગી થયેલ હતી.

FSSAI, New Dehil અને MOHUA (Ministry of Housing & Urban Health Affairs) ના સયુંકત સહયોગથી Eat Smart Cities Challenge માં પસંદગી થયેલ તમામ ૧૧ શહેરોએ ઈન્ટરનેશનલ એગ્રીમેન્ટ મિલાન અર્બન ફુડ પોલીસી પેકટ(MUFPP) ભાગ લીધેલ છે. જે અંતર્ગત આજરોજ તા. ૨૮–૦૪–૨૦૨૨ નાં રોજ સુરત મહાનગરપાલિકા માન. મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા ધ્વારા મિલાન અર્બન ફુડ પોલીસી પેકટ સહી કરેલ છે. મિલાન અર્બન ફુડ પોલીસી પેકટમાં ભારતનાં ૧૧ ઉપરાંત જુદા જુદા દેશોનાં ૦૯ શહેરોએ ભાગ લીધેલ છે.

::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૫
તા.૨૮/૦૪/૨૦૨૨

**<u>પ્રેસનોટ</u>**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ (૧)વોર્ડ નં.૦૨(સગરામપુરા) છોવાલા શેરી,(૨) વોર્ડ નં.૦૮(ગોપીપુરા) મોટી છીપવાડ (૩) વોર્ડ નં.૦૬(મહીધરપુરા)ટેકરાવાલી શેરી, (૪) વોર્ડ નં.૦૬(મહીધરપુરા) કબીર શેરી,(૫) વોર્ડ નં.૦૬(મહીધરપુરા) આમલી શેરીના રસ્તાને પ્રાયોગિક ધોરણે સી.સી. રોડ બનાવવા અંગે નિર્ણય લેવામાં આવેલ. જે પૈકી વોર્ડ નં.૦૮(ગોપીપુરા) વિસ્તારમાં આવેલ મોટી છીપવાડ તરીકે ઓળખાતી શેરીના અંદાજે ૧૨૦ ર.મી. લંબાઈના રસ્તાને રૂા.૧૦.૩૦ લાખના ખર્ચે સી.સી. રોડ બનાવવામાં આવેલ. જે રસ્તાને આજરોજ મા.મેયરશ્રી, મા.સ્ટેન્ડીગ ચેરમેનશ્રી, મા.ડે.મેયરશ્રી, મા.ધારાસભ્યશ્રી, તથા સ્થાનિક મ્યુ. કોર્પોરેટરશ્રીઓ તથા ઝોનલ ચીફશ્રી ધ્વારા સ્થાનિક રહેવાસીઓના સંગાથે લોકાર્પણની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહુ લોકાર્પણ દરમ્યાન મહાનુભવો તેમજ સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી થવા પામેલ તેમજ સેન્ટ્રલ ઝોનના અન્ય સ્તાઓને પણ આગામી સમયમાં સી.સી. રોડ બનાવવા બાબતે આયોજન કરવા તાકીદ કરવામાં આવેલ છે. વધુમાં અગાઉ વોર્ડ નં.૦૨(સગરામપુરા) છોવાલા શેરી ના રસ્તાને સિમેન્ટ કોંક્રિટના બનાવી લોકાર્પણ કરવામાં આવેલ તથા પ્રાયોગિક ધોરણે નિર્ણય લેવામાં આવેલ પૈકી બાકી રહેતા રસ્તાઓની કામગીરી પણ નજીકના સમયમાં પુર્ણ કરી લોકાર્પણ કરવામાં આવનાર છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૩૬**
**તા.૨૮/૦૪/૨૦૨૨**



# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :—**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૩,નોંધ નં.૧૦૬૫ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજૂર કરાવેલ પ્લાન વિરૂધ્ધ બાંધકામ કરતા, તા.૨૯/૦૪/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠામાળે આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા ૨૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/— ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૭
તા.૨૯/૦૪/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

**<u>સાઉથ ઝોન(ઉધના)(એ.) વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–</u>**

સાઉથ ઝોન(ઉધના)(એ.)ના એડી. સીટી ઈજનેર અને ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)(એ.) માં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

૧). સાઉથ ઝોન (ઉધના)(એ.)માં સમાવિષ્ટ વિસ્તાર મોજે. ઉધના, રે.સ.નં.૧૫૧ પૈકી, મોજે. ભેદવાડ, રે.સ.નં.૦૧, મોજે. ડીંડોલી, રે.સ.નં.૩૪૬ થી ૩૪૯ પૈકી, સબ પ્લોટ નં.બી પૈકી પ્લોટ નં. ડી–૫૧,૫૨,૫૩,૫૪,૫૫ વાળી મિલકતમાં મિલકતદાર ધ્વારા મંજૂર લે–આઉટ પ્લાન વિરૂધ્ધ બાંધકામ કરતા મિલકતદારોને સ્થળ પર કરેલ મંજૂર પ્લાન વિરૂધ્ધના બાંધકામ સબબ નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદાર ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૨૯/૦૪/૨૦૨૨ થી આ મિલકતમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આશરે ૬૦૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલો તથા સેન્ટરીંગ શટરીંગનું બાંધકામ દૂર કરવામાં આવેલ તથા મિલકતદાર પાસેથી રૂા.૩,૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

૨). સાઉથ ઝોન (ઉધના)(એ.)માં સમાવિષ્ટ વિસ્તાર મોજે. ઉધના, રે.સ.નં.૧૫૧ પૈકી, મોજે. ભેદવાડ, રે.સ.નં.૦૧, મોજે. ડીંડોલી, રે.સ.નં.૩૪૬ થી ૩૪૯ પૈકી, સબ પ્લોટ નં.બી પૈકી પ્લોટ નં. ઈ–૩૭, ૩૮, ૩૯, ૪૦ વાળી મિલકતમાં મિલકતદાર ધ્વારા મંજૂર લે–આઉટ પ્લાન વિરૂધ્ધ બાંધકામ કરતા મિલકતદારોને સ્થળ પર કરેલ મંજૂર પ્લાન વિરૂધ્ધના બાંધકામ સબબ નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદાર ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૨૯/૦૪/૨૦૨૨ થી આ મિલકતમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આશરે ૨૭૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબનું બાંધકામ દૂર કરવામાં આવેલ તથા મિલકતદાર પાસેથી રૂા.૩,૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

૩). સાઉથ ઝોન (ઉધના)(એ.)માં સમાવિષ્ટ વિસ્તાર મોજે. ઉધના, રે.સ.નં.૧૫૧ પૈકી, મોજે. ભેદવાડ, રે.સ.નં.૦૧, મોજે. ડીંડોલી, રે.સ.નં.૩૪૬ થી ૩૪૯ પૈકી, સબ પ્લોટ નં.બી પૈકી પ્લોટ નં. ડબલ્યુ–૧૮, ૧૯ વાળી મિલકતમાં મિલકતદાર ધ્વારા મંજૂર લે–આઉટ પ્લાન વિરૂધ્ધ બાંધકામ કરતા મિલકતદારોને સ્થળ પર કરેલ મંજૂર પ્લાન વિરૂધ્ધના બાંધકામ સબબ નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદાર ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૨૯/૦૪/૨૦૨૨ થી આ મિલકતમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આશરે ૨૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલો તથા સેન્ટરીંગ શટરીંગનું બાંધકામ દૂર કરવામાં આવેલ તથા મિલકતદાર પાસેથી રૂા.૧,૬૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૩૮
તા.૨૯/૦૪/૨૦૨૨

# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૨૨૫૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ બી કલમ ૩૩(૧) (બી) અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક-ટ્રાફિક/સુરત નાઈટ મેરેથોન દોડ/૫૦૭૧/૨૦૨૨ તા.૨૬/૦૪/૨૦૨૨ ના મા.પોલીસ કમિશનરશ્રી(સુરત શહેર) ના જાહેરનામા અન્વયે સુરત શહેરમાં સુરત શહેર પોલીસ દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૨ રોજ કલાક ૧૮:૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૨ ના રોજ વહેલી સવાર કલાક ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન "સુરત નાઈટ મેરેથોન" ના નામે ૫ કિમી ,૧૦ કિમી તથા ૨૧ કિમી મેરેથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.આ મેરેથોન વેસુ ગોવર્ધન હવેલી પાસે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડથી શરૂ થનાર છે જેમાં આશરે ૪૦,૦૦૦ જેટલા સ્ત્રી-પુરુષો ભેગા થનાર છે. આ મેરેથોન દોડમાં મોટી સંખ્યામાં દોડવીરો ભાગ લેનાર હોય તેમજ દોડ જોવા માટે મોટી સંખ્યામાં માનવ મેદની ઉમટવાની શક્યતા હોય, જેથી દોડવીરોને દોડમાં અડચણ ન થાય , જાહેર જનતાને અવર-જ્વરમાં અડચણ ન થાય તે હેતુસર મેરેથોન રૂટ ઉપર મેરેથોન દોડ પૂરી ન થાય ત્યા સુધી પ્રવેશ-અવર-જ્વર તથા પાર્કિંગ કરવા ઉપર તેમજ આ સમય દરમિયાન રોડની આજુબાજુમાં પાર્કિંગ કરવા ઉપર તેમજ આ સમય દરમિયાન રોડની આજુબાજુમાં આવેલ સર્વિસ રોડ ઉપર પણ પાર્કિંગ કરવા ઉપર તેમજ સદર આવેલ સર્વિસ રોડ ઉપર પણ પાર્કિંગ કરવા ઉપર તેમજ સદર રૂટવાળા મુખ્યમાર્ગ ,ચાર રસ્તા ઉપરથી મુખ્યમાર્ગ ઉપર પ્રવેશવા તેમજ ક્રોસિંગ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

સદર જાહેરનામાને ધ્યાને લઈ નીચે મુજબ ના સિટી તથા BRTS રૂટોમાં અસર થવા પામનાર હોય નીચે જણાવેલ સીટી તથા BRTS રૂટોને ડાયવર્ઝન તથા મેરેથોન સ્પર્ધા દરમ્યાન બંધ કરવામાં આવનાર છે.

| ક્રમ નંબર | રૂટ નંબર | રૂટનું નામ | હયાત રૂટની વિગત | ડાયવર્ઝન બાદ થનાર રૂટની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | ONGC કોલોની થી સરથાણા નેચરપાર્ક | સોમેશ્વર જંકશન, ખરવરનગર અમેઝિયા એમયુઝમેન્ટ પાર્ક | સોમેશ્વર સુધી કાર્યરત રહશે |
| ૨ | ૧૪ | ONGC કોલોની થી કોસાડEWS-H2 | SVNIT- અડાજણ પાટિયા-જહાંગીરપુરા-ગજેરા સર્કલ | પાલ RTO સુધી કાર્યરત રહશે |
| ૩ | ૧૦૬ | સુરત સ્ટેશન થી આભવા ગામ | ચોક ટર્મિનલ, સેવન્થ ડે સ્કુલ, પાર્લેપોઇન્ટ, SVNIT | વાયા મજુરગેટ,ઘોડદોડ રોડ ,સાયન્સ સેન્ટર થઇને જશે. |
| ૪ | ૧૦૭ | સુરત સ્ટેશન થી જહાંગીરપુરા | રાજ માર્ગ-ભૂલકા ભવન-એલ.પી.સવાણી-મોરા ભાગળ | સાગર કોમ્પલેક્ષ પછી પ્રાઈમ આર્કેડ, એલપી સવાણી રોડ થઇને જશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૧૩૬ | સુરત સ્ટેશન થી એરપોર્ટ | અઠવાગેટ, SVNIT, ONGC કોલોની | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૬ | ૧૪૭ | ગ્રીન સિટી ભાઠા થી સુરત સ્ટેશન ઈસ્ટ | ભાગળ-ચોક ટર્મિનલ, અડાજણ ગામ BRTS, ગેલેક્સી સર્કલ | મધુબન સર્કલ સુધી કાર્યરત રહેશે |
| ૭ | ૧૫૩ | ઉમરા ગામ થી કપોદ્રા | અઠવાગેટ, ગોપી તળાવ, રેલ્વે સ્ટેશન, રચના સર્કલ | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૮ | ૨૦૬ | ચોક થી સી કે પીઠવાલા કોલેજ | અઠવાગેટ, પાર્લે પોઈન્ટ, SVNIT મગદલ્લા | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૯ | ૨૧૬ | ચોક થી ભીમપોર/ કાદી ફળિયા | અઠવાગેટ, SVNIT, સુરત એરપોર્ટ | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૧૦ | ૨૨૬ | કોસાડ ગામ થી VNSGU | ગજેરા સર્કલ, ચોક ટર્મિનલ , અઠવાગેટ, પીપલોદ | મક્કાઈ પુલ સુધી કાર્યરત રહેશે |
| ૧૧ | ૬૫૮ | અડાજણ GSRTC થી મોરાગામ | અડાજણ ગામ, પાલ પાટિયા, ઇચ્છાપોર, કીભકો | વાયા સ્ટારબજાર ફ્લાયઓવર થઇને જશે. |
| ૧૨ | ૭૦૬ | ઇસ્કોન સર્કલ થી VNSGU | મોરાભાગળ, આનંદમહલ રોડ, અઠવાગેટ | વાયા મજુરાગેટ થઇને જશે. |
| ૧૩ | ૭૧૬ | જહાંગીરપુરા થી ગેલ કોલોની વેસુ | એલ પી સવાણી, સ્ટાર બજાર જમનાનગર સોસાયટી | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 39
તા.૨૯/૦૪/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોના સમય ઈંધણની બચત થાય તથા ટ્રાફિક સરળીકરણની સુવિધામાં ઉત્તરોત્તર વધારો થાય તેવા અભિગમ સાથે તાપી નદી પર મોટા વરાછા વોટર વર્કસને લાગુ વરાછા ખાડી ઉપર ચડતા–ઉતરતા રેમ્પ સહિતના અંદાજીત રૂા. ૧૧૫.૦૦ કરોડના ખર્ચે સાકારિત બ્રિજની લોકાર્પણવિધિ માન.મંત્રી(રા.ક.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત રાજ્ય શ્રી વિનોદ મોરડિયાના વરદ્‌હસ્તે તથા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા. ૪.૧૫ કરોડના ખર્ચે સાકારિત કોમ્યુનિટી હોલ, લેક ગાર્ડન,શાંતિકુંજ સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ તથા અંદાજિત રૂા. ૧૮.૫૮ કરોડના ખર્ચે સાકારિત થનાર આર.સી.સી. ઓવરહેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ ટાંકીની શિલારોપણ વિધિ/ ખાતમુહૂર્ત વિધિ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્‌હસ્તે તથા માન. કેન્દ્રીય રાજ્યમંત્રી,વસ્ત્ર અને રેલવે મંત્રાલય,ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ અને માન. સંસદસભ્ય શ્રી સી.આર. પાટીલના મુખ્ય મહેમાનપદે તથા માન. મંત્રી માર્ગ અને મકાન, વાહન વ્યવહાર નાગરિક ઉડ્ડયન , પ્રવાસન અને યાત્રાધામ વિકાસ શ્રી પૂર્ણેશભાઈ મોદી, માન.ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી, માન. મંત્રી (રા.ક.) કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને માન. સંસદસભ્ય શ્રી પરભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં અને માન. ધારાસભ્યશ્રીઓ,માન.પદાધિકારીશ્રીઓ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓના અતિથિવિશેષપદે નીચે દર્શાવેલ સ્થળોએ સમય સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે.

- ન્યુ.રાંદેર પોલીસ ચોકીની પાસે, મેરૂ લક્ષ્મી મંદિરની બાજુમાં, શંકરનગર સોસાયટીની પાસે, રાંદેર સુરત ખાતે...... ૨૭ લાખ લીટર ક્ષમતાની એક આર.સી.સી. ઓવરહેડ ટાંકી(ESR-4), સીક્યુરીટી કેબીન અને કમ્પાઉન્ડ વોલની શિલારોપણવિધિ
- યમુના ચોક પાસે,રિવર પેલેસ સોસાયટી નજીક મોટાવરાછા ખાતે .... તાપી નદી પર મોટા વરાછા થી વરાછા વોટર વર્કસને લાગુ વરાછા ખાડી સુધી રીવર બ્રિજ તથા સ્લુઝ ગેટથી વરાછા મેઈન રોડ સુધીના ખાડી પરના ચડતા–ઉતરતા રેમ્પ સહિતનો બ્રિજનું લોકાર્પણ
- હેડ વોટર વર્કસ કેમ્પસ, વરાછા મેઈન રોડ, વરાછા ખાતે ..... ૯૩ લાખ લીટર ક્ષમતાની બુસ્ટર હાઉસ સહિતના અંડરગ્રાઉન્ડ ટાંકીનું ખાતમુહૂર્ત
- પુષ્પાનગર સોસાયટી પાસે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હોસ્પિટલની સામે , પુણાગામ ખાતે......લેક ગાર્ડનનું લોકાર્પણ
- નવુ ફળિયું, આશાનગર, પ્રાથમિક શાળાની પાસે પુણા ખાતે... શાંતિકુંજનું લોકાર્પણ
- ગોડાદરા જળવિતરણ મથક, WDS-SE-4, માનસરોવર સોસાયટી, ગોડાદરા ખાતે..... ૪૬.૫ લાખ લીટર ક્ષમતાની નવી અન્ડરગ્રાઉન્ડ ટાંકીનું ખાતમુહૂર્ત
- ડિંડોલી જળવિતરણ મથક,વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડિંડોલી ખાતે ...૯૮ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી(બુસ્ટર હાઉસ સહિત)ની શિલારોપણવિધિ
- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૧૫૮,૨૬૬ પાસે ,સંજયનગર ,ઉમરવાડા ખાતે ....કોમ્યુનિટી હોલનું લોકાર્પણ

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૦, તા.૩૦/૦૪/૨૦૨૦**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે ગુજરાત તથા સમગ્ર દેશ–વિદેશમાં બ્રિજસિટી, ડાયમંડ સિટી અને બીજા નંબરનું સૌથી સ્વચ્છ સિટી તરીકેનું બિરુદ પામનાર શહેર સુરતમાં સાકારિત તથા સાકારિત થનાર અંદાજિત રૂા.૧૩૭.૭૩ કરોડના ખર્ચે પ્રજાભિમુખ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણ વિધિ, શિલારોપણ વિધિ અને ખાતમુહૂર્ત વિધિ કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવેલ.

જે પૈકી તાપી નદી પર મોટા વરાછા થી વરાછા મેઈન રોડ સુધીના રીવર બ્રિજ સહીતના ખાડી બ્રિજના ચડતા–ઉતરતા રેમ્પથી ૫ થી ૭ લાખ લોકોને લાભ થાય તથા ટ્રાફિક સરળીકરણની સુવિધામાં ઉત્તરોત્તર વધારો થાય તેવા અભિગમ સાથે અંદાજિત રૂા.૧૧૫.૦૦ કરોડના ખર્ચે સાકારિત યમુના ચોક પાસે,રિવર પેલેસ સોસાયટી નજીક મોટાવરાછા ખાતે  તાપી નદી પર મોટા વરાછા થી વરાછા વોટર વર્કસને લાગુ વરાછા ખાડી સુધી રીવર બ્રિજ તથા સ્લુઝ ગેટથી વરાછા મેઈન રોડ સુધીના  ખાડી પરના ચડતા–ઉતરતા રેમ્પ સહિતના બ્રિજનું લોકાર્પણ માન.મંત્રી(રા.ક.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત રાજ્ય શ્રી વિનોદ મોરડિયાના વરદ્દહસ્તે  કરવામાં આવેલ.

આ ઉપરાંત વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા. ૪.૧૫ કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પો પૈકી સંજયનગર, રાજીવનગર તથા આસપાસના વિસ્તારો માટે સામાજીક કાર્યો  તથા ધાર્મિક પ્રસંગો થઈ શકે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૧૫૮,૨૬૬ પાસે ,સંજયનગર ,ઉમરવાડા ખાતે કોમ્યુનિટી હોલનું, સ્થાનિક પ્રજાજનોના  અને બાળકોના આનંદ પ્રમોદ માટે ,સિનિયર સીટીઝનોના વિરામ માટે,હયાત સરોવરના સંરક્ષણ અને વિકાસ માટે તેમજ પર્યાવરણની જાળવણીના હેતુ માટે પુષ્પાનગર સોસાયટી પાસે સોરાષ્ટ્ર ટ્રસ્ટ હોસ્પિટલની સામે, પુણાગામ ખાતે લેક ગાર્ડનનું, સિનિયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણી માટે નવુ ફળિયું, આશાનગર, પ્રાથમિક શાળાની પાસે પુણા ખાતે અદ્યતન સુવિધાયુકત શાંતિકુંજ સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ તથા

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) અંતર્ગત પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ) ફા.પ્લોટ નં.૧૩૦ (ડીસ્ટ્રીકટ સેન્ટર) ખાતે ૨૭ લાખ લીટર ક્ષમતાની તથા ૩૮.૭૫ કિ.મી.નાં ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવતી એક આર.સી.સી. ઓવરહેડ ટાંકી (ESR-4), સીકયુરીટી કેબીન અને કમ્પાઉન્ડ વોલ સહીતના કામનું, સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં ગોડાદરા ખાતે ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) અનામત ફાયનલ પ્લોટ નં.૧૭૭ (આર–૩) (સબ સેન્ટર) ના પ્લોટમાં જળવિતરણમથક WDS-SE-4 ની બાજુમાં અંદાજીત ૨.૦૦ લાખ વસ્તી આવરી લેવામાં આવનાર ૪૬.૫ લાખ લિટર ક્ષમતાની અને નવી અન્ડર ગ્રાઉન્ડ ટાંકી બનાવવાનું કામની, નવા પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આવેલ હેડ વોટર વર્કસ(વરાછા) ખાતે અંદાજીત ૩.૦૦ લાખ વસ્તી આવરી લેવામાં આવનાર ૯૩ લાખ લીટર ક્ષમતાની  બુસ્ટર હાઉસ સહિતની અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવવાનું કામ અને સુરત શહેરમાં નવા સમાવિષ્ટ કનકપુર–કનસાડ તથા તેને સંલગ્ન વિસ્તારમાં પાણી પુરવઠો  પુરો પાડવા માટે,ડીંડોલી WTP ખાતે નવી ૯૮ લાખ લીટર કેપેસીટીની અને  અંદાજીત ૨.૦૦ લાખ વસ્તી આવરી લેવામાં આવનાર આર.સી.સી. બુસ્ટર હાઉસ સહિતની UGSR બનાવવાનું કામ સહિતના અંદાજિત રૂા. ૧૮.૫૮ કરોડના ખર્ચે સાકારિત થનાર પ્રકલ્પોની શિલારોપણ વિધિ/ ખાતમુહૂર્ત વિધિ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્દહસ્તે સંપન્ન થઈ.

આજના આ કાર્યક્રમમાં માન. કેન્દ્રીય રાજયમંત્રી,વસ્ત્ર અને રેલવે મંત્રાલય,ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન. ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), માન. ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન. ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા,માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ સદસ્યશ્રીઓ,મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી  સાદર સમાચાર યાદી નં.૪૧,તા.૦૧/૦૫/૨૦૨૨**


સુરત મહાનગરપાલિકા










વૃક્ષોની વૃધ્ધિ એટલે
આપણી સમૃધ્ધિ

WRI INDIA — ROSS CENTER    CREDAI SURAT    Bloomberg Philanthropies

**PRESS RELEASE**

# લોન્ચ ઓફ ક્લીન કન્સ્ટ્રક્શન પાયલોટ પ્રોજેક્ટ, સુરત

**2 મે 2022, ના રોજ સુરત શહેર: સાહેબ શ્રી. બંછાનિધિ પાની, IAS કમિશનર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને** આજે 'સ્વચ્છ કોન્સ્ટ્રક્શન' પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો છે જેનો હેતુ ભારતની સર્વ પ્રથમ 'ઓછામાં ઓછું હવા પ્રદૂષણ ઉત્સર્જન બાંધકામ પ્રોજેક્ટ' છે.

આ પાયલોટ પ્રોજેક્ટ તેના પ્રકારનો સૌપ્રથમ છે, જે હેન્ડબુક ઓફ ક્લીન કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસ ઇન સુરતમાં સૂચવ્યા મુજબ હવાના ઉત્સર્જનને ઘટાડવા માટે તમામ ઓન-સાઇટ વાયુ પ્રદૂષણ ઘટાડવાના પગલાં અમલમાં મૂકશે - જે બાંધકામ ઉદ્યોગ માટે વર્લ્ડ રીસોર્સિજ ઓર્ગેનજેશન- ઇન્ડિયા (WRI India) દ્વારા શરૂ કરાયેલ છે. વર્લ્ડ રીસોર્સિજ ઓર્ગેનજેશન- ઇન્ડિયા (WRI India) ની સાથે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) અને CREDAI સુરતના સહયોગથી; અને બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીસ દ્વારા સમર્થિત પ્રોજેક્ટ છે.

ઉનાળો અને શિયાળામાં શહેરમાં કુલ (પાર્ટિક્યુલેટ મેટર)PM2.5 ના 18% અને 11% બાંધકામ અને રસ્તાની ધૂળ તરફ દોરી જાય છે, અને (પાર્ટિક્યુલેટ મેટર)PM10 માટે, ઉનાળો અને શિયાળામાં અનુક્રમે 46% અને 19% યોગદાન વધે છે, સ્રોત મુજબ. સુરત શહેર માટે વિભાજન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. વાયુ પ્રદૂષણમાં તેના નોંધપાત્ર યોગદાનને કારણે, હેન્ડબુક ઓફ ક્લીન કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસ ઇન સુરત, અને સુરત ક્લીન એર એક્શન પ્લાન (SCAP) એ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનને પ્રાથમિકતા ક્ષેત્ર તરીકે ગણાવ્યું હતું અને હવાની ગુણવત્તાની નિયમિત દેખરેખ દ્વારા હવાના પ્રદૂષણને ઘટાડવાના પગલાં સૂચવ્યા હતા, જેમાં નિયંત્રિત એન્જિનિયરિંગ કામગીરીનું અમલીકરણના કાર્ય, નિયંત્રણો, અને બાંધકામ કર્મચારીઓની તકનીકી ક્ષમતા વધારવી વગેરે સૂચવી હતી.

સ્વચ્છ બાંધકામ પાયલોટ પ્રોજેક, હેન્ડબુકમાં દર્શાવેલ કેટલાક ધૂળ ઘટાડવાના પગલાંના અમલીકરણ દરમિયાન હવાની ગુણવત્તા પર દેખરેખ રાખે છે, જેમ કે વેટ પ્રોસેસનો ઉપયોગ, પ્રોસેસ આઇસલેશન અને મલ્ચિંગ વગેરે. પાઇલટ પ્રાજેક્ટ યોગ્ય પગલાંના ઉપયોગ દ્વારા બાંધકામ કર્મચારીઓના વ્યક્તિગત સંપર્કમાં ઘટાડો કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. PPEs અને સ્થાનિક એક્ઝોસ્ટ વેન્ટિલેશન.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર સાહેબ શ્રી બંછાનિધિ પાનીએ પ્રોજેક્ટ ભાગીદારોને અભિનંદન પાઠવ્યા હતા અને બાંધકામ સાઇટ્સમાંથી ધૂળની સમસ્યાને ઓળખવા અને આ પ્રોજેક્ટમાં ભાગ લેવાની તેમની ઇચ્છા બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ ભારતમાં કન્સ્ટ્રક્શન સાઇટ્સ માટે બેન્ચમાર્ક બનશે, કારણ કે ભારતમાં આવું બન્યું નથી.

સુરત શહેરમાં બાંધકામ સાઇટ પર હાથ ધરવામાં આવેલ પાયલોટ પ્રોજેક્ટ, કેસ સાઇટ (સૂચિત ઉપક્રમ પગલાં હાથ ધરવાતા) અને નિયંત્રણ સ્થળ (કોઈ ઉપક્રમ પગલાં ન ધરાવતા) પર આસપાસની હવાની ગુણવત્તા પર તમામ બાંધકામ પ્રવૃત્તિઓની અસરનું પણ વિશ્લેષણ કરશે.

સુશ્રી જીજ્ઞાબેન ઓઝા, રીજનલ અધિકારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB), સુરત એ જણાવ્યું હતું કે ધૂળનું પ્રદૂષણ એક ગંભીર મુદ્દો છે અને નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) હેઠળ મહત્વપૂર્ણ છે અને ભવિષ્યમાં સારી હવાની ગુણવત્તા અને અનુપાલન પ્રવૃત્તિઓ માટે કન્સ્ટ્રક્શન ડસ્ટ મેનેજમેન્ટનું મિટિગેશન મહત્વપૂર્ણ છે. .

આ સાઇટ CREDAI ના અન્ય સભ્યો માટે નિદર્શન સાઇટ તરીકે પણ કાર્ય કરશે, જેઓ આ મિટિગેશન પગલાંનો પ્રેક્ટિકલ ઉપયોગ જોવા માંગે છે. WRI ઇન્ડિયા આ મિટિગેશન માપદંડો વિશે જાણવા અને તેમની સંબંધિત સાઇટ્સ પર અમલ કરવા માટે સાઇટ એન્જિનિયરોની ક્ષમતા પણ વિકસાવવા માંગે છે.

**પુજાબેન તિવારીએ, ઇન્ડિયા ક્લાઇમેટ એન્ડ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ, બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ** જણાવ્યું હતું કે સ્વચ્છ હવાના લક્ષ્યો હાંસલ કરવા માટે નીતિઓને જમીન પર મૂર્ત ક્રિયાઓમાં ફેરવવાની જરૂર છે. સુરતના આ પાયલોટ પ્રોજેક્ટમાં સ્વચ્છ બાંધકામ દિશાનિર્દેશોનું ચુસ્તપણે પાલન કરીને વાયુ પ્રદૂષણમાં ઘટાડો દર્શાવવા માટે ડેટાનો લાભ લેવાની અપાર ક્ષમતા છે. આગામી દાયકામાં બાંધકામ ક્ષેત્રે અને ઝડપી વૃદ્ધિ થવાની ધારણા સાથે, આ પ્રોજેક્ટ સમગ્ર ભારતમાં હવાની ગુણવત્તા સુધારવામાં મદદ કરવા માટે એક મહત્વપૂર્ણ મોડેલ તરીકે કામ કરશે.

આ જમીન ની કાર્યદક્ષતા પર વાયુ પ્રદૂષણ ઘટાડવાની ક્રિયાની વ્યવહારિકતાને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે. સ્વચ્છ બાંધકામ પદ્ધતિઓની અસરનું મૂલ્યાંકન કરીને અને સાઇટ પર ધૂળ નિયંત્રણ માટે પુરાવા-આધારિત અભિગમને સુનિશ્ચિત કરીને, ક્લીન કન્સ્ટ્રક્શન પાયલોટ પ્રોજેક્ટ નો હેતુ ભારતમાં ભાવિ બાંધકામ પ્રોજેક્ટ્સ માટે એક નવતર બેન્ચમાર્ક સેટ કરવાનો છે.

**સ્વચ્છ બાંધકામ પ્રેક્ટિસની હેન્ડબુક વિશે વર્ણન**

સુરત શહેરમાં બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન એ રજકણોના ઉત્સર્જન(પાર્ટિક્યુલેટ મેટર)ના અગ્રણી સ્ત્રોતોમાંનું એક છે. બાંધકામ ક્ષેત્રની વૃદ્ધિ અને સુરત શહેરમાં આસપાસની હવાની ગુણવત્તા પર તેની અનુગામી અસરને ધ્યાનમાં રાખીને, WRI ઇન્ડિયાએ GPCB અને SCAP સાથે મળીને અને બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ દ્વારા સમર્થિત, સુરત ક્લીન એર એક્શન પ્લાન (SCAP) અને હેન્ડબુક ઓફ ક્લીન કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસ ઇન સુરત' બંનેનો વિકાસ કર્યો છે. સુરતમાં સ્વચ્છ બાંધકામ પ્રેક્ટિસ'. ક્લીન કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસની હેન્ડબુકમાં તમામ ઉપલબ્ધ નિયમો, વિનિયમો, મિટિગેશન પ્રોસેસ અને વિવિધ ઑન-સાઇટ બાંધકામ પ્રવૃત્તિઓમાંથી વાયુ પ્રદૂષણના ઉત્સર્જનને ઘટાડવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

**Media contacts:**
Nitya Kaushik | WRI India
nitya.kaushik@wri.org
+91 9819902763

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી લિંબાયત ઝોનનાં કાર્યક્ષેત્રમાં આવેલ વોર્ડ નં–૨૭/સી મગોબ–કુંભારીયામાં આવેલ મહાત્મા ગાંધી ફ્રુટ માર્કેટમાં આજ રોજ તા.૦૫/૦૫/૨૦૨૨નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો તથા લિંબાયત ઝોનનાં સેનીટરી સ્ટાફ સાથે મળી મહાત્મા ગાંધી ફ્રુટ માર્કેટમાં કેરીનું વેચાણ કરતી કુલ–૪૩ સંસ્થામાં આકસ્મિક ચેકિંગ કરવામાં આવેલ છે જેમાં કુલ–૩૪ સંસ્થાઓને આરોગ્યલક્ષી નોટીસ આપવામાં આવેલ છે. જે સંસ્થાઓ નીચે મુજબ છે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| ૧ | ઉમર ફારુક ખાન | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨ | રીયાઝ ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩ | મહાવીર ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૪ | એમ.આઈ.સી. ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૫ | અબ્દુલ મલિક ફ્રુટ એજન્સી | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૬ | આઝાદ ફ્રુટ ટ્રેડર્સ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૭ | હનીફભાઈ સુલેમાનભાઈ રાઈન | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૮ | અકમભાઈ હાજી ગફાર | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૯ | ગુરુ નાનક ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૦ | ઝમ ઝમ ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૧ | લાલાભાઈ એન્ડ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૨ | અઝમ બાબુભાઈ કેલાવાલા | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૩ | એ.આર. એન્ડ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૪ | ચાવાલા ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૫ | સાદિકભાઈ ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૬ | તવક્કલ ફ્રુટ સેન્ટર | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૭ | આસિફભાઈ અજગર અલીભાઈ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૮ | નઝીરભાઈ સતારઅલી રાયન | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૧૯ | પ્રકાશ ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૦ | મનુકર ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૧ | ચા વાલા કેશ ફ્રુટ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૨ | જલારામ ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૩ | ખુશાલદાસ મુલાજી | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૪ | હમીદ ફ્રુટ એજન્સી | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૫ | એસ.કે. ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૬ | આલમ આઝાદ એન્ડ બ્રધર્સ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૭ | સિદ્દિકી કે.કે. | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૮ | મા અંબે ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૨૯ | ક્રિષ્ણા ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩૦ | મહાલક્ષ્મી ફ્રુટ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩૧ | જય સંતોષી માં ફ્રુટ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩૨ | દાદાભાઈ એન્ડ કંપની | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩૩ | હાજી મો. મુસ્લિમ ફ્રુટ | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| ૩૪ | રાજ ફ્રુટ એજન્સી ફ્રુટ કોર્પોરેશન | એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |

સદર કામગીરી દરમ્યાન આશરે ૩૦૦ થી ૪૦૦ કિલો અખાદ્ય કેરી/અન્ય ફળફળાદી તથા આશરે ૩ થી ૪ કિલો ઇંથીલીનના પાઉચનો નાશ કરાવેલ છે તેમજ લિંબાયત ઝોનનાં સેનીટરી સ્ટાફ ધ્વારા વહીવટી ખર્ચ પેટે રૂા. ૩૩,૦૦૦/– વસુલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૩

તા.૦૫/૦૫/૨૦૨૨

**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડે.કમિશનરશ્રી અને ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૪/૦૫/૨૦૨૨ અને તા.૦૫/૦૫/૨૦૨૨ નાં રોજ અત્રેનાં શહેરી વિકાસ વિભાગનાં તમામ આસી./જુની.ઈજનેરો, ડેપ્યુટી ઈજનેરશ્રીઓ તથા સિકયોરીટી સ્ટાફની મદદથી ટી.પી.સ્કીમ નં. ૫૧(ડભોલી) માં ભુમિપાર્ક સોસાયટીને અડીને આવેલ ' વાય –જંકશન ' થી બાલાજી નગર સોસાયટી, ડભોલી સુધીનાં (ફા.પ્લોટ નં. ૧૩૪ થી ૧૧૪ સુધી) ૨૪.૦૦ મી. નાં રસ્તામાં નડતરરૂપ આશરે ૧૫(પંદર) તબેલાઓ તેમજ ૫(પાંચ) દુકાનો અને ઝુંપડાઓનું દબાણ દુર કરવામાં આવેલ છે. સદર રોડનાં નડતરરૂપ દબાણ અગાઉ દુર કરવામાં આવેલ, તથા રસ્તાનાં પ્રાથમિક સુવિધાઓનાં બાકી કામનાં કારણે અત્રેથી ૧૨.૦૦ મી. નો રસ્તો બનાવવામાં આવેલ હોય, તબેલાનાં મિલ્કતદારો ધ્વારા ફરીથી તબેલાનું દબાણ કરવામાં આવેલ હતું. ડભોલી–જહાંગીરપુરા બ્રીજનાં ડભોલી તરફનાં છેડાથી કતારગામ ઝોનમાં આવવા જવા માટે વાહન ચાલકો ધ્વારા મહદ્અંશે સદર રસ્તાનો ઉપયોગ થતો હોય, વધુ પડતા ટ્રાફિક ભારણને કારણે સદર રસ્તો પુરેપુરી પહોળાઈમાં બનાવવો અતિ આવશ્યક હોય, અત્રેથી ૨૪.૦૦ મી.નાં રસ્તામાં આવતાં દબાણો દુર કરી આશરે ૧૭૦.૦૦ મી. લંબાઈમાં રસ્તો ખુલ્લો કરી તાત્કાલિક અસરથી રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેનાં કારણે ડભોલી થી કતારગામ તરફ આવતાં જતાં તમામ રાહદારીઓ તેમજ વાહન ચાલકોની વર્ષો જુની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૪૪
તા.૦૫/૦૫/૨૦૨૨

## :: પ્રેસનોટ ::

## "સૂર્યદેહા કા સૂરત ઔર સૂરત કે હીરે" પુસ્તકનું લોકાર્પણ

**વિષય :** "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "**सूयदेहा का सूरत और सूरत के हारे**" પુસ્તકનું લોકાર્પણ બાબત.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "**सूयदेहा का सूरत और सूरत के हारे**" પુસ્તકનું લોકાર્પણ કાર્યક્રમ તા.૦૬/૦૫/૨૦૨૨ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ, સરદાર ખંડ, મુગલીસરા, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. સુરત શહેરની પ્રણાલી, ઈતિહાસ અને સંસ્કૃતિને દેશોના લોકો માણી શકે તેમજ સુરત શહેરના કલા પ્રેમી નાગરિકો લાભ લઈ શકે તેવા શુભ આશયથી રાખવામાં આવેલ 'સૂર્યદેહા કા સૂરત ઔર સૂરત કે હીરે' પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ સુમધુર પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી રેશ્માબેન લાપસીવાલાએ સર્વેને આવકારતાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં કિલ્લો, હોપપુલ, ગોપીતળાવ, બ્રીટીશ સીમેન્ટ્રી, ડચ સીમેન્ટ્રી, આર્મેનીયન સીમેન્ટ્રી, ખુદાવંદખાન રોજો, ચિંતામણી જૈન દેરાસર, આઈ.પી.મિશન સ્કૂલ, મુઘલસરાઈ, સી.એન.આઈ.ચર્ચ, એન્ડ્રુઝ લાઈબ્રેરી, સર જે. જે. ટ્રેઈનીંગ કોલેજ જેવી અનેક ઈમારતો આવેલી છે. આ સુરત શહેરની પ્રણાલી, ઈતિહાસ અને સંસ્કૃતિને દેશના લોકો જાણી અને માણી શકે તેમજ સુરત શહેરના કલા પ્રેમી નગરજનો લાભ લઈ શકે તેવા શુભ આશયથી આયોજીત 'સૂર્યદેહા કા સૂરત ઔર સૂરત કે હીરે' પુસ્તકના લોકાર્પણ કાર્યક્રમને સફળ બનાવવા સાથે પુસ્તકને વાંચવા અપીલ કરી હતી.

એસોસીએટ પ્રોફેસર ડૉ. વિજયભાઈ સેવકએ પુસ્તકના આસ્વાદ કરાવતાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક સ્ત્રોત અને તાલીમ કેન્દ્ર(સીસીઆરટી), નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૫માં "શહેરોં કી અનકહી દાસતાં" પ્રોજેકટ અંતર્ગત મને એસાઈન્મેન્ટ તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. જે માટે મેં તાપી મહાત્મય જેવા પુસ્તકો, ગુજરાત સરકારના પ્રમાણિત પુસ્તકો, સુરત મહાનગરપાલિકા સંચાલિત મ્યુઝિયમ, સાયન્સ સેન્ટર તથા સુરતના તજજ્ઞોના સહયોગથી વાર્તાસ્વરૂપમાં "સૂર્યદેહા કા સૂરત ઔર સૂરત કે હીરે" પુસ્તક તૈયાર કર્યું છે. જે દેશના ૧૧ સ્થળોની શૃંખલામાંથી રાષ્ટ્રીય કક્ષાએ સુરતના આ પુસ્તકની વરણી કરવામાં આવી છે. સુરત એક ઐતિહાસિક શહેર છે. જે વ્યાપારમાં સૌથી આગળ હતું અને આજે પણ છે. જેની દરેક વિષય વસ્તુને વાર્તાસ્વરૂપમાં પુસ્તકમાં આલેખન કર્યું છે. આ પુસ્તક હિન્દી ભાષામાં લખાયું હોવાથી સમગ્ર ભારતમાં તે વાંચી શકાશે. સાંસ્કૃતિક સ્ત્રોત અને તાલીમ કેન્દ્ર(સીસીઆરટી), નવી દિલ્હીના ડેપ્યુટી ડાયરેકટર શ્રી દિબાકર દાસે ભારત સરકારના સાંસ્કૃતિક સ્ત્રોત અને તાલીમ કેન્દ્ર, નવી દિલ્હીના જે તે સ્થળના વારસા અને સંસ્કૃતિના દસ્તાવેજીકરણ અને પ્રવાસનને વેગ આપવાના અભિયાનમાં સુરત મહાનગરપાલિકાના આ કાર્યને બિરદાવતાં તેઓની સીસીઆરટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ વિભાગની વિવિધ પ્રવૃત્તિઓની સંગીતના સા..રે..ગ...મ...પ...ધ...નિ...ના ઉદાહરણથી વિસ્તુત સમજણ આપી હતી.

માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સુરતને ડાયમંડ સીટીના ઓળખની છણાવટ કરતાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં સદીઓથી વિવિધ સંસ્કૃતિઓ ધરાવતા લોકો વસે છે. દેશના જે તે સ્થળના વારસા અને સંસ્કૃતિના દસ્તાવેજીકરણ ઉપરાંત પ્રવાસનને વેગ આપવાના હેતુથી "શહેરોં કી અનકહી દાસતાં" પ્રોજેકટ અંતર્ગત ડૉ. વિજયભાઈ સેવક દ્વારા સુરત પર સર્જનાત્મક પુસ્તક "સૂર્યદેહા કા સૂરત ઔર સૂરત કે હીરે"નું ભારત સરકારના સાંસ્કૃતિક સ્ત્રોત અને તાલીમ કેન્દ્ર (સીસીઆરટી), નવી દિલ્હી દ્વારા પ્રકાશિત થવાની ઘટના સુરત અને મહાનગરપાલિકા માટે ગૌરવપ્રદ બાબત છે. સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં સુરતની કળા–સંસ્કૃતિનું સર્જનાત્મક વાર્તાસ્વરૂપ આ પુસ્તકનું લોકાર્પણ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

આ કાર્યક્રમમાં શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શહેરના પ્રતિષ્ઠિત નગરજનો, શિક્ષકો ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

સમાચારયાદી નં.૪૫, તા.૦૬/૦૫/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.








સુરત
का सूरत

**પ્રેસનોટ- તા. ૦૬/૦૫/૨૦૨૨**

**માનનીય મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા જીના જન્મદિવસ નિમિત્તે થયેલ વિવિધ કાર્યક્રમોની માહિતી નીચે મુજબ છે.**

આજ રોજ તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૦૬:૩૦ કલાકે માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજીના જન્મદિવસ પ્રસંગે જનજાગૃતિ માટે સાઈકલિંગનું MTB કોલેજ, અઠવાલાઈન્સ પાસેથી Y- જંક્શન ડુમસ રોડ સુધીનું આયોજન કરવામાં આવેલ હતું છે. જેમાં શહેરના અગ્રણી ડોકટરો, એડવોકેટશ્રીઓ, વિદ્યાર્થી સંગઠનો, NGO, ચાર્ટ્ડ એકાઉન્ટન્ટ, મહિલા અગ્રણીઓ જોડાયા હતા. આઝાદીના ૭૫ વર્ષ 'આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે "મારું સુરત, મારો પરિવાર" ના અભિગમ સાથે વિવિધ છ વિષયો ઉપર ભવિષ્યમાં નવી સિદ્ધિઓ હાંસલ કરવા અને જનજાગૃતિ અર્થે... સાઈકલિંગ કરવામાં આવ્યું હતું. વધુમાં "બેટી પઢાઓ-સંતુલન બનાઓ" વિષય ઉપર નુક્કડ નાટક રજુ કરવામાં આવ્યું હતું.

૧) ટીબીમુક્ત સુરત - ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ ડોકટરશ્રીઓ

૨) સ્માર્ટ ડિજીટલ સુરત - ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ એડવોકેટશ્રીઓ

૩) ગ્રિન સુરત - ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ વિદ્યાર્થીઓ

૪) સ્વચ્છ સુરત- ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ સામાજીક સંસ્થાના અગ્રણીઓ

૫) સસ્ટેનેબલ સુરત - ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ ચાર્ટ્ડ એકાઉન્ટન્ટશ્રીઓ

૬) મહિલા સશક્તિકરણ-આત્મનિર્ભર નારી - ના ઉદ્દેશ સાથે ૭૫ થી વધુ મહિલા અગ્રણીઓ

- "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સુરતના ઈતિહાસ, સંસ્કૃતિ, વિશેષતા દર્શાવતું એસોસીએટ પ્રો. ડૉ. વિજય સેવકશ્રી લિખિત 'सूर्यदिहा का सूरत और सूरत के हीरे'

પુસ્તકનું  માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે પુસ્તક વિમોચન કરવામાં આવ્યું.

- કંચનબેન ચેરીટેબલ ટ્રસ્ટ, અમરોલી  સંચાલિત નિરાધાર વ્યક્તિઓને ભોજન તેમજ વેક્સિનેશન કરવામાં આવ્યું.
- મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજી ના જન્મ દિવસે નિમિત્તે મોટા વરાછા આંગણવાડીના બાળકોને કેક અને નાસ્તા વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યું
- મેયરશ્રી સુરત મહાનગર હેમાલીબેન બોઘાવાલાજીના જન્મ દિવસે મણિ-વલ્લભ કન્યા-કેળવણીધામ, વેડ ખાતે દિકરીઓના શિક્ષણ માટે આવાગમન યાત્રિક રથ અર્પણ કરવામાં આવ્યું સાથે પુસ્તક તુલા કરવામાં આવી અને દિકરીઓ દ્વારા પત્ર લખી શુભેચ્છા પાઠવવામાં આવી.
- કેન્દ્રીય મંત્રીશ્રી દર્શનાબેન જરદોશ જીની ઉપસ્થિતીમાં મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજીના જન્મ દિવસે સુપોષણ યુક્ત ભારત ના સંકલ્પ સાથે વોર્ડ નંબર-૨૦- ખાતે તંદુરસ્ત બાળ સ્પર્ધા યોજાઈ.
- મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજીના જન્મ દિવસ નિમિત્તે શિક્ષણ સમિતિની શાળાના સભ્યશ્રીઓ દ્વારા પ્રથમ વર્ગ માં પ્રવેશ મેળવનાર બાળકો સાથે જન્મ દિવસ ની ઉજવણી કરી તેમને શિક્ષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું.
- મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજીના જન્મ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં-૦૫ -પરિવાર સાથે સુરત ને રાષ્ટ્ર નું સૌથી સ્વચ્છ શહેર બનાવવાના સંકલ્પ સાથે સફાઈ અભિયાન કરવામાં આવ્યું.
- તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ માનનીય મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલાજીના અધ્યક્ષપણે  મહિલા સભ્યશ્રીઓનું  પ્રતિનિધિમંડળની પ્રધાનમંત્રી સંગ્રહાલય, દિલ્લી ખાતે મુલાકાત લેવામાં આવી હતી. .








બાળ સ્પર્ધા


BABA
વિદ્યાર્થીની યાત્રિક રથ
મેયરશ્રી ના જન્મદિને ખૂબ ખૂબ શુભેચ્છા...
માવાણી મેમોરીયલ ટ્રસ્ટ અનુદાનિત
કન્યા - કેળવણી ધામની



**સુરત મહાનગરપાલિકા**
**હાઈડ્રોલિક વિભાગ**

## <u>પ્રેસનોટ</u>

સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ડીંડોલી WTP અને જળવિતરણમથકના વિસ્તારમાં તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ DGVCL ધ્વારા સબસ્ટેશન મેન્ટેનન્સની કામગીરી માટે સવારે ૯.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક સુધી પાવર સપ્લાય બંધ રહેનાર છે. તેમજ ડીંડોલી જળવિતરણમથક ખાતેની કોમન હેડર લાઈન માંથી ગોડાદરા જતી ૮૧૩ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈન જુદી કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેથી **સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ ડીંડોલી, પરવત, ગોડાદરા તથા સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ઉનગામ, ગભેણી ગામ, બુડીયા ગામ, જીઆવ ગામ, ભેસ્તાન આવાસ, બમરોલી ગામ, વડોદ ગામ, કુંડી ગામ, ડીંડોલી ગામ, સુખીનગર, રામેશ્વર ગ્રીન, વિગેરે વિસ્તારોમાં તા.૧૦/૦૫/૨૦૨૨ તથા તા.૧૧/૦૫/૨૦૨૨ ના રોજ પાણી પુરવઠો અવરોધાય (બંધ રહે)/ ઓછા પ્રેશરથી/ ઓછા જથ્થાથી મળવાની શકયતા છે.** જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરતમહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૪૭**
**તા.૦૭/૦૫/૨૦૨૨**

## —: પ્રેસ નોટ :—

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં બમરોલી વિસ્તારમાં આવેલ રિધ્ધી સિધ્ધી મેડીકલ સ્ટોર તથા શ્લોક આર્કેટ બમરોલી પદ્મશ્રી મેડીકલ સ્ટોર માં તા.૦૩/૦૫/૨૦૨૨ ના રોજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી નાં માર્ગદર્શન હેઠળ બમરોલી વોર્ડના આરોગ્ય વિભાગનાં સ્ટાફ દ્વારા આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૯.૩૦૦ કિ.ગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી નાશ કરવામાં આવેલ. જેથી સંસ્થાનાં માલિકને નોટીસ આપી રૂા.૧૦,૦૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૪૬...
તા.૦૩/૦૫/૨૦૨૨

# પ્રે સ નો ટ

ડેપ્યુ. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ ચાલુ ઉનાળાની સીઝનને ધ્યાનમાં લઈ સુરત શહેર વિસ્તારમાં આવેલ મેન્ગો મિલ્ક શેકનું વેચાણ કરતી સંસ્થાઓની તા.૦૯/૦૫/૨૦૨૨ નાં રોજ ફુડ વિભાગના ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી નીચે જણાવેલ સંસ્થાઓમાંથી કુલ–૨૧ નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| ૧ | શિવ ખમણ એન્ડ ફરસાણ હાઉસ (મહેન્દ્ર એન્ડ નરેન્દ્ર કેરી રસ કેન્દ્ર) | પ્રગતિ નગર, ચોકસી વાડીની સામે, અડાજણ, સુરત |
| ૨ | હરેક્રિષ્ણ રસ | રીયલ કેદારભવન એપા. હની પાર્ક રોડ, અડાજણ, સુરત |
| ૩ | ન્યુ ગોકુલ રસ કેન્દ્ર | ઈશ્વરનગર સોસા, ગોતાલાવાડી, કતારગામ, સુરત |
| ૪ | ઓમ ગોકુલ રસ ભંડાર | પંડોળ શોપીગ સેન્ટર, વેડ રોડ, સુરત |
| ૫ | જૈન જ્યુસ | અમીધારા એપા. ટેની કલ્બ પાસે, અઠવાલાઈન્સ, સુરત |
| ૬ | ગોકુલ રસ ભંડાર | પંડોળ શોપીગ સેન્ટર, વેડ રોડ, સુરત |
| ૭ | શ્રી ગોકુલ રસ ભંડાર | પંડોળ શોપીગ સેન્ટર, વેડ રોડ, સુરત |
| ૮ | શ્રી બ્રહમાણી એગ્રોફુડ પ્રોડકટ | પ્રવેગ એપા. એલ.પી.સવાણી, સુરત |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૪૯
તા.૦૯/૦૫/૨૦૨૨

# પ્રેસનોટ

**સાઉથ ઝોન(ઉધના)(એ.) માં સમાવિષ્ટ વિસ્તારમાં ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૦૨(ઉધના)માં કબજો દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ તથા સુરત મહાનગરપાલીકાને સુરત–નવસારી મેઈન રોડ પર વર્ષોથી બાકી રહેલ ૬૦.૯૬ મીટર પહોળાઈના ટી.પી. રસ્તા પૈકીની જગ્યાનો કબજો મળેલ તે અંગેની વિગતઃ–**

સાઉથ ઝોન(ઉધના)(એ.)ના એડી. સીટી ઈજનેર તથા ઝોનલ ચીફશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)(એ.)માં આવેલ ફાયનલ ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૦૨(ઉધના)ના ઓરીજીનલ પ્લોટ નં. ૧૮, ફાયનલ પ્લોટ નં. ૨૮ ના મિલકતદારોને ઓરીજીનલ પ્લોટ નં. ૧૯ માંથી ફાયનલ ટાઉન પ્લાનીગ સ્કીમ મુજબ ફાળવેલ આશરે ૧૯,૩૦૦ ચો.ફૂટ જગ્યાનો કબજો અપાવવાનો હોય તથા ઓરીજીનલ પ્લોટ નં. ૧૮ ના મિલકતદારો પાસેથી ફાયનલ ટાઉન પ્લાનીગ સ્કીમ મુજબ ૬૦.૯૬ મીટર ટી.પી.રસ્તા પૈકીની આશરે ૨૩,૦૦૦ ચો.ફૂટ રસ્તાનો કબજો લેવાનો થતો હોય અત્રેથી ઓરીજીનલ પ્લોટ નં. ૧૯ ના મિલકતદારોને વર્ષઃ ૨૦૧૧ માં કબજા ફેરફારની કરવાની તથા કબજો દૂર કરવાની નોટીસો પાઠવવામાં આવેલ જે અન્વયે ઓરીજીનલ પ્લોટ નં. ૧૯ ના મિલકતદારો પૈકી ઉમેનાબાઈ ફકરૂદ્દીન મીઠીબોરવાલા તથા અન્યો ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં સુરતમહાનગરપાલીકા તથા અન્યો વિરૂધ્ધ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૪૩૫૧/૨૦૧૧ થી પીટીશન દાખલ કરેલ જે નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ડીસ્પોઝડ કરવામાં આવેલ જે અન્વયે ઉમેનાબાઈ ફકરૂદ્દીન મીઠીબોરવાલા તથા અન્યો ધ્વારા ફરીથી નામ.ગુજરાત હાઈકોર્ટમાં સુરતમહાનગરપાલીકા તથા અન્યો વિરૂધ્ધ લેટર્સ પેટન્ટ અપીલ નં.૧૦૩૦/૨૦૧૩ દાખલ કરવામાં આવેલ જે પણ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ડીસ્પોઝડ કરવામાં આવેલ તેમ છતાં ઓરીજીનલ પ્લોટ નં.૧૯ નામિલકતદારો ધ્વારા ફાયનલ પ્લોટ નં. ૨૮ ના ફાળે જતી જગ્યાનો કબજો દૂર કરવામાં આવેલ ન હોય અત્રેથી મિલકતદારોને નોટીસો પાઠવી સદર જગ્યાનો કબજો દૂર કરવા જણાવેલ તેમ છતાં તેઓ ધ્વારા કબજો દૂર કરવામાં આવેલ નહી. જે દરમ્યાન ફાયનલ પ્લોટ નં. ૨૮ ના મિલકતદાર પ્રમોદચંદ્ર રતિલાલ ગજ્જર ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં સુરતમહાનગરપાલીકા તથા અન્યો વિરૂધ્ધ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૬૮૨૪/૨૦૨૧થી પીટીશન દાખલ કરી ઓરીજીનલ પ્લોટ નં. ૧૯ માંથી ફાયનલ પ્લોટ નં. ૨૮ ને ફાળે જતી જગ્યાનો કબજો સુરતમહાનગરપાલીકા ધ્વારા અપાવવામાં આવે તે મુજબની દાદ માંગેલ જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારાતા.૧૯/૦૪/૨૦૨૨થી સદર જગ્યાનો કબજો દિન–૩૦ માં ફાયનલ પ્લોટ નં. ૨૮ ના મિલકતદારોને અપાવવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી ફરીથી ઓરીજીનલ પ્લોટ નં. ૧૯ ના તમામ મિલકતદારોને તા.૨૦/૦૪/૨૦૨૨થી નોટીસો પાઠવી દિન–૦૭(સાત)માં સદર જગ્યામાંથી કબજો દૂર કરવા જણાવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા સદર જગ્યાનો કબજો દૂર કરવામાટે મિલકતોનું ડીમોલીશન કરવાનું હોય જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુસર સાઉથ ઝોન(ઉધના)(એ.) કચેરી ધ્વારા તા.૦૯/૦૫/૨૦૨૨ તથા તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ પોલીસ બંદોબસ્તની માંગણી કરેલ જે દરમ્યાન ઉમેનાબાઈ ફકરૂદ્દીન મીઠીબોરવાલાના વારસદારો અસગર ફકરૂદ્દીન મીઠીબોરવાલા તથા અન્યો ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન

નં.૮૫૩૨/૨૦૨૨ થી પીટીશન દાખલ કરેલ જે નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૦૫/૦૫/૨૦૨૨ થી ડીસ્પોઝડ કરવામાં આવેલ. જે અંગે કાયદાકીય પરમાર્શ કર્યા બાદ તથા નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૬૮૨૪/૨૦૨૧ માં થયેલ હુકમ મુજબ તા.૦૯/૦૫/૨૦૨૨ ના રોજથી ઓરીજીનલ પ્લોટ નં.૧૯ માંથી ફાયનલ પ્લોટ નં. ૨૮ ને ફાળે જતી જગ્યામાં આવેલ મિલકતોના ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે પૈકી આજ તા.૦૯/૦૫/૨૦૨૨ ના રોજ કુલ-૦૩ મિલકતોનું ડીમોલીશન કરી આશરે ૬૦૦૦ ચો.ફૂટ જગ્યાનો કબજો દૂર કરવામાં આવેલ. આ કામગીરીમાં સાઉથઝોન(ઉધના)(એ.) કચેરીના કે.ઈજનેર-૦૪, આસી./જુ.ઈજનેર-૧૧, સુપરવાઈઝર-૦૪, ટેક.આસી.-૦૫, દબાણવિભાગનો સ્ટાફ-૧૫, સુરતમહાનગરપાલીકાનો સીક્યોરીટી સ્ટાફ એસ.આર.પી. સહિત-૨૧ મળી **કુલ સ્ટાફ**- ૬૦ તથા ઉધનાપોલીસ સ્ટેશનનો **પોલીસ સ્ટાફ**- ૨૩ તેમજ મજુર ગાડી-૦૫, જે.સી.બી.-૦૨, જે.સી.બી. બ્રેકર-૦૨,પોકલેન મશીન-૦૧ ની મદદથી સદર કામગીરી હાથ ધરવામાં આવેલ છે તથા બાકી રહેલ મિલકતોના ડીમોલીશનની કામગીરી તા.૧૦/૦૫/૨૦૨૨ થી કામગીરી પૂર્ણ ન થાય ત્યાંસુધી હાથ ધરવામાં આવનાર છે. આમ ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમ મુજબ કબજા ફેરફાર થવાથી આશરે ૧૫ વર્ષ ઉપરાંતથી સુરત-નવસારી મેઈન રોડનો ૬૦.૯૬ મીટર પૈકી બાકી રહેલ આશરે **૨૩,૦૦૦ ચો.ફૂટ રસ્તાનો કબજો** સુરત મહાનગરપાલીકાને મળી રહેશે જેથી તે રસ્તા પૈકીની જગ્યામાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી હાથ ધરી શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલીકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૦
તા.૦૯/૦૫/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા દ્વારા સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારના ઇલેક્શન વોર્ડ નંબર ૧૨ અને ૧૩ માં સમાવિષ્ટ નાણાવટ, વરીયાવી બજાર, સૈયદપૂરા, રામપુરા, લાલદરવાજા, ભાગળ, વાડીફળીયા, ગોપીપૂરા, નવસારી બજાર, સલાબતપૂરા વિગેરે વિસ્તારના પ્રશ્નો બાબતે સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ સાથે ટુ વ્હીલર પર અંતરીયાળ વિસ્તારમાં અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લઈ રહીશોના સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે અધિકારીશ્રીઓને જરૂરી સુચનો કર્યા હતા.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૫૧**
તા.૦૯/૦૫/૨૦૨૨









# –::<u>પ્રેસનોટ</u>::–

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા. ૧૦/૦૫/૨૦૨૨ નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બ)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બ)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બ) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૧૨ | ૨૪૦૦ | ૧૨ | ૨૪૦૦ | ૨૪ | ૪૮૦૦ |
| વરાછા (એ) | ૦૭ | ૧૪૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| વરાછા (બી) | ૦૭ | ૧૪૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| રાંદેર | ૨૧ | ૪૨૦૦ | ૨૧ | ૪૨૦૦ | ૪૨ | ૮૪૦૦ |
| કતારગામ | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| ઉધના (એ) | ૨૧ | ૪૨૦૦ | ૧૨ | ૨૪૦૦ | ૩૩ | ૬૬૦૦ |
| ઉધના (બી) | ૦૩ | ૬૦૦ | ૦૪ | ૮૦૦ | ૦૭ | ૧૪૦૦ |
| લિંબાયત | ૨૦ | ૪૦૦૦ | ૧૪ | ૨૮૦૦ | ૩૪ | ૬૮૦૦ |
| અઠવા | ૦૪ | ૮૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૧૪ | ૨૮૦૦ |
| કુલ | ૧૦૧ | ૨૦૨૦૦ | ૯૪ | ૧૮૮૦૦ | ૧૯૫ | ૩૯૦૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૨
તા. ૧૦/૦૫/૨૦૨૨

TOBACCO NONDH

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી તા.૧૦/૦૫/૨૦૨૨ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરના તમામ ઝોન વિસ્તારમાં આવેલ કુલ–૨૩ મરી–મસાલાના વેચાણ કરતા માંડવાઓની આકસ્મિક સ્થળ તપાસ કરી મરી–મસાલાના કુલ–૪૦ નુમના લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેના રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુનાનું નામ |
|---|---|---|---|
| ૧. | દેવીકૃપા મસાલા ભંડાર | સ્વામિ નારાયણ મંદિરની બાજુમાં, ડભોલી, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૨. | વરદાયિની મસાલા ભંડાર | અક્ષરદીપનો પોપડો, સિંગણપોર ચાર રસ્તા, સુરત | હળદર પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૩. | ગુરૂકૃપા મસાલા ભંડાર | રમણ પાર્ક સોસા., સિંગણપોર, સુરત | હળદર પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૪. | જલારામ મસાલા | શ્રીરામ પેટ્રોલ પંપ પાસે, અડાજણ ,સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૫. | જલારામ મસાલા | ઓમ શિવમ કોમ્પલેક્ષ, ગંગેશ્વર મંદિર પાસે, અડાજણ, સુરત | મરચાં પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૬. | જલારામ મસાલા | મધુવન સર્કલ, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત | જીરૂં |
| ૭. | જલારામ મસાલા | અંબિકા નગર, જહાંગીરપુરા, સુરત | અજમો |
| ૮. | જય ભુટ ભવાની મરચાં ભંડાર | ડી માર્ટની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૯. | જય ખોડીયાર મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા જકાતનાકા, સુરત | હળદર પાવડર |
| ૧૦. | જય ગટ્રાડ મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા જકાતનાકા, સુરત | મરચાં પાવડર |
| ૧૧. | ખોડીયાર મસાલા ભંડાર | માનસરોવર સર્કલ, અમરોલી સાયણ રોડ, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૧૨. | જલારામ મસાલા | બંબાગેટ પોલીસ ચોકીની બાજુમાં, કોસાડ, અમરોલી, સુરત | સુવા<br>અજમો<br>જીરૂં |
| ૧૩. | ગણેશ મસાલા ભંડાર | ગોપાલ નગર, બમરોલી રોડ, સુરત | હળદર પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૧૪. | ઉમિયા મસાલા ભંડાર | આર્શિવાદ ટાઉનશીપ –૧, બમરોલી, સુરત | હળદર પાવડર |
| ૧૫. | શ્રી ચામુંડા મરચાં ભંડાર | ગામતલ, પટેલ ફળીયું, ડીંડોલી, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર<br>ધાણાજીરૂં પાવડર |
| ૧૬. | સાંઈ સમ્રાટ મરચા | મહાવીર ચોક, યોગી ચોક, સુરત | મરચાં પાવડર |
| ૧૭. | માં ભુટ ભવાની મરચા ફાર્મ | મહાવીર ચોક, યોગી ચોક, સુરત | હળદર પાવડર |
| ૧૮. | જય ખોડીયાર મરચા ફાર્મ | મહાવીર ચોક, યોગી ચોક, સુરત | મરચાં પાવડર |
| ૧૯. | જય ચામુંડા મરચા ફાર્મ | મહાવીર ચોક, યોગી ચોક, સુરત | મરચાં પાવડર |
| ૨૦. | પટેલ મરચા મસાલા ભંડાર | કુબેર નગર, બોમ્બે માર્કેટ ટુ પુના રોડ, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૨૧. | જલારામ મસાલા | સેન્ટ્રલ મોલની બાજુમાં, ડુમસ રોડ, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૨૨. | જલારામ મસાલા | ફ્લોરેન્સ હોસ્પિટલની બાજુમાં વેસુ, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |
| ૨૩. | સર્વમંગલ મસાલા | રેણુકા ભવન પાસે, પુના બોમ્બે માર્કેટ રોડ, સુરત | હળદર પાવડર<br>મરચાં પાવડર |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૫૩

તા.૧૦/૦૫/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
## હાઈડ્રોલિક વિભાગ

**<u>પ્રેસનોટ</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હર હંમેશ કટીબધ્ધ છે. સાઉથ–વેસ્ટ ઝોન (અઠવા) વિસ્તાર પૈકીમાં વેસુ–૧, વેસુ–૨ અને ડુમસ જળવિતરણ મથકના વિસ્તારમાં તા.૧૩/૦૫/૨૦૨૨ ના રોજ DGVCL દ્વારા સબસ્ટેશન મેન્ટેનન્સની કામગીરી માટે સવારે ૯.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક સુધી પાવર સપ્લાય બંધ રહેનાર છે. જેથી સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) પૈકીના વેસુ ગામથી પીપલોદ સુધી, વેસુ=૨ જળ વિતરણ મથકની આજુબાજુનો વિસ્તાર, વેસુ=આભવા જળ વિતરણમથક હેઠળનો ટી.પી.૭૫ તથા આભવા ગામતળ અને ગવીયર, ડુમસ, કાદી ફળીયા, સુલતાનાબાદ, ભીમપોર ગામતળ વિસ્તાર તથા સેટેલાઈટ બંગલો, અવધ ઉટોપીયા, એરપોર્ટ અને તેની આજુબાજુનો વિસ્તારોમાં પાણી પુરવઠો અવરોધાય(બંધ રહે)/ ઓછા પ્રેશર/જથ્થા/સમયમાં મળવાની શકયતા છે. જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૪
તા. ૧૦/૦૫/૨૦૨૨

28

## :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન ચાલુ વર્ષે આગામી સમયમાં અનુકૂળ ઓડિટોરીયમમાં કરવામાં આવનાર છે. આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ ભાગ લઈ શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૩૧/૦૫/૨૦૨૨ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં. ૫૫ , તા.૧૦/૦૫/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

<u>વિના મૂલ્યે</u>

# <u>–: પ્રેસ નોટ :–</u>

<u>સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન–એ (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આવેલ ભેસ્તાન વિસ્તારમાં આવેલ સંગમ સોસાયટી પ્લોટ નં. એ/૧૩૪. ના ગોડાઉનમાં મળેલ માહિતીના આધારે તા.૧૧/૦૫/૨૦૨૨ ના રોજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી નાં માર્ગદર્શન હેઠળ ભેસ્તાન વોર્ડના આરોગ્ય વિભાગનાં સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૪૯૪.૮૦૦ કિ.ગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી નિયમોનુસાર નાશ કરવામાં આવેલ તથા સંસ્થાનાં માલિકને નોટીસ આપી રૂા.૫.૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.</u>

<u>જન સંપર્ક વિભાગ</u>
<u>સુરત મહાનગરપાલિકા તરફથી સાદર</u>
<u>સમાચાર યાદી નં.૫૬</u>
<u>તા.૧૧/૦૫/૨૦૨૨</u>

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા " આઝાખી કા અમૃત મહોત્સવ " ની ઉજવણીના ભાગરૂપે " ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ T–૨૦ ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦ નું આયોજન તા.૧૨/૦૫/૨૦૨૨ થી તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ ખાતે સુરત તેમજ પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ ભીમપોર, સુરત ખાતે કરવામાં આવેલ. જે અંતર્ગત સદર ટુર્નામેન્ટનો ઉદ્દઘાટન સમારંભ તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ ખાતે રાખવામાં આવેલ.

સદર ટુર્નામેન્ટનો માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા ના વરદ્દહસ્તે દીપપ્રાગટયથી શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા ગુજરાતની વિવિધ મહાનગરપાલિકાના મેયરશ્રી, ડે.મેયરશ્રીઓ, સ્થાયી સમિતિના ચેરમેનશ્રીઓ, અધિકારીશ્રી/કર્મચારીઓ, પત્રકારમિત્રો, અન્ય મહાનુભાવો તેમજ ક્રિકેટ પ્રેમી નગરજનોએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વધુમાં નીચે મુજબની મેચોનું આયોજન તા.૧૨ થી ૧૫ દરમ્યાન કરવામાં આવેલ છે. જેમાં જાહેર જનતાને જોડાવા ભાવ ભર્યુ નિમંત્રણ છે.

| ક્રમ | સ્થળ | તારીખ | પ્રથમ મેચનો સમય | બીજી મેચનો સમય |
|---|---|---|---|---|
| ૧ | સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ,સુરત. | ૧૨/૦૫/૨૦૨૨ | સવારે ૮.૦૦ કલાકે | સાંજે ૬.૦૦ કલાકે |
| | | ૧૩/૦૫/૨૦૨૨ | સવારે ૮.૦૦ કલાકે | સાંજે ૬.૦૦ કલાકે |
| | | ૧૪/૦૫/૨૦૨૨ | સાંજે ૪.૩૦ કલાકે | રાત્રે ૮.૦૦ કલાકે |
| | | ૧૫/૦૫/૨૦૨૨ | બપોરે ૨.૩૦ કલાકે | સાંજે ૬.૩૦ કલાકે |
| ૨ | પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત. | ૧૨/૦૫/૨૦૨૨ | સવારે ૮.૦૦ કલાકે | બપોરે ૨.૦૦ કલાકે |
| | | ૧૩/૦૫/૨૦૨૨ | સવારે ૮.૦૦ કલાકે | બપોરે ૨.૦૦ કલાકે |
| | | ૧૪/૦૫/૨૦૨૨ | સવારે ૮.૦૦ કલાકે | બપોરે ૨.૦૦ કલાકે |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૭
તા.૧૨/૦૫/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયર અને કમિશનર ટીમ વચ્ચે "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ ઈન્વીટેશન T-20 ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦"નું તા.૧૧ થી ૧૫ મે ૨૦૨૨ દરમ્યાન **સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ, સુરત, અને પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત** ખાતે આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૮:૦૦ કલાકે **પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત** ખાતે સુરત કમિશનર ઈલેવન અને ભાવનગર કમિશનર ઈલેવન ટીમ મેચ રમાઈ હતી. સૌ પ્રથમ બન્ને ટીમોની ઓળખવિધી બાદ ટોસ ઉછાળી મેચની શરૂઆત કરાવામાં આવી હતી જેમાં ભાવનગર કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ વીસ ઓવરમાં ૭૫ રનમાં ઓલઆઉટ થયા હતા જેમાં શ્રી કિશોરભાઈએ ૩૫ રન, શ્રી વનરાજભાઈએ ૧૪ રન, શ્રી ભુપેન્દ્રભાઈએ ૦૮ રન તેમજ શ્રી મનિષભાઈએ ૦૫ રન કર્યા હતા. જયારે સુરત કમિશનર ઈલેવન વતી શ્રી રાકેશ પટેલે ૦૪ ઓવરમાં ૦૭ રન આપી ૦૪ વિકેટ, શ્રી દિવ્યેશ પટેલે ૦૪ ઓવરમાં ૧૧ રન આપી ૦૩ વિકેટ, શ્રી અક્ષય પટેલે ૦૪ ઓવરમાં ૧૬ રન આપી ૦૧ વિકેટ, તેમજ શ્રી રાહુલભાઈએ ૦૨ ઓવરમાં ૧૫ રન આપી ૦૧ વિકેટ ઝડપી હતી . સુરત કમિશનર ઈલેવન ટીમે ૭.૪ ઓવરમાં ૨ વિકેટના ભોગે આપેલ લક્ષ્યાંક પૂરો કરી ૮ વિકેટે આસાન વિજય મેળવ્યો હતો જેમાં શ્રી વિવેકભાઈ પટેલે ૪૦ રન, શ્રી જીતુ પરમારએ નોટઆઉટ ૨૫ રન અને શ્રી નરેશ પરમાર નોટઆઉટ ૦૯ રન કર્યા હતા. આ મેચમાં શ્રી રાકેશ પટેલ મેન ઓફ ધ મેચ ઘોષીત થયા હતા.

ગુજરાત રાજ્યની મહાનગરપાલિકાઓ વચ્ચે કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના હેતુથી વર્ષ ૨૦૦૮ થી રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા શરૂ થયેલ ક્રિકેટ ટુર્નામેન્ટનું ૨૦૦૯ અને ૨૦૧૪ નાં વર્ષમાં સુરત મહાનગરપાલિકાએ આયોજન કર્યુ હતું. ફરી વર્ષ ૨૦૨૨ માં "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ ઈન્વીટેશન T-20 ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦" માં સુરત યજમાન બન્યું છે. તા.૧૧ થી ૧૫ મે ૨૦૨૨ સુધી દરરોજ બે મેચો રમનાર છે.

**સમાચાર યાદી નં.૫૮, તા.૧૨/૦૫/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા .**

# પ્રેસ નોટ

........................

**માહે એપ્રિલ ૨૦૨૨ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે **એપ્રિલ ૨૦૨૨** દરમ્યાન **૪૦૪૮** ઈન્ડોર તથા **૫૬૫૧૭** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૩૪૩** નાના તથા **૭૩૨** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૪૬૧૨** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૭૭૧** અને જુના ૧૮૦૫ દર્દીઓ સહીત કુલ **૨૫૭૬** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૧૭૩** તથા આંખ વિભાગમાં **૨૫૭૮** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૧૧૪** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૫૯
તા.૧૨/૦૫/૨૨

SWACHH SURVEKSHAN 2022

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**તા.૧૨/૦૫/૨૦૨૨**

સુરત મહાનગરપાલિકા ધ્વારા સિંગણપોર વિયરથી ઓએનજીસી બ્રીજ સુધી(૧૦ કી.મી.) અને સિંગણપોર વિયરથી કઠોર બ્રીજ સુધી (૨૩ કી.મી.) આમ, અંદાજે કુલ ૩૩ કિ.મી.ના વિસ્તારમાં તાપી નદીનાં બન્ને કાંઠાને નવસાધ્યકરણ કરી રીવરફ્રન્ટ વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ. સુરત શહેર માટે લાંબાગાળાની ભવિષ્યલક્ષી તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ યોજનાની આગળની તમામ કામગીરી તેમજ અમલીકરણ, નિભાવ વગેરે કરવા માટે અલાયદી "સ્વતંત્ર/સ્વાયત્ત સ્પેશીયલ પર્પઝ વિહીકલ (SPV) કંપની તરીકે "તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી."ને *Ministry of Corporate Affairs (MCA), New Delhi* દ્વારા તા.૦૨/૦૨/૨૦૨૨ થી કંપની incorporate - રજીસ્ટર્ડ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના મહત્વાકાંક્ષી પ્રકલ્પ તાપી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને રીજુવેનેશન પ્રોજેકટ અંતર્ગત નાણાંકીય સહાય મેળવવા બાબતે વર્લ્ડબેંક ટીમ તા.૦૯/૦૫/૨૦૨૨ થી તા.૧૪/૦૫/૨૦૨૨ દરમ્યાન સુરતની મુલાકાતે આવેલ છે. આજરોજ સુરત મહાનગરપાલિકા તરફથી મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, તાપી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નિયુકત થયેલ મા.ચેરમેનશ્રી અને કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા તથા ડાયરેકટરશ્રીઓ અને સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, વિવિધ ક્ષેત્રના પ્રકલ્પને સંબંધિત તજજ્ઞશ્રીઓની વર્લ્ડબેંકની ટીમ સાથે રૂબરૂ પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. જેમાં તાપી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની રચના તેમજ પ્રકલ્પ સંબંધિત આગળની કાર્યવાહી કરવા બાબતની જાણકારી આપવામાં આવેલ. આ મિટિંગમાં સમગ્રતઃ પ્રકલ્પનું પ્રત્યક્ષ અમલીકરણતાકીદે હાથ ધરી શકાય તેવા તમામ પ્રયત્નો સંયુકતપણે હાથ ધરવા વર્લ્ડબેંક ટીમે પૂરેપૂરો સહકાર આપવા તત્પરતા દાખવેલ છે કે, જેથી સુરતના નાગરિકો વર્લ્ડ કલાસ લેવલના તાપી રિવરફ્રન્ટનો લાભ લઈ શકે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૦
તા. ૧૨/૦૫/૨૦૨૨

C:\Users\user1.pro123\Downloads\FINAL Press-Note (2).docx

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

WWW.SURATMUNICIPAL.GOV.IN

## વ્યવસાયવેરા કરદાતા જોગ

સુરત મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતા વ્યવસાયીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીના નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક નં. GHN-35- PFT- 2022-5.3(2)(10) તા.૦૮/૦૪/૨૦૨૨ ના નોટીફીકેશન મુજબ આર.સી.વ્યવસાયવેરાના શીડયુલ નં.૧ (અ) અને (બ)માં પગાર પ્રમાણે વેરાના લાગુ દર રૂ.૮૦/– અને રૂ.૧૫૦/– નો સ્લેબ તા.૦૧/૦૪/૨૦૨૨ના અસરથી રદ કરવામાં આવેલ છે. સરકારના આ જાહેરનામા મુજબ હવે આર.સી. વ્યવસાયવેરાના શીડયુલ ક્રમાંક ૧ માં નીચે મુજબ નવીન સુધારો કરેલ છે.

| અ.નં. | પગાર પ્રમાણે વેરાના દર રૂા. | દર રૂા. |
|---|---|---|
| ૧. | રૂા.૧૨૦૦૦/– સુધીના માસિક પગારદારો | શૂન્ય |
| ૨. | રૂા.૧૨૦૦૦/– થી વધુ માસિક પગારદારો | રૂા.૨૦૦ |

પ્રોફેશનલ ટેક્ષ ઈ.સી./આર.સી.ના નાણાં નિયત સમયમાં ભરપાઈ કરી વ્યાજ અને પેનલ્ટીમાંથી મુકિત મેળવી શકશો. સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ "WWW.SURATMUNICIPAL.GOV.IN" માં લોગઈન કરી ઈ–પેમેન્ટ કરી શકશો. આ સંદર્ભે વધુ જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની તમામ ઝોન ઓફિસના વ્યવસાયવેરા વિભાગનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં...૬૧...........<br>
તા.૧૩/૦૫/૨૦૨૨

## સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયર અને કમિશનર ટીમ વચ્ચે "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ ઈન્વીટેશન T-20 ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦"નું તા.૧૧ થી ૧૫ મે ૨૦૨૨ દરમ્યાન **સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ, સુરત અને પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત** ખાતે આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૩/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૮:૦૦ કલાકે **પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત** ખાતે અમદાવાદ કમિશનર ઈલેવન અને જુનાગઢ કમિશનર ઈલેવન ટીમ મેચ રમાઈ હતી. સૌ પ્રથમ બન્ને ટીમોની ઓળખવિધી બાદ ટોસ ઉછાળી મેચની શરૂઆત કરાવામાં આવી હતી જેમાં અમદાવાદ કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ વીસ ઓવરમાં ૨૧૦ રન કર્યા હતા જેમાં શ્રી પ્રકાશભાઈએ ૯૦ રન અણનમ, શ્રી ઉર્વેશભાઈએ ૪૧ રન, શ્રી જગદીશભાઈએ ૩૭ રન કર્યા હતા. જયારે જુનાગઢ કમિશનર ઈલેવન વતી શ્રી પ્રશાંતભાઈએ ૦૪ ઓવરમાં ૧૭ રન આપી ૦૨ વિકેટ અને શ્રી દિનેશભાઈએ ૦૩ ઓવરમાં ૨૯ રન આપી ૦૨ વિકેટ ઝડપી હતી. જુનાગઢ કમિશનર ઈલેવન ટીમે ૧૭.૪ ઓવરમાં ૧૦૦ રનમાં ઓલઆઉટ થઈ જતાં અમદાવાદ કમિશનર ઈલેવને આસાન વિજય મેળવ્યો હતો જેમાં શ્રી પ્રવિણભાઈએ ૩૧ રન, શ્રી પ્રશાંતભાઈએ ૧૫ રન અને શ્રી કિરણભાઈએ ૧૪ રન કર્યા હતા. જયારે અમદાવાદ કમિશનર ઈલેવન ટીમ વતી જીતેન્દ્રભાઈએ ૦૪ ઓવરમાં ૦૧ રન આપી ૦૨ વિકેટ, શ્રી પ્રકાશભાઈએ ૦૩ ઓવરમાં ૧૭ રન આપી ૦૨ વિકેટ અને શ્રી રજનીશ પરમારે ૦૩ ઓવરમાં ૦૯ રન આપી ૦૧ વિકેટ ઝડપી હતી.

ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ વચ્ચે કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના હેતુથી વર્ષ ૨૦૦૮ થી રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા શરૂ થયેલ ક્રિકેટ ટુર્નામેન્ટનું ૨૦૦૯ અને ૨૦૧૪ નાં વર્ષમાં સુરત મહાનગરપાલિકાએ આયોજન કર્યુ હતું. ફરી વર્ષ ૨૦૨૨ માં "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ ઈન્વીટેશન T-20 ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦" માં સુરત યજમાન બન્યું છે.

**સુરત મહાનગરપાલિકા**
**જનસંપર્ક વિભાગ**
**સમાચાર યાદી નં.૬૨**
**તા.૧૪/૦૫/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી.વિભાગ

## અખબારી યાદી

**સચીન કોમ્યુનીટી હોલ, સચીન પોલીસ સ્ટેશનની ગલીમાં ,સુરત ખાતે મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા. ૧૪/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦** કલાક દરમ્યાન **સચીન કોમ્યુનીટી હોલ, સચીન પોલીસ સ્ટેશનની ગલીમાં ,સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આઠમાં તબકકાનો બીજા "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત .ડે.કમિશનરશ્રી એમ.વી.કીનખાબવાલાએ આવકાર પ્રવચન આપતા જણાવેલ કે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સંયુક્ત ઉપક્રમે સુરત શહેરમાં સચિન અને કનકપુર વિસ્તાર ખાતે પ્રથમ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરેલ છે જેથી એકજ સ્થળેથી અનેકવિધ યોજનાઓનો લાભ આજે લોકો લઇ રહ્યા છે.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલે  પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સચિન વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમમાં લોકોના વિવિધ પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે.અને લોકો વધુમાં વધુ સેવાઓનો લાભ મેળવે તે માટે અપીલ કરવામાં આવી હતી, ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલે જણાવ્યું હતું કે સેવાસેતુના માધ્યમ થકી સરકારની વિવિધ સેવાઓનો સીધે-સીધો લાભ મળે તેવો અભિગમ રહેલો છે.માટે સેવાસેતુ ને લોકો દ્વારા ખુબજ આવકારવામાં આવે છે.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સામાન્ય માણસને પણ સરકારી ખાતામાં ધક્કા ના ખાવા પડે અને લાભાર્થીઓને સમય બચે તેમજ એકજ જગ્યાએ થી તમામ પ્રકારની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે.જે સારી બાબત ગણાય .મ્યુ.સદસ્યશ્રી ચિરાગભાઈ સોલંકી દ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી,ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/ વસુલાત/ પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ, વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ ૯૯૭ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.
તા. ૧૪/૦૫/૨૦૨૨








ગુજરાત સરકાર
અને
Surat

Dengue is Preventable: Let's join hands-ચાલો સૌ સાથે મળીએ: ડેન્ગ્યુ અટકાવી શકાય છે

<u>સુરત મહાનગર પાલિકા</u>
<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>
<u>અખબારી યાદી</u>

# <u>રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ–૧૬ મે</u>

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટેલોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ, ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઇમારતો વિગેરે પર ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપતાં સ્ટીકરો ચોંટાડવામાં આવેલ છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોની સોસાયટીઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે <u>તા૧૬/૦૫/૨૨</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–<u>સેન્ટ્રલઝોનમાં</u> ધાસ્તીપુરા કોળીવાડ, ખાનસાહેબનુ ભાઠુ,લાપસીવાલાની ચાલ,છપ્પનચાલ,કાદરશાહની નાળ,કાજીનું મેદાન બેગમપુરા, ગોપીતળાવ, અકબર શહીદનો ટેકરો, રાવણતાડ ચાર રસ્તાજેવાવિસ્તારોમાં,<u>વેસ્ટઝોનમાં સંસ્કાર કોલોની કોળીવાડ,,ઈ.ડબલ્યુ.એસ.આવાસ (સોમચિંતામણી),(યાજ્ઞિક),હળપતિવાસ</u> જેવાવિસ્તારોમાં, <u>ઉધના–એ ઝોનમાં</u> સંજયનગરહ હરીનગર–૨,ભીમનગર,આવિર્ભાવ સોસા,સત્યનારાયણનગર જેવાવિસ્તારોમાં, <u>ઉધના–બી ઝોનમાં</u> કનકપુર, હરીજનવાસ હળપતીવાસ,ટેકરા ફળિયુ, અંબિકાનગર જેવાવિસ્તારોમાં, <u>લિંબાયતઝોનમાં</u> બાખડ મોહલ્લો, શ્રીવશકરનગર, ઉષાનગર,નરોત્તમનગર હળપતીવાસ, જેવાવિસ્તારોમાં,<u>અઠવાઝોનમાં</u> આદર્શ પછાત વર્ગ, પનાસ ગામ,યુપી નગર, આશિર્વાદ એન્કલેવ હળપતિવાસ,આંબેડકર નગર,મિલેનીયમ લાઈફ સ્ટાઈલ બાંધકામ જેવાવિસ્તારોમાં, <u>કતારગામઝોનમાં</u> રીવરવ્યુ, સુમન નિસર્ગ, ત્રિલોક સોસા., રેલ રાહત કોલોની,મસ્જીદ મોહલ્લો જેવાવિસ્તારોમાં, <u>વરાછાઝોન–એમાં</u> ટાંકલી ફળિયા, ગણેશ નગર,અટલજી નગર,સપના સો., શ્રીરામનગર જેવાવિસ્તારોમાં, <u>વરાછાઝોન–બીમાં</u> ધર્મરાજ સોસા., સરસ્વતી સોસા., ઓમ ટાઉનશીપ–૨ અને ૩, ખડી ફળિયું મોટા વરાછા રામવાટીકા સોસા., વેલંજા સમતાનગર જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

<u>આ ઉપરાંત ડ્રાય ડેની પણ કામગીરી કરવામાં આવી.</u>

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | એડિસ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડક શન | ભાગ લીધેલ વ્યક્તિ ની સંખ્યા | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 30239 | 77805 | 407 | 219 | 2422 | 972 | 19967 | 1781 | 120 | 90500 | 56 | 22436 | 37954 |

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૬૪
તા. ૧૬–૫ –૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયર અને કમિશનર ટીમ વચ્ચે "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન મેયર્સ કપ ઈન્વીટેશન T-20 ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૦"નું તા.૧૧ થી ૧૫ મે ૨૦૨૨ દરમ્યાન **સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ, સુરત અને પીઠાવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમપોર, સુરત** ખાતે આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ બપોરે ૨:૩૦ કલાકે **સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, આભવા ચોકડી, સચીન–ડુમસ રોડ, સુરત** ખાતે સુરત કમિશનર ઈલેવન અને અમદાવાદ કમિશનર ઈલેવન ટીમ વચ્ચે ફાયનલ મેચ રમાઈ હતી. ટોસ ઉછાળી મેચની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સુરત કમિશનર ઈલેવન ટીમે પ્રથમ દાવ લઈ વીસ ઓવરમાં ૧૮૪ રન કર્યા હતા જેમાં ચિરાગ પટેલ ૭૬ રન, અક્ષય પટેલ ૪૫ રન, ધમેન્દ્ર સેલર ૧૯ રન કર્યા હતા. અમદાવાદ કમિશનર ઈલેવન વતી બોલીગમાં પ્રકાશ વાલુનાએ ૨૫ રન આપી ૦૨ વિકેટ અને જિતેન્દ્ર વાઘેલાએ ૩૬ રન આપી ૦૨ વિકેટ ઝડપી હતી. અમદાવાદ કમિશનર ઈલેવન ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૩૧ રન કર્યા હતા. બેટીગમાં અમદાવાદ કમિશનર ઈલેવન તરફથી નીતિનએ ૪૮ રન, રજનીશ પરમારએ ૩૨ રન કર્યા હતા. આમ સુરત કમિશનર ઈલેવનનો ૫૨ રનથી ફાયનલ મેચમાં વિજય થયેલ. બોલીગમાં કમિશનર ઈલેવન સુરત તરફથી ચિરાગ પટેલએ ૨૪ રન આપી ૩ વિકેટ, રાકેશ પટેલએ ૨, રન આપી ૨ વિકેટ, ધર્મેન્દ્ર સેલરે ૧૪ રન આપી ૧ વિકેટ ઝડપી હતી. આમ સુરત કમિશનર ઈલેવન ટીમ વિજેતા જાહેર થયેલ.

ટુર્નામેન્ટમાં મેયર્સ ગ્રુપ વચ્ચેનો ફાયનલ મેચ સાંજે ૦૭ કલાકે સી.બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સુરત મેયર્સ ટીમ અને બરોડા મેયર્સ ટીમ વચ્ચે રમાયેલ. જેમાં માન.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા, માન.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માન.ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ ઘોઘારી, માન.સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી પરેશભાઈ પટેલ, માન.શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપુત તથા વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ અને મ્યુ.અધિકારીશ્રીઓની હાજરીમાં ટોસ કરેલ. જેમાં સુરત મેયર્સ ટીમ દ્વારા ટોસ જીતી પ્રથમ બેટીગ પસંદ કરવમાં આવેલ. સુરત મેયર્સ ટીમ દ્વારા પ્રથમ બેટીગ કરતા ૨૦ ઓવરમાં ૦૯ વિકેટના ભોગે ૧૭૩ રન કરવામાં આવેલ, સુરત મેયર્સ ટીમ વતી કૃણાલ સેલર દ્વારા ૩૯ બોલમાં ૪૫ રન, નિલેશ પટેલ ૨૦ બોલમાં ૩૪ રન ચિરાગ સોલંકી ૧૫ બોલમાં ૨૬ રન કર્યા હતા. બરોડા મેયર્સ ટીમ આશીષ જોશી દ્વારા ૨૨ રનમાં ૦૪ વિકેટ, મનોજ પટેલ ૩૯ રનમાં ૦૩ વિકેટ અને ચિરાગ બારોટ દ્વારા ૨૯ રન આપી ૦૨ વિકેટ મેળવેલ. બરોડા મેયર્સ ટીમ દ્વારા ૧૭૪ રનનો પીછો કરતા ૨૦ ઓવરમાં ૦૯ વિકેટના ભોગે ૧૩૨ રનમાં સમેટાય ગઈ હતી. આમ મેયર્સ વિભાગમાં સુરત મેયર્સ ટીમનો ૪૧ રનથી વિજય થયેલ. આમ ફરીવાર ચેમ્પિયન ઓફ ધી ચેમ્પિયન થયેલ. સુરત મેયર્સ તરફથી બોલીગમાં ૦૮ રનમાં ૦૩ વિકેટ, ચિરાગ સોલંકી ૧૮ રન આપી ૦૨ વિકેટ, હસમુખ નાયકા ૨૩ રન આપી ૦૨ વિકેટ ઝડપી હતી.

ટુર્નામેન્ટ ફાયનલ મેચોનો ઈનામ વિતરણ સમારંભ માન.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા, માન.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માન.ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ ઘોઘારી, માન.સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી પરેશભાઈ પટેલ, માન.શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપુત તથા વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ અને ડે.મ્યુ.કમિનરશ્રી એન.વી.ઉપાધ્યાય(IAS), ઓ.એસ.ડી. શ્રી આર.જે.માકડીયા(રીટા.IAS), ડે.કમિશનરશ્રીમતી

સ્વાતીબેન દેસાઈ, એડી.સીટી ઈજનેરશ્રી જતીનભાઈ દેસાઈ, એડી.સીટી ઈજનેરશ્રી અક્ષય પંડયા, ચીફ ઓડીટરશ્રી સ્મીત શેઠ, સેક્રેટરીશ્રી વિધી દેસાઈ વિગેરેના હસ્તે ટુર્નામેન્ટની ચેમ્પિયન ટીમ તેમજ રનર્સઅપ ટીમોને ટ્રોફિ એનાયત કરવામાં આવેલ તથા ટુર્નામેન્ટના ફાયનલ મેચના મેન ઓફ ધી મેચ તરીકે મેયર્સ ટીમના નિલેશ પટેલને જાહેર કરવામાં આવેલ. સમગ્ર ટુર્નામેન્ટના બેસ્ટ બેટસમેન તરીકે કૃણાલ સેલર, બેસ્ટ બોલર તરીકે બરોડા મેયર્સના મનોજ પટેલ, બેસ્ટ ફિલ્ડર બરોડાના બાલુ સુરવે અને ટુર્નામેન્ટના મેન ઓફ ધી સિરીઝ તરીકે સુરત મેયર્સના નિલેશ પટેલને જાહેર કરવામાં આવેલ તથા કમિશનર ગ્રુપમાં ફાયનલ મેચમાં મેન ઓફ ધી મેચ તરીકે ચિરાગ પટેલને જાહેર કરવામાં આવેલ. તેમજ બેસ્ટ બેટસમેન/મેન ઓફધી સિરીઝ તરીકે અમદાવાદ કમિશનર ટીમના પ્રકાશ વાલુના, બેસ્ટ બોલર તરીકે સુરત કમિશનરના રાકેશ પટેલ, બેસ્ટ ફિલ્ડર તરીકે સુરત કમિશનરના સંજય સોલંકીને જાહેર કરવામાં આવેલ. જેઓને સ્ટેજ ઉપર મહાનુભાવો દ્વારા ટ્રોફિ એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ તેમજ ચેમ્પિયન ટીમ તેમજ રનર્સઅપ ટીમોના દરેક ખેલાડીઓ/કોચને મેડલ પહેરાવી સન્માનિત કરવમાં આવેલ. ટુર્નામેન્ટનું સમગ્ર આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા સફળતા પુર્વક પુર્ણ કરવામાં આવેલ.

**સુરત મહાનગરપાલિકા**
**જનસંપર્ક વિભાગ**
**સમાચાર યાદી નં.૬૫**
**તા.૧૬/૦૫/૨૦૨૨**




સુરત મહાનગરપાલિકા
ALL GUJARAT INTER CORPORATION T-20 TOURNAMENT
CHAMPIONS
ALL GUJARAT INTER CORPORATION
T-20 TOURNAMENT
SURAT-2022


AHEMDABAD

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૮,નોધ નં.૧૯૪૧/અ+બ, ૧૯૪૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૧૭/૦૫/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમા માળ પર મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૫૦,૦૦૦/– પેનલ્ટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૬૬
તા.૧૭/૦૫/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

ઈસ્ટ ઝોન–એ(વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ પૂણા વિસ્તારમાં લક્ષ્મીપાર્ક સોસાયટીથી અંજની સોસાયટીમાંથી પસાર થતી ઓપન ખાડીની સફાઈ માટે અંજની સોસાયટી, મણીબા પાર્ક સોસાયટી, રાધાસ્વામી સોસાયટી, રણુજા સોસાયટી, લક્ષ્મીપાર્ક સોસાયટી, વિવેકાનંદ સોસાયટી, ઈશ્વરનગર સોસાયટી, સહજાનંદ સોસાયટીનાં પ્રમુખો ધ્વારા રજુઆતો કરવામાં આવેલ તથા આ બાબતે દૈનિક વર્તમાનપત્રમાં અહેવાલ છપાયેલ જે અન્વયે ઈસ્ટઝોન–એ ધ્વારા નીચે વિગતોએ સોસાયટીમાંથી પસાર થતી ખાડીઓમાં કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીની તારીખ | વિસ્તાર | કુલ ટ્રકના ફેરા |
|---|---|---|---|
| ૦૧ | ૧૦/૦૫/૨૨ | મણીબા પાર્ક સોસાયટીની પાછળ | ૦૧ |
| ૦૨ | ૧૨/૦૫/૨૨ | સહજાનંદ સોસાયટી | ૦૩ |
| ૦૩ | ૧૩/૦૫/૨૨ | મણીબા પાર્ક સોસાયટીની પાછળ | ૦૨ |
| ૦૪ | ૧૪/૦૫/૨૨ | વિવેકાનંદ સોસાયટી | ૦૨ |
| ૦૫ | ૧૬/૦૫/૨૨ | કરંજ એસ.ટી.પી.પાછળ | ૦૨ |
| ૦૬ | ૧૭/૦૫/૨૨ | મણીબા પાર્ક સોસા.ની પાછળ | ૦૨ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૭ તા. ૧૭/૦૫/૨૦૨૨

તા. ૧૭/૦૫/૨૦૨૨

**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૪૯ (કતારગામ) માં સુરત મહાનગરપાલિકાને ફાળવેલ રીઝર્વ પ્લોટ નં. R-33 " SEWS " માં સર્જન સોસાયટીના સભ્યો ધ્વારા બિનઅધિકૃત દબાણ કરી ધાર્મિક પ્રવૃતિ ચાલુ કરવાનું ધ્યાનમાં આવેલ હોય, અત્રેની કચેરીએથી અગાઉના દિવસોમાં સ્થળ તપાસ હાથ ધરી સદર દબાણ દુર કરવાની નોટીસ પાઠવ્યા બાદ આજરોજ સભ્યોને બિનઅધિકૃત પ્રવેશ તથા વપરાશ અટકાવવા માટે સોસાયટી ધ્વારા મુકવામાં આવેલ પ્રવેશ માર્ગને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં કતારગામ ઝોન ઓફિસની પાછળ જનતા નગરથી લંકા વિજય હનુમાનજી ઓવારા સુધી આવેલ પાળા પરના ૩૦.૦૦ મી. નાં રસ્તામાં આવેલ દબાણને દુર કરવાની અગાઉ હાથ ધરવામાં આવેલી કામગીરીને વધુ ઝડપી બનાવી આજરોજ અત્રેના શહેરી વિકાસ વિભાગનાં તમામ આસી./જુની.ઈજનેરો, ડેપ્યુટી ઈજનેરશ્રીઓ, દબાણ વિભાગ તથા સિકયોરીટી સ્ટાફની મદદથી રસ્તામાં નડતરરૂપ બાકી રહી ગયેલ તથા નવા બનેલ આશરે ૫૦(પચાસ) ઝુંપડાઓનું દબાણ જે.સી.બી મશીન નંગ ૧(એક) તથા ૪ (ચાર) ટ્રકની મદદથી દુર કરવાની કામગીરી કરી આશરે ૫૫૦૦.૦૦ ચો.મી. એરીયાનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપર્યુકત કામગીરી દરમ્યાન સદર સ્થળ પર કોઈ અજુકતો બનાવ ન બને તે હેતુથી એસ.આર.પી. ના ૧૦ (દસ) જવાન તથા ૧૫ (પંદર) સીકયુરીટી સ્ટાફની સહાય મેળવી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે. વધુમાં આ રસ્તો ખુલ્લો થતા જનતા નગરથી લંકા વિજય હનુમાનજી ઓવારા તરફ જતા ટ્રાફિક અને રાહદારીઓ સરળતાથી પસાર થઈ શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..૬૮
તા. ૧૭– ૦૫ – ૨૦૨૨

# પ્રેસનોટ

**સાઉથ ઝોન(ઉધના)(એ.) માં સમાવિષ્ટ વિસ્તારમાં સુરત મહાનગરપાલીકાના રીઝર્વેશન પ્લોટ તથા ટી.પી.રસ્તાની જગ્યામાંથી દારૂના અડ્ડાનું દબાણ દૂર કરવામાં આવેલ તે અંગેની વિગતઃ—**

સાઉથ ઝોન(ઉધના)(એ.)ના કાર્યપાલક ઈજનેરશ્રી તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ બમરોલી આતે આવેલ રીઝર્વેશન પ્લોટોની વીઝીટમાં ગયેલ જે દરમ્યાન ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૫૬(બમરોલી), ફા.પ્લોટ નં. આર—૭(રીઝર્વેશન ફોર ગાર્ડન) વાળી રીઝર્વેશનની જગ્યામાં કેટલાક ઈસમો ધ્વારા લાકડાના ટેકા ઉભા કરી તાડપત્રી બાંધી દારૂનું વેચાણ કરતા હોવાનું જણાતા કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા તાત્કાલીક શહેરવિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સુરત મહાનગરપાલીકાનો સિકયોરીટી સ્ટાફ એસ.આર.પી. સહિત સ્થળ પર બોલાવેલ તથા પાંડેસરા પોલીસ સ્ટેશનમાં પણ તે અંગે જાણ કરેલ જે દરમ્યાન સ્થળ પર હાજર દારૂનું વેચાણ કરનાર ઈસમો ભાગી ગયેલ ત્યારબાદ પોલીસ ધ્વારા સ્થળ પર આવી દારૂનો માલ જપ્ત કરેલ તથા સાઉથ ઝોન(ઉધના)(એ.) કચેરીના સ્ટાફ ધ્વારા અન્ય તમામ માલસામાન જપ્ત કરેલ તથા સ્થળ પર આશરે ૪૨૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરેલ હંગામી બાંધકામ દૂર કરેલ. જે બાદ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬૩(વડોદ) માં આવેલ ૪૫.૦૦ મી. ટી.પી.રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે ત્યાં શાસ્ત્રીનગર બાપુનગર પાસે આવેલ ટી.પી.રોડની જગ્યામાં કેટલાક ઈસમો ધ્વારા લાકડાના ટેકા ઉભા કરી તાડપત્રી બાંધી દારૂનું વેચાણ કરતા હોય સ્થળ પર જે અંગે પણ પોલીસને જાણ કરેલ જેથી પોલીસ ધ્વારા દારૂનો માલ જપ્ત કરેલ તથા સાઉથ ઝોન(ઉધના)(એ.) કચેરીના સ્ટાફ ધ્વારા અન્ય તમામ માલસામાન જપ્ત કરેલ તથા સ્થળ પર આશરે ૩૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરેલ હંગામી બાંધકામ દૂર કરી રસ્તાની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. આમ સદર કામગીરી તાત્કાલીક ધોરણે હાથ ધરવાથી સુરત મહાનગરપાલીકાના રીઝર્વેશન તથા ટી.પી.રસ્તાની જગ્યામાં કરેલ દબાણો દૂર થયેલ. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ સાઉથ ઝોન(ઉધના)(એ.) કચેરીના સ્ટાફ ધ્વારા પાંડેસરા જી.આઈ.ડી.સી. તથા ગોરી નગર વેજીટેબલ માર્કેટ—ગોવાલક ખાતેના સુરત મહાનગરપાલીકાના પ્લોટોમાં દારૂનું વેચાણ કરતા ઈસમોનું ન્યુસન્સ દૂર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલીકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૬૯
તા.૧૮/૦૫/૨૦૨૨

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૩,નોંધ નં.૧૨૦૦/એ, ૧૨૦૦/બી, ૧૨૦૨ થી ૧૨૦૬ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૧૯/૦૫/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૪૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ ભરવાનાં ઈરાદે કરવામાં આવેલ સેન્ટરીગ, શટરીગ તેમજ આર. સી. સી. કોલમનું ડીમોલેશન કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>સમાચાર યાદી નં.૭૦<br>તા.૧૯/૦૫/૨૦૨૨

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

અમૃત ૨.૦ " અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન" માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂકરવામાં આવેલ. અમૃત યોજના લાસ્ટ માઈલ કનેકટીવીટી માટે તથા પર્યાવરણની જાળવણીના હેતુથી શરૂ કરવામાં આવેલ છે. સદર યોજનાના મુખ્ય હેતુ શહેરના અંતિમ છેડા સુધી પીવાનું પાણી, ડ્રેનેજ, ગાર્ડન જેવી પ્રાથમિક સુવિધા પહોંચાડવાનો છે. ઉકત યોજનામાં સરકારશ્રી દ્વારા પાણી પુરવઠા, ડ્રેનેજ, ગાર્ડન, વોટરબોડી રીજુવીનેશનના સેકટરનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર સેકટર હેઠળ પાણીની નવી લાઈનો નાંખવાનું કામ,નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામો, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશનના કામો, ડ્રેનેજ લાઈનો નાંખવા કામ, ડ્રેનેજ લાઈનો રીહેબીલીટેશનનું કામ, નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામો, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશનના કામો, નવા ગાર્ડન બનાવવાના કામો, ગાર્ડન રીહેબીલીટેશનનું કામ, લેક રીજુવીનેશનના પર્યાવરણલક્ષી કામોનો સમાવેશ કરવાનો થાય છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાના પાણી પુરવઠા માટેની ટ્રાન્સમીશન લાઈનનું રૂા.૨૫૧.૬૦ કરોડનુ કામ, ડ્રેનેજના સીવેજ નેટવર્ક રીહેબીલીટેશન, નવું ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું તથા ટ્રીટેડ વોટર માટેની ડીસ્પોઝલ લાઈન સહિતના કુલ રૂા.૨૦૨.૪૮ કરોડના કામો, તથા વોટરબોડી રીજુવીનેશન તથા ગાર્ડનના કુલ રૂા.૬.૨૩ કરોડના કામો મળી કુલ રૂા.૪૬૦.૩૧ કરોડના કામોસરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

ઉકત કામો મે. કમિશનરશ્રી, માન.મેયરશ્રી, માન. ડે.મેયરશ્રી તથા માન. સ્થાયી સમિતિચેરમેનશ્રીના વખતોવખતના પ્રયત્નોથી પ્રાથમિક તબકકે સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર કામો માટે રાજય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાય પુરી પાડવામાં આવનાર છે.વધુમાં, આગામી સમયમાં આ જ પ્રકારે આ "અમૃત ૨.૦" મિશન અંતર્ગત ઉપરોકત પ્રકારના અન્ય કામો માટે પણ કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રી મારફત નાંણાકીય સહાય પુરી પાડવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવાસદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૧
તા.૨૦/૦૫/૨૦૨૨

## <u>પ્રેસનોટ</u>

'ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનો માટેની બાસ્કેટબોલ સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન'

વિષય : 'ખેલ મહાકુંભ ૨૦૨૨ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનો માટેની બાસ્કેટબોલ સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન' બાબત

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે આયોજીત ૧૧મા ખેલ મહાકુંભ ૨૦૨૨ અંતર્ગત બહેનો માટેની તમામ વયજુથની રાજ્યકક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધાઓ સુરત ખાતે યોજવાનુ નક્કી કરવામાં આવેલ છે અને 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ચાલુ વર્ષે ખેલ મહાકુંભની સ્પર્ધાઓ આઈકોનિક ઈવેન્ટ તરીકે યોજવામાં આવનાર છે. જે અંતર્ગત બહેનો માટેની બાસ્કેટબોલ સ્પર્ધાઓ આગામી તા.૨૩/૦૫/૨૦૨૨ થી તા.૨૬/૦૫/૨૦૨૨ દરમ્યાન શહેરના અઠવાલાઈન્સ સ્થિત સુરત મહાનગરપાલિકા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ ખાતે સવારે ૮ થી બપોરે ૧૨ અને સાંજે ૪ થી રાત્રે ૮ કલાક સુધી એમ બે સેશનમાં યોજાશે. આ સ્પર્ધામાં તમામ વયજુથમાં રાજ્યમાંથી ૮ ટીમો ભાગ લેશે અને પોતાનુ કૌશલ્ય દાખવશે. આ સ્પર્ધાને પ્રત્યક્ષ નિહાળી, સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા સુરત શહેરની રમતપ્રેમી પ્રજાને અનુરોધ છે. સ્પર્ધા નિહાળવા માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવેલ નથી.

સમાચારયાદી નં. ...૭૨..., તા.૨૧/૦૫/૨૦૨૨
જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

sitilink

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં **BRTS** અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને **BRTS** માં મુસાફરી કરી શકાય છે. હાલમાં **BRTS** ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૩૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહેલ છે .જેમાં **BRTS** અને સીટીબસ સેવાનો સમાવેશ થાય છે. શહેરીજનોને વધુમાં વધુ સેવાનો લાભ લઇ તે માટે સુરત સીટીલીંક લિ. દ્વારા બસ ભાડામાં જુદી જુદી કેટેગરી હેઠળ રાહત આપવામાં આવે છે. હાલમાં દૈનિક ધોરણે આશરે ૧૨,૦૦૦ સુરત મનીકાર્ડનો વપરાશ જાહેર પરિવહન સેવામાં થઇ રહેલ છે.

સુરત મહાનગરપાલિકાના "સરલ પાસ" યોજના અંતર્ગત "અનલીમીટેડ ટ્રાવેલ પ્રીપેઈડ કાર્ડ" ની સુવિધા છે. સરલ પાસ યોજનાની માહિતી નીચે મુજબ છે.

| સરલ પાસ | | | | |
|---|---|---|---|---|
| કેટેગરી | વાર્ષિક ફી (રૂ.) | છ માસિક ફી (રૂ.) | ત્રીમાસિક ફી (રૂ.) | માસિક ફી (રૂ.) |
| વિદ્યાર્થી | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦૦ | N/A |
| મહિલાઓ | ૫૦૦૦ | ૨૬૦૦ | ૧૩૫૦ | ૫૦૦ |
| સિનિયર સીટીઝન | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦૦ | N/A |
| શ્રમિક / ઇન્સ્ટીટ્યુશનલ / અન્ય | ૭૦૦૦ | ૩૬૦૦ | ૧૯૦૦ | ૭૦૦ |

આજ રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ સુરત સિટિલિંક લિ.ની ૩૫મી બોર્ડ મીટીંગમાં મંજુર થયા મુજબ જાહેર પરિવહન સેવામાં ડિજિટલ/કેસલેસ ટ્રાન્જેક્શનને પ્રાધાન્ય મળે તથા નાગરિકો દ્વારા તેનો બહોળા પ્રમાણમાં લાભ લઇ શકે તે હેતુથી તા. ૦૧/૦૯/૨૦૨૨ થી ૩૦/૦૯/૨૦૨૨ સુધી સુરત મનીકાર્ડમાં **TAP-IN/TAP-OUT** તથા સિટિલિંક મોબાઇલ એપ્લીકેશન મારફત ટીકીટ બુકિંગ કરી મુસાફરીમાં ૧૦૦% રાહત આપવામાં આવશે. સીટીબસ / **BRTS** બસ સેવામાં રૂ.૨૫/- કિમતની ટીકીટ દ્વારા આખા દિવસ દરમ્યાન અનલિમીટેડ મુસાફરીની સુવિધા નજીકના ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર છે. જેને કારણે મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગ કે જે કામના અર્થે દૈનિક ધોરણે બસોમાં મુસાફરી કરતા હોય તેઓને આર્થિક બચત થશે. આ સેવા મારફત વધુ ને વધુ લોકો દ્વારા જાહેર પરિવહનનો ઉપયોગ કરશે જેને કારણે ટ્રાફિક સમસ્યા માં ઘટાડો થશે અને પ્રદુષણમાં ઘટાડો થશે તથા સુરક્ષિત મુસાફરીનો આનંદ મેળવી શકશે.

જેથી આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા નાગરિકોને જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં ....93....
તા.૨૧/૦૫/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

આથી અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨૦, ખટોદરા–મજુરા–સગરામપુરાના ચુંટાયેલા સભ્યશ્રી જયેશભાઈ મહેન્દ્રભાઈ જરીવાલા (જગાભાઈ) નું તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ હોય, સુરત મહાનગરપાલિકા પરીવાર દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ સદગતનાં આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે તેમના પરીવારને પણ આવી પડેલ આફત સહન કરવાની શક્તિ આપે. વધુમાં, મર્હુમનાં માનમાં તા.૨૩/૦૫/૨૦૨૨ ને સોમવારના રોજ મહાનગરપાલિકાની કચેરી, શાળા બોર્ડની કચેરી તથા સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓમાં જાહેર રજા પાડવામાં આવશે, પરંતુ ખાસ આવશ્યક સેવાઓ જેવી કે પાણી વિભાગ, ગટર વિભાગ, સફાઈ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ આ તમામ પ્રકારની કામગીરી ચાલુ રહેશે.

ડે.કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ ફા.ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ફાયનલ પ્લોટ નં.૧૧૪,૧૧૭,૧૧૮ માં આવેલ જય ઈન્ડસ્ટ્રીઝ, અનવર નગર અને આંબેડકર નગર ને લાગુ બી.આર.ટી.એસ કેનાલ રોડ પર મુકવામાં આવેલ લાઈન દોરીની અસર હેઠળ આવતા કાચા–પાકા બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૨૪/**૦૫/૨૦૨૨** ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ફા.પ્લોટ નં.૧૧૪,૧૧૭,૧૧૮ માં આવેલ જય ઈન્ડસ્ટ્રીઝ, અનવર નગર અને આંબેડકર નગર ને લાગુ બી.આર.ટી.એસ કેનાલ રોડ પર મુકવામાં આવેલ લાઈન દોરીની અસર હેઠળ આવતા મકાનો પૈકી આજ રોજ અંદાજિત ૬૪૫૬ ચો.ફુટ માપ વિસ્તારમાં આવેલ કાચા–પાકા મકાનોનું ડીમોલીશનની કામગીરી કરી રોડનો કબ્જો મેળવવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના કાર્યપાલક ઈજનેર(એ)ના સીધા માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ, લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ અને પોલીસ સ્ટાફ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.૭૫<br>
તા.૨૪/૦૫/૨૦૨૨

# –::પ્રેસનોટ::–

ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૪/૦૫/૨૦૨૨ નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બ)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બ)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બ) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૯ | ૧૮૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૮ | ૩૬૦૦ |
| વરાછા (એ) | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| વરાછા (બી) | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| રાંદેર | ૧૧ | ૨૨૦૦ | ૧૨ | ૨૪૦૦ | ૨૩ | ૪૬૦૦ |
| કતારગામ | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| ઉધના (એ) | ૧૦ | ૨૦૦૦ | ૦૩ | ૬૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| ઉધના (બી) | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| લિંબાયત | ૦૮ | ૧૬૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૭ | ૩૪૦૦ |
| અઠવા | ૦૩ | ૬૦૦ | ૧૪ | ૨૮૦૦ | ૧૭ | ૩૪૦૦ |
| **કુલ** | **૬૫** | **૧૩૦૦૦** | **૭૩** | **૧૪૬૦૦** | **૧૩૮** | **૨૭૬૦૦** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૬
તા.૨૪/૦૫/૨૦૨૨

:: પ્રેસનોટ ::

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ''૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે**
**વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા**

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે
તા.૦૫/૦૬/૨૦૨૨ના રોજ યોજાનાર વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા

૫મી જૂન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની વકતૃત્વ સ્પર્ધા તથા સવારે ૧૧.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૧૫૩, ૧૫૪નો પ્રાર્થના સભાખંડ, દિવાળીબાગ સોસાયટીની સામે, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ બંને સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ my.surat.in પર ફકત ઓનલાઈન તા.૦૩/૦૬/૨૦૨૨ સુધીમાં ભરી શકાશે.

સમાચારયાદી નં. ૭૭, તા.૨૫/૦૫/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **પ્રેસનોટ**

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત:–

આજરોજ સુરત મહાનગરપાલિકાના ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં સ્ટાફ તથા મશીનરી મારફત અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૨,નોંધ નં.૪૯૩૬,૪૯૩૭ વાળી સુરત મહાનગરપાલિકાની જગ્યામાં કથીત મદ્રેશાનું ગેરકાયદેસર કરેલ બાંધકામ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ દાવા નં.R/SCA NO.8283/2022 હેઠળનાં તા.૦૫/૦૫/૦૨૨ ના રોજ થયેલ હુકમને આધિન ગેરકાયદેસર બાંધકામનું દબાણ દુર કરી આજરોજ કબ્જો મેળવવામાં આવેલ છે. સદર ડીમોલીશનની કામગીરી શરૂ કરી તે અગાઉ બાંધકામ કરનારાઓ તથા સ્થાનિકો દ્વારા સ્વૈચ્છિક ડીમોલીશન શરૂ કરેલ હતું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.....૧૯
તા.૨૬/૦૫/૨૦૨૨

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા

ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન અન્વયે ગુજરાત દુકાનો અને સંસ્થાઓના (રોજગાર અને સેવાની શરતોનુ નિયમન) નિયમો–૨૦૨૦ ની કલમ ૨૯,૩૦ અને ૩૧ માં થયેલ જોગવાઈઓને ધ્યાને લેતા અધિનિયમ લાગુ પડતો હોય, તેવી સંસ્થાઓ સામે દંડનીય / કાયદાકીય કાર્યવાહી કરવા / પગલા લેવા આ કાયદાની મહત્વની જોગવાઈ મુજબ તેના અમલીકરણ હેતુ, ગુજરાત દુકાનો અને સંસ્થા (રોજગાર અને સેવાની શરતોનું નિયમન) અધિનિયમ–૨૦૧૯ ની કલમ ૩૪(૧) અનુસાર સુરત મહાનગરપાલિકાના વહીવટી અમલીકરણના માળખાને ધ્યાને લઈ, ઝોન લેવલે કામગીરી કરવા હેતુસર, સુરત મહાનગરપાલિકામાં તમામ ઝોનમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ મ્યુનિસીપલ કમિશનરશ્રીની "કમ્પાઉન્ડીગ ઓફિસર" તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં.....૭૯.....
તા. ૨૬ /૦૫/૨૦૨૨







## Press note

## Road Safety – "Salamat Surat"

### Training program on "Road Safety" for all drivers and cleaners of Surat Municipal Corporation – 28th and 29th May 2022

It has been observed that total 1167 fatal accidents in city of Surat since 2018 due to road accidents. Such accidents lead to irrecoverable loss to the family and therefore, it is always desirable to avoid accidents. In most of the municipal services in Surat Municipal Corporation, presently there are more than 1000 municipal vehicles of various capacity and types. Such vehicles usually remain on road for various operations. There are more than 1000 drivers and cleaners engaged in vehicle operations in normal case and during emergency too. In order that these drivers and cleaners adopt safety measures and remains motivated, a motivational training program is organized for two days, wherein, all drivers and cleaners will be given training in batch wise. Experts and motivational trainers from Gujarat Gas Company Ltd., DGVCL, Torrent Power Ltd., JCB etc. will impart training for two days at Performing Art Centre, LP Savani Road, Adajan.

Key focus area of training will be;

- Road Safety
- Safe Driving Practices
- Accident prevention measures
- Precautionary measures to be taken during monsoon
- To motivate drivers and cleaners

**PRESS NOTE NO:- 80,P.R.O,SURAT MUNICIPAL CORPORATION Dt. 27/05/2022**

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતાં સ્ટાફ નર્સ સુમિત્રા વસાવાએ રાજય સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તા. ૨૨/૦૫/૨૦૨૨ થી ૨૬/૦૫/૨૦૨૨ દરમ્યાન અમદાવાદ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત યોજવામા આવેલ તરણ સ્પર્ધા 100 મીટર ફ્રિસ્ટાઈલ માં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ બેકસ્ટ્રોકમાં પણ ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તથા સુરત મહાનગરપાલિકાનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના સીનીયર સ્થાનિક વૈદિક અમલદારશ્રી ડો.એચ કે. સોંધરવા, ડો.ધર્મેન્દ્ર મહેતા અને ડો.હીરલકુમાર શાહ તથા હોસ્પિટલના તમામ નર્સીંગ સ્ટાફ દ્વારા તેમની સિધ્ધીને બિરદાવી હતી અને ભવિષ્યમાં વધુ સિધ્ધી પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૮૧
તા.૨૭/૦૫/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
## હાઈડ્રોલિક વિભાગ

## <u>પ્રેસનોટ</u>

સાઉથ–ઈસ્ટ(લિંબાયત)ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) તેમજ ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી)નવાગામને જોડતી હદ પર આવેલ સુરત–ભુસાવલ રેલ્વે લાઈનના કમ્પાઉન્ડમાં આવેલ કુંભાલ જળવિતરણ મથકની ૭૫૦ મી.મી. વ્યાસની એમ.એસ. ડીસ્ટ્રીબ્યુશન નળીકા (કેરીયર પાઈપલાઈન)માં લીકેજ રીપેરીંગ કરવાની અગત્યની કામગીરી તા.૩૦/૦૫/૨૦૨૨ ના રોજ સવારના ૮:૦૦ કલાકથી હાથ ધરવામાં આવનાર છે. જેથી ઈસ્ટ ઝોન–એ (વરાછા) વિસ્તારના ટી.પી.૩૪ (મગોબ–ડુંભાલ)માં આઈમાતા રોડ મહેન્દ્ર પાર્ક, સરીતા, સુરભી, ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝ તથા તેની આસપાસના વિસ્તાર, ટી.પી.૫૩ (મગોબ–ડુંભાલ) આઈમાતા રોડ તથા તેની આસપાસની સોસાયટીઓ તેમજ સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૪૦ (લિંબાયત–ડીંડોલી) ના લિંબાયત, નીલગીરી સર્કલનો આજુબાજુનો વિસ્તાર, મહાપ્રભુનગર સર્વે ૧/૨, જવાહર નગર, સંજય નગર, મયુરનગર,રણછોડનગર,જલારામનગર,બાલાજીનગર,શ્રીનાથજી નગર ૧, ૨, ૩ અને ૪, ત્રિકમ નગર, રામેશ્વર નગર, રેલ્વે ફાટક પાસેનો વિસ્તાર, સાંઈપુજન રેસીડેન્સી વિગેરે તથા ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) નવાગામમાં સમાવિષ્ટ શિવહીરાનગર, ખોડીયારનગર, સીતારામનગર, સંતોષીનગર,ગોરર્ધનનગર, નંદનવન ટાઉનશીપ, ઋષિકેશ એવન્યુ, હેત્વી રેસીડેન્સી, સ્વસ્તિક ટાઉનશીપ, હેત્વી રેસીડેન્સી, સુમન આવાસ, નરોત્તમનગર, આંબેડકર નગર, ઉમીયા નગર–૧ અને ૨, લક્ષ્મણનગર વિગેરે તથા તેની આસપાસની સોસાયટી / વિસ્તારોમાં **તા.૩૦/૦૫/૨૦૨૨ ના રોજ પાણી પુરવઠો અવરોધાય (બંધ રહે)/ ઓછા પ્રેશરથી/ ઓછા જથ્થાથી મળવાની શકયતા છે. વધુમાં, સદર કારણવસાત તા.૩૧/૦૫/૨૦૨૨ ના દિવસે પણ પાણી પુરવઠો અવરોધાય (બંધ રહે)/ ઓછા પ્રેશરથી/ ઓછા જથ્થામાં મળવાની શકયતા રહેશે.** જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરતમહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.** ૮૨
**તા.** ૨૯/૦૫/૨૦૨૨

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૬/૦૫/૨૦૨૨ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરના તમામ ઝોનમાં લગ્ન પ્રસંગ નિમિતે કેટરર્સ ધ્વારા બનાવેલ ખાધ્ય પદાર્થના કુલ–૧૪ નુમના લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેના રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તા.૨૭/૦૫/૨૦૨૨ના રોજ સુરત શહેરના તમામ ઝોન વિસ્તારમાં આવેલ કેટરર્સ/કેટરીંગનો વ્યવસાય કરતી કુલ–૬૨ સંસ્થાઓનું આકસ્મિક સ્થળ તપાસ કરવામાં આવેલ જે પૈકી અનુક્રમ નં– ૧ થી ૪૬ સંસ્થાઓને આરોગ્યલક્ષી ખામી જણાતા આરોગ્યલક્ષી નોટીસ આપવામાં આવેલ તથા અનુક્રમ નં– ૪૭ થી ૬૨ સંસ્થાઓને લાયસન્સ વગર ચાલતી સંસ્થાઓને બંધ કરવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી હરી ઓમ કેટરર્સ | પંચવટી હોલ, મહારાજા અગ્રેસન ભવન, સુરત |
| ૨ | શિલ્પ કેટરર્સ | ધ્વારકા હોલ, મહારાજા અગ્રેસન ભવન, સુરત |
| ૩ | કે.વી.સી. કેટરર્સ | મહારાજા ફાર્મ, ગોલ્ડ સીટી રોડ, મોટા વરાછા, સુરત |
| ૪ | કનૈયાલાલ ગૃપ કેટરર્સ | શ્રીમતી એમ.એમ. ખેની ભવન સમસ્ત પાટીદાર સમાજની વાડી, અંબાવાડી, કતારગામ, સુરત |
| ૫ | શ્રી રાજ કેટરર્સ | બાપા સીતારામ ફાર્મ, કિરણ ચોક, પુણાગામ, સુરત |
| ૬ | મન કેટરર્સ | અવસર પાર્ટી પ્લોટ, શ્રી દયાળજી દેસાઈ ચોક, મજુરાગેટ, સુરત |
| ૭ | સ્વાદ કેટરર્સ | શ્રી પટેલ પ્રગતિ મંડળ, વીર ભગતસીંગ રોડ, હની–અડાજણ રોડ, સુરત |
| ૮ | શુભ કેટરર્સ | હનુમાન શેરી, સગરામપુરા, સુરત |
| ૯ | પારસભાઈ મોતીરામભાઈ પ્રજાપતિ કેટરીંગ | કનૈયાલાલ દેસાઈ રોડ, ગોપીપુરા, સુરત |
| ૧૦ | બાલાજી ચાર્ટ એન્ડ કેટરીંગ | સ્કવેર પોઈન્ટ, સીટી લાઈટ, સુરત |
| ૧૧ | યોગી ફુડ એન્ડ બીવરેજ (વુડલેન્ડ કેટરર્સ) | ગોલ્ડન પાર્ક, સીટીલાઈટ રોડ, સુરત |
| ૧૨ | વુડલેન્ડ કેટરર્સ | પાદર ફળીયુ, ભરથાણા ગામ, સુરત |
| ૧૩ | મેગા ફુડસ | સમર્થ એક્વીસ્ટી, ન્યુ સીટી લાઈટ, સુરત |
| ૧૪ | હર્ષ ટેલ્સ | સોલીટેર ટાવર, પારલે પોઈન્ટ, સુરત |
| ૧૫ | મહારાજા એન્ટરપ્રાઈઝ | સૂર્યકૃતિ એપાર્ટ., દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત |
| ૧૬ | ગોલીયા કેટરર્સ | પાકીઝા ટાવર, અડાજણ પાટીયા, સુરત |
| ૧૭ | હુસેન કેટરર્સ | ચીશતીયા ટાવર–એ, અડાજણ પાટીયા, સુરત |
| ૧૮ | શ્રી પ્રભુદાસ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | રામનગર કોલોની, રામનગર, રાંદેર રોડ, સુરત |
| ૧૯ | સી.એન. હોસ્પિટલ ઈવેન્ટ | મહાવીર વિલા, દીપા કો.ઓ. સોસ., અડાજણ રોડ, સુરત |
| ૨૦ | ઓમ સાંઈ કેટરીંગ | હળપતિ વાસ, યુ.એમ. રોડ, સુરત |
| ૨૧ | અગ્રવાલ સ્વીટ એન્ડ કેટરીંગ | રઘુવીર સીમફની શોપર્સ, અલથાણ, સુરત |
| ૨૨ | ગીતા હોસ્પિટાલીટીસ સર્વિસીસ પ્રા.લી. | સિલ્વર પોઈન્ટ, ભટાર, સુરત |
| ૨૩ | ગીતા કેટરર્સ | સિલ્વર પોઈન્ટ, ભટાર, સુરત |
| ૨૪ | ગીતા હોસ્પિટાલીટીસ સર્વિસીસ પ્રા.લી. | સિલ્વર પોઈન્ટ, ભટાર, સુરત |
| ૨૫ | શ્રીજી કેટરર્સ | શિવમ મીલ , ખટોદરા, સુરત |
| ૨૬ | શિવ શક્તિ કેટરર્સ | રૂપલ ઈન્ડ. એસ્ટેટ, ખટોદરા, સુરત |
| ૨૭ | માસ્ટર કેટરીંગ | ઉધના ઉધોગ નગર, ઉધના, સુરત |
| ૨૮ | ભગવતી પ્રાઈમેન્ટ ફુડસ એલ.એલ.પી. | ઉધના ઉધોગ નગર, ઉધના, સુરત |
| ૨૯ | શ્રી મારૂતિ નંદન ડેરી ફાર્મ એન્ડ કેટરર્સ | સંકલ્પ રેસી., કોસાડ, સુરત |
| ૩૦ | એસ.આર. કેટરર્સ | શુભમ પ્લાઝા, રજવાડી પાર્ટી પ્લોટ પાસે, કોસાડ, સુરત |
| ૩૧ | શ્રીજી કેટરર્સ | આસ્થા રેસી., સાયણ રોડ, અમરોલી, સુરત |
| ૩૨ | એસ.આર. કેટરર્સ | રેલ્વે ગરનાળા પાસે, એલ.એચ. રોડ, સુરત |
| ૩૩ | મહુડી સ્વીટસ એન્ડ સ્નેકસ | સરથાણા રોડ, સુરત |

| | | |
|---|---|---|
| ૩૪ | પે સ્પાર્ટિક પાર્ક | ડી.આર. વર્લ્ડ, આઈ માતા રોડ, સુરત |
| ૩૫ | બી.એચ. એન્ટરપ્રાઈઝ | અલથાણ સિટી, સુરત |
| ૩૬ | રામદેવ એન્ટરપ્રાઈઝ | પ્રમુખ પોઈન્ટ-૨, મોટા વરાછા, સુરત |
| ૩૭ | અન્નપૂર્ણા કેટરર્સ | દાંડીયાન સોસા., પુણાગામ, સુરત |
| ૩૮ | શ્રી સાઈ કેટરર્સ | દીપ્પલ નગર, પરવત પાટીયા, સુરત |
| ૩૯ | ઉંટાઈટ કેટરીંગ | માળી ફળીયું, રૂદરપુરા, સુરત |
| ૪૦ | ઉંટાઈટ સ્વીટ કેટરીંગ | માળી ફળીયું, રૂદરપુરા, સુરત |
| ૪૧ | રોનક કેટરર્સ | સગરામપુરા, સુરત |
| ૪૨ | ખુશ્બુ કેટરર્સ | શિવદાસ ઝવેરીની શેરી, સગરામપુરા, સુરત |
| ૪૩ | પૂજા ડેરી એન્ડ સ્વીટ એન્ડ બેકરી એન્ડ કેટરર્સ | ઈશ્વર નગર સોસા., સીંગણપોર, સુરત |
| ૪૪ | નાયરા કેટરર્સ | વિહાર સોસા., સીંગણપોર, સુરત |
| ૪૫ | ઓમ કેટરર્સ એન્ડ ચાટ | વિહાર સોસા., સીંગણપોર, સુરત |
| ૪૬ | એચ.બી. એન્ટરપ્રાઈઝ | વિહાર સોસા., સીંગણપોર, સુરત |
| ૪૭ | ક્રિષ્ના કેટરર્સ | મહાદેવ નગર, ગોડાદરા, સુરત |
| ૪૮ | અમન કેટરર્સ | ખોડીયાર નગર-૨, ગોડાદરા, સુરત |
| ૪૯ | શ્રી અંબાજી કેટરર્સ | મહાપ્રભુ નગર, લિંબાયત, સુરત |
| ૫૦ | રામદેવ કેટરર્સ | ભાજીવાળી એસ્ટેટ, મીની બજાર, સુરત |
| ૫૧ | પાટીદાર સ્વીટ્સ એન્ડ નમકીન | નિત્યાનંદ પેલેસ, એ.કે. રોડ, સુરત |
| ૫૨ | ખોડીયાર કેટરર્સ | દિન દયાળ સોસા., પાલનપુર રોડ, સુરત |
| ૫૩ | માતાજી કેટરર્સ | રૂપ એન્ડ રૂપ સોસા., અમરોલી, સુરત |
| ૫૪ | સાગર કેટરીંગ | ગણેશપાર્ક સોસા., સીંગણપોર, સુરત |
| ૫૫ | શ્રી ગણેશ કેટરીંગ સર્વિસ | ગણેશપાર્ક સોસા., સીંગણપોર, સુરત |
| ૫૬ | હોટ પોટ ફુડ મેનેજમેન્ટ સર્વિસ | નવી વસાહત, ગણપતિ વાડી, ભરથાણા રોડ, સુરત |
| ૫૭ | માસંગી કેટરર્સ | સંકલ્પ રેસી., કોસાડ, સુરત |
| ૫૮ | પવન સ્વીટ એન્ડ કેટરર્સ | હરીક્રિષ્ના કોમ્પલેક્ષ, મોટા વરાછા, સુરત |
| ૫૯ | શ્રી રાધિકા કેટરર્સ | સાંઈનાથ પેલેસ, એલ.એચ. રોડ, સુરત |
| ૬૦ | શ્રી ખેતેશ્વર કેટરર્સ | ગણપતિ કોલોની, ડુંભાલ, સુરત |
| ૬૧ | જનતા કેટરર્સ | ગુલાની મંઝિલ, સગરામપુરા, સુરત |
| ૬૨ | પંડયા કેટરર્સ | હરીઓમ નગર સોસા., કતારગામ, સુરત |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૮૩
તા.૨૮/૦૫/૨૦૨૨

તા. ૩૦/૦૫/૨૦૨૨

**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૪૯ (કતારગામ) માં સુરત મહાનગરપાલિકાને ફાળવેલ રીઝર્વ પ્લોટ નં. R-12 " SEWS " માં ત્રાહિતો ધ્વારા બિનઅધિકૃત દબાણ કરી ધાર્મિક પ્રવૃતિ ચાલુ કરવાનું ધ્યાનમાં આવેલ હોય, આજરોજ અત્રેના શહેરી વિકાસ વિભાગનાં તમામ આસી./જુની.ઇજનેરો, ડેપ્યુટી ઇજનેરશ્રીઓ, દબાણ વિભાગ તથા સિકયોરીટી સ્ટાફની મદદથી સભ્યોને બિનઅધિકૃત પ્રવેશ તથા વપરાશ અટકાવવા માટે સોસાયટી ધ્વારા મુકવામાં આવેલ પ્રવેશ માર્ગને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં, સદર રીઝર્વ પ્લોટમાં આવેલ આશરે ૧૦૦.૦૦ ચો.મી.નું ટેમ્પરરી સ્ટ્રકચરનું દબાણ દુર કરી પ્લોટને અંશતઃ ખુલ્લો કરેલ છે.

વધુમાં, સદર રીઝર્વ પ્લોટની બાઉન્ડરી પર ફીકસ કરવામાં આવેલ ગેરકાયદેસર હોર્ડિંગ દુર કરી વહીવટી ચાર્જ પેટે રૂ.૫૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઉપર્યુકત કામગીરી દરમ્યાન સદર સ્થળ પર કોઈ અજુકતો બનાવ ન બને તે હેતુથી ૧૦ (દસ) સીકયુરીટી સ્ટાફની સહાય મેળવી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૮૪
તા.૩૦ – ૦૫– ૨૦૨૨

# પ્રેસનોટ

## " કેન્દ્ર સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે
## માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમ"

દેશને આઝાદી મળ્યાના ૭૫ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત આજરોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ધ્વારા સિમલા–હિમાચલ પ્રદેશ ખાતેથી કેન્દ્ર સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતેથી કરવામાં આવેલ.

સૌપ્રથમ કાર્યક્રમનો પ્રારંભ સંસ્કાર ભારતી શાળાની બાળાઓ મારફત સુંદર અને નયનરમ્ય ગણેશવંદના પ્રાર્થનાથી કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન કરતા માન. કલેકટર શ્રી આયુષ ઓકે જણાવ્યું કે આજરોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશ ખાતેથી કેન્દ્ર સરકારની વિવિધ ૧૩ યોજનાના આશરે ૧૫ થી ૧૭ લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કરવાના છે. છેલ્લા ૧ વર્ષથી કોરોના મહામારી હોવાછતા પણ ઘણાં ટાર્ગેટ પૂર્ણ કર્યા છે. ૧૦ જૂન સુધી ગ્રામ્ય કક્ષાએ આશરે ૩૫૦૦ પ્રધાનમંત્રી આવસોના લોકાર્પણ કરવાના છે. વિવિધ યોજનાઓના લાભ સીધા ડી.બી.ટી સ્કીમથી લાભાર્થીઓ  સુધી પહોચાડીએ છે અને એનો લાભ જેને મળ્યો એનો પ્રતિભાવ પણ આજે આપણે જાણવાના છે. જેથી આ યોજનાના લાભાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેના પ્રચાર–પ્રસાર મારફત અન્ય વંચિતોને પણ વિવિધ યોજનાઓનો લાભ મળે.

આ કાર્યક્રમ પ્રસંગે  તમામ મંચસ્થ મહાનુભાવોના સ્વાગત કરવામાં આવ્યા. ત્યારબાદ માન. સાસંદ શ્રીમતી રમીલાબેન બારાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે આજના આ ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમમાં આપણા ગુજરાતના પનોતા પુત્ર માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સિમલા ખાતેથી લાભાર્થીઓ સાથે સીધો  સંવાદ કરવાના છે. વિવિધ ગરીબલક્ષી યોજનાઓ જે શરૂ કરવામાં આવેલ છે. તેનો લાભ સીધો લાભાર્થીઓને મળે  તે માટે તેઓના બેંકમાં ખાતા ખોલાવી તેઓના બેંક સાથે જોડાણ કરી સીધેસીધું તેઓના ખાતામાં લાભ પહોંચાડવામાં આવે છે. અને વિશેષ આજરોજ પ્રધાનમંત્રી કિશાન સન્માનનિધિ યોજના મારફત દેશના વિવિધ કિશાનોના ખાતામાં ૧૧માં હપ્તો માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના કરકમલે આપવામાં આવશે. ચારધામનો આનંદ પોતાના ઘરે થાય છે પોતાનું ઘર હોવું એ સપનું સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના મારફત શકય બન્યુ છે. રૂા. ૧૨.૮૬ કરોડના ખર્ચે સાકારિત પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસ મારફત સુરત જીલ્લામાં આશરે ૧૦,૭૨૨ લોકોને પોતાનું ઘર મળ્યું છે અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨૧,૬૮૨ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી કુલ ૧૭,૨૮૬ આવાસો લાભાર્થીઓને ફાળવવામાં આવી ગયાં છે. વધુમાં ગુજરાત સમગ્ર દેશમાં રોલ મોડલ બની રહયું છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. પ્રમુખ શ્રી જીલ્લા પંચાયત,સુરત શ્રી ભાવેશભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે રોડ, રસ્તા, ગટરલાઈન ,બિજો અનેક સુવિધાઓ આપણાને મળી છે. એમાં પણ કેન્દ્ર સરકારની માનવતાથી યોજનાઓ થકી ગરીબ,વંચિતોને વિવિધ લાભો મળ્યા છે. જેમકે પ્રધાનમંત્રી આવાસ યોજના જેના થકી આર્થિક રીતે નબળા વર્ગના લોકોનું પોતાનું ઘરનું ઘર મળ્યું છે.આવી યોજના સિંગાપોર અને ભારતમાં જ છે. આ ઉપરાંત આયુષ્માન ભારત યોજનાએ આર્શિવાદ રૂપ બની છે. જે યોજના હેઠળ ૫ લાખ સુધીની આરોગ્યની સેવા મફત મળે છે. અન્ય દેશમાં આરોગ્યની સેવા લીધા બાદ સેલેરીમાંથી હપ્તા કપાય છે. જે પૂર્ણ કરવાના રહે છે. જેથી હું નથી માનતો કે આયુષ્માન ભારત યોજના જેવી યોજના ભારત સિવાય અન્ય કોઈ દેશ આરોગ્યની સેવા મફત આપતું હશે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે આ ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમ આજદિન સુધીનો સૌથી મોટો રાષ્ટ્રવ્યાપી સંવાદ કાર્યક્રમ છે. આજરોજ ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમમાં માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશ ખાતેથી કેન્દ્ર સરકારની વિવિધ ૧૩ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કરવાના છે. આ ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમનો હેતુ જે લાભાર્થી યોજનાથી વંચિત છે, તેઓને આ યોજનાઓનો લાભ આપવાનો છે. વિવિધ લાભાર્થીઓને યોજનાઓ ધ્વારા પ્રાપ્ત જીવનધોરણ અને સુગમતાને સમજવી, યોજનાઓના સુધારા માટેના સુચનો આવકારવા અને આ સુચારુ આયોજન કરી ૧૦૦ ટકા લાભાર્થી સુધી લાભ પહોચાંડવા. સમાજના છેવાડા સુધી આંતરિક રીતે નબળા અને પછાતવર્ગના લોકોનો ઉદય કરવો એટલે અંત્યોદય અને આ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ મારફત સાકાર થતાં આપણે જોઈ રહયાં છે. અંત્યોદય થકી સર્વોદયની ભાવના અંતર્ગત ગરીબ કલ્યાણની દરેક યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચે તેવા સંકલ્પ સાથે દેશ આગળ વધી રહયો છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. રાજય મંત્રી નાણાં,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ,ગુજરાત રાજય શ્રી કનુભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે ઉધોગ માટે વાયબ્રન્ટ ગુજરાત , ખેડૂતો માટે નર્મદા નદીનું પાણી કચ્છ સુધી લઈ ગયા જેના કારણે ખેતીમાં સમગ્ર ગુજરાત ભારતભરમાં નંબર ૧ છે. ઉધોગમાં ૨૦૨૨ સુધી ૪ ટ્રીલીયન ડોલર એકસપોર્ટનું જે લક્ષ્યાંક હતું તે પૈકી ૧ ટ્રીલીયન ડોલર ફકત ગુજરાત રાજયે જ પૂર્ણ કર્યુ છે.આમ ગુજરાત ખેતી , ઉધોગ જેવા તમામ ક્ષેત્રમાં આગળ છે. સરકારશ્રીની યોજનાના યોગ્ય અમલીકરણના કારણે ગુજરાય સમગ્ર દેશમાં નંબર ૧ રાજય બન્યું અને ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા કહેવાયું છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. કેન્દ્રીય મંત્રી રેલ્વે અને ટેકસટાઈલ્સ શ્રીમતી દર્શનાબેન જરદોશે તેમના પ્રવચનમાં જણાવ્યું કે આજરોજ આપણે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાના ૧૩ લાભાર્થીઓ સાથે સંવાદ કરવાના છે. તેમાંથી સૌથી વિશેષ પ્રધાનમંત્રી કિશાન સન્માનનિધિ યોજના જેના થકી સમગ્ર દેશમાં આજરોજ ૧૦ કરોડથી વધુ ખેડુતોના ખાતામાં આશરે ૨૧ હજાર કરોડ રૂપિયાનો ૧૧માં હપ્તાની ચુકવણી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર મારફત કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના મારફત પણ લોકોને ઘરનું ઘર સ્વપ્ન સાકાર થયું આ સહિત વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કર્યા. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો મારફત દિપપ્રાગટય કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માન. રાજય મંત્રી નાણાં, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, વિભાગ,ગુજરાત રાજય શ્રી કનુભાઈ દેસાઈએ તથા માન. કેન્દ્રીય મંત્રી રેલ્વે અને ટેક્સટાઈલ્સ શ્રીમતી દર્શનાબેન જરદોશે કેન્દ્ર સરકારની વિવિધ ૧૩ યોજનાના આશરે ૧૦ લાભાર્થીઓ સાથે સંવાદ કરી તેમનો લાભ મેળવ્યા બાદનો પ્રતિભાવ મેળવ્યો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો મારફત શહેરી વિસ્તારના આંગણવાડીઓના કાર્યકરોને નિમણૂંક પત્ર વિતરણ કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સિમલા-હિમાચલ પ્રદેશ ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના હેઠળ તેઓના કરકમલે ૧૦ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં આશરે ૨૧ હજાર કરોડ રૂપિયાનો ૧૧માં હપ્તાની ચૂકવણી કરી. ત્યારબાદ બિહાર ,ત્રિપુરા, કર્ણાટક,સિરમોર અને ગુજરાત રાજયના કેન્દ્ર સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી સીધો સંવાદ કરી તેઓને પ્રોત્સાહિત કરી તેઓના પ્રતિભાવ મેળવ્યાં.વધુમાં તેમણે વર્ચ્યુઅલ પ્રવચનમાં જણાવ્યું કે....

- આજરોજ પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના હેઠળ ૧૦ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં આશરે ૨૧ હજાર કરોડ રૂપિયાનો ૧૧માં હપ્તાની કરવામાં આવી ચુકવણી
- પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના હેઠળ આજદિન સુધી છેલ્લા ૮ વર્ષ દરમ્યાન આશરે રૂા. ૨૨ લાખ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં ડાયરેક્ટ ટ્રાન્સફર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩ કરોડ વ્યકિતઓને મળ્યા પાકા અને નવા ઘર
- ૫૦ કરોડ વ્યકિતઓ પાસે રૂા. ૫ લાખ સુધીની મફત ઈલાજની સુવિધા
- ૨૫ કરોડ વ્યકિતઓ પાસે રૂા. ૨ લાખ સુધીનો એક્સિડન્ટ વીમો.
- ૪૫ કરોડ વ્યકિતઓ પાસે જન ધન ખાતાની સુવિધા તેમજ કેન્દ્ર સરકારની યોજનાના લાભો મેળવવા માંગતા ૯ કરોડ ફર્જી અરજીઓ કરી દૂર.
- સમગ્ર દેશમાં ટૂંક સમયમાં ૨૦૦ કરોડ વેક્સિનનો ડોઝનો લક્ષ્યાંક થવાનો છે પૂર્ણ.

આ કાર્યક્રમમાં તમામ મંચસ્થ મહાનુભવો તથા ઉપસ્થિત લાભાર્થી તથા અન્ય મહાનુભવોનું કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ માન. ડે.કમિશનર શ્રી એન. વી. ઉપાધ્યાયે આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં માન. ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન. ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન. ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા,માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. નેતા,શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત,માન. દંડક શ્રી વિનોદભાઈ પટેલ,માન. જીલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એસ. ગઢવી.,માન. નિયામક ડી.આર.ડી.એ. શ્રી એમ.બી.પ્રજાપતી તથા સુરત મહાનગરપાલિકા અને જીલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ,કર્મચારીઓ,લાભાર્થીઓ, મિડીયાના મિત્રો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૮૫, ૩૧/૦૫/૨૦૨૨**




ગરીબ


ગરીબ










લાભાર્થીઓ

:: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા બાબત.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન "આઝાદી કા અમૃત મહોત્સવ"ના સમયમાં અનુકૂળ ઓડિટોરીયમમાં કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર વર્ષ ૧૯૬૯થી નાટ્ય સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૧૦/૦૫/૨૦૨૨ થી તા.૩૧/૦૫/૨૦૨૨ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ ભાગ લેવા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મૂકવામાં આવ્યા હતા. જેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં નીચે મુજબની કુલ– ૧૯ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૧ | બી.આર.પ્રોડકશન | Mr.બોલ બચ્ચન | વિશ્વદીપસિંહ ઠાકોર |
| ૨ | ડાયમંડ સીટી પ્રોડકશન | ધ ઓથર કલબ | તેજસ ટેલર |
| ૩ | કર્મસુ આર્ટસ | સાવ અમસ્તુ નાટક નાટક | રિષીત ઝવેરી |
| ૪ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | અણસાર | પ્રવિણ પાન પાટીલ |
| ૫ | કે.ડી.એન્ટરટેઈનર્સ | ટાઈમ પ્લીસ | ખંજન હુમ્બર |
| ૬ | દિપ આર્ટસ્ | ભવિષ્ય વેતા | જય દિ. દીક્ષિત |
| ૭ | શ્રી ક્રિષ્ના પ્રોડકશન | રિવા | કુણાલ પારેખ |
| ૮ | SBV મંચ | શોભાયાત્રા | યજત્ર ભટ્ટ |
| ૯ | અજય આર્ટસ | ચેકઠાની રમત | માર્મિક જાની |
| ૧૦ | એક્ષપ્રેશન ગ્રુપ | ઘડોલ | મિહિર પાઠક/ વત્સલ શેઠ |
| ૧૧ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લક્ષ્ય વેંધ | વૈભવ દેસાઈ |
| ૧૨ | એન.વી.પ્રોડકશન | શકરબાજ | પંકજ પાઠકજી |
| ૧૩ | શીવાંશામ ઈવેન્ટ એન્ડ પ્રોડકશન | દશાનન | શીવાંગ ઠકકર |
| ૧૪ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | બર્ફ | રાજેશ પાન્ડેય |
| ૧૫ | સમાંતર થીયેટર | હરિશચંદ્રનો દરબાર | કેતન રાઠોડ |
| ૧૬ | $4^{th}$ wall | પરણેલાનું પ્રેમ શાસ્ત્ર | નિલય જોખાકર |
| ૧૭ | સ્પર્શ | ભાસ આભાસ | મુર્તુઝા રેલ્વેવાલા |
| ૧૮ | સીલ્યુએટ થીએટર્સ | બાણશૈયા | દેવાંગ જાગીરદાર |
| ૧૯ | ક્રાફ્ટ એન્ટરટ્રેઈમેન્ટ | ચાલો આવો છો ને | સ્તવન જરીવાલા |

સમાચારયાદી નં.૮૬, તા.૩૧/૦૫/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

આજરોજ INDIA HABITAT CENTER, New Delhi ખાતે International Council for Circular Economy ધ્વારા Circular Economy ને વેગ આપવાના પ્રયાસના ભાગરૂપે " Importance of Waste Segregation in Circularity " વિષય ઉપર વિવિધ ક્ષેત્રોના ભારતીય તથા વિદેશી તજજ્ઞો ધ્વારા પેનલ ડિસ્કશન યોજાયેલ હતું. આ પેનલ ડિસ્કશનમાં શહેરના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા સહિત અન્ય ૪ વિશેષ આમંત્રિતોએ ભાગ લીધો હતો. જે પૈકી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા ધ્વારા સુરત શહેરમાં એકત્રિત થતો કચરો કઈ રીતે અલગ કરવામાં આવી રહયો છે. અને તેનો કયા પ્રકારે વૈજ્ઞાનિક ઢબે અંતિમ નિકાલ કરવામાં આવી રહયો છે. તેને લગતી કામગીરી બાબતે સેમિનારમાં વિગતવાર માહિતી આપવામાં આવેલ. માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા ધ્વારા સુરત મહાનગરપાલિકા મારફત Waste Segregation વિષય ઉપર જરૂરી એવા 5 R પ્રિન્સીપલ જેમકે Refuse, Reduce , Reuse, Repurpose, Recycle જેવી મહત્વની બાબત વિશે આ સેમિનારમાં વિસ્તૃત માહિતી ઉપસ્થિત તમામ આમંત્રિતોને આપી હતી. વધુમાં તેઓશ્રીએ સુરત શહેરમાં ઉત્પન્ન થતાં ઘનકચરાના જથ્થાનાં આયોજનબદ્ધ નિકાલ કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલીકૃત પોલીસીથી દેશના અન્ય મહાનગરોને માહિતગાર કરવામાં આવેલ. જેમાં મુખ્યત્વે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ, કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ, ઈ–વેસ્ટની દિશામાં થઈ રહેલી કામગીરી ઉપર પ્રકાશ પાડવામાં આવેલ.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં.૮૭,૦૨/૦૬/૨૦૨૨**


INDIA
CIRCULAR ECONOMY
FORUM


INDIA
CIRCULAR ECONOMY
FORUM
#ICEF2022
One Platform, Multiple Opportunities


INDIA
CIRCULAR EC NOMY
FOR
#IC
Platform, M port
INDIA CIRCULAR ECON
FORUM
ICEF2022
PLATINUM SPONSOR
Creduce
Technologies Pvt. Ltd.
CAPT SATYENDRA VAIDYA
HEMALI BOGHAWALA

## પ્રેસનોટ

### 10th Earth Care Award

**<u>સુરત મહાનગર પાલિકાને સોલાર એનર્જી ક્ષેત્રે કરવામાં આવેલ કામગીરીઓ બદલ JSW- The time of India નાં સંયુક્તપણે મુંબઈનાં નેશનલ સેન્ટર ફોર પર્ફોમિંગ આર્ટ (NCPA) ખાતે આયોજીત સમારંભમાં 10th અર્થ કેર એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ.</u>**

- ટાઈમ્સ ઓફ ઈન્ડીયા તેમજ JSW ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ (CO2) નું પ્રમાણ ઘટાડવાના ઉદ્દેશથી કામગીરી કરનાર સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, પ્રાઈવેટ ઓર્ગેનાઈઝેશન, NGOs વિગેરેનેબિરદાવવા સારુ દરવર્ષે "અર્થ કેર એવોર્ડ" ની નવાજમાં આવે છે.
- જે મુજબ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા તેમજ JSW ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માટે "અર્થ કેર એવોર્ડ-૨૦૨૧" સદર ક્ષેત્રમાં કામ કરનાર સંસ્થાઓને બીરદાવવા સારુ તા. ૧૦.૦૩.૨૦૨૨ સુધીમાં નોમીનેશન મંગાવવામાં આવેલ છે.
- સુરત મહાનગર પાલિકા દ્વારા સોલાર એનર્જી ક્ષેત્રે કરવામાં આવેલ કામગીરીઓને આવરી લઈને લઈને "Sustainable Energy Generation through Solar Power Plants to cater the need of electricity for Surat Municipal Corporation" નામક શીર્ષકથી નોમિનેશન સબમીટ કરવામાં આવેલ.
- સુરત મહાનગર પાલિકાના નોમિનેશનનું સંપૂર્ણ ઓડીટ કર્યા બાદ એવોર્ડની ખ્યાતનામ જ્યુરી દ્વારા (કે જેમાં ડો. આર. એ. મશેલકર, ફોર્મેર ડાયરેક્ટર જનરલ, કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ અને ડો. એ. ઘોષ, ફાઉન્ડર એન્ડ સીઈઓ, CEEW વિગેરે સામેલ હતા) સુરત મહાનગર પાલિકાને પુના ખાતે પ્રેઝન્ટેશન કરવા સારું આમંત્રિત કરવામાં આવેલ. સદરહુ પ્રેઝન્ટેશનમાં રજૂ કરવામાં આવેલ તથ્યો અને રીપોર્ટસને અંતે જ્યુરી દ્વારા સુરત મહાનગર પાલિકાને "Enablers for Urban Centred Climate Change Management" કેટેગરીમાં 10th અર્થ કેર એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ.
- આજરોજ તા.૦૩.૦૬.૨૦૨૨ નાં રોજ મુંબઈનાં નેશનલ સેન્ટર ફોર પર્ફોમિંગ આર્ટ (NCPA) ખાતે આયોજીત સમારંભમાં મહારાષ્ટ્ર સરકારનાં મિનિસ્ટર ઓફ ટુરિઝમ, એનવાયરમેન્ટ એન્ડ પ્રોટોકોલ શ્રી આદિત્ય ઠાકરેનાં વરદ હસ્તે સુરત મહાનગર પાલિકાને 10th અર્થ કેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. સદરહુ એવોર્ડ સમારંભમાં JSW ફાઉન્ડેશન ગ્રુપનાં ચેરપર્સન સંગીતા જિંદાલ તેમજ ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર, JSW ગ્રુપ શ્રી સજ્જન જિંદાલ પણ ઉપસ્થિત રહેલ હતા.

****************************


TOI

JSW

JSW - THE TIMES OF INDIA

10th EARTH CARE AWARDS

AWARDS FOR EXCELLENCE IN CLIMATE CHANGE MITIGATION & ADAPTATION

70 WINNERS OVER THE LAST 9 EDITIONS

WINNER

SURAT MUNICIPAL CORPORATION

ENABLERS FOR URBAN
CENTERD CLIMATE CHANGE MANAGEMENT

10th Earth Care Awards recognize Surat Municipal Corporation (SMC) for Sustainable Energy Generation through Solar Power Plants under the category Enablers for urban centered climate change management.
The scale that SMC has been able to achieve in diligently promoting the use of renewable energy, creating awareness amongst citizen as well as industrial sectors and facilitating installation of roof top solar systems is most commendable.

The project contributes to the UN Sustainable Development Goal

7 9 11

Mrs. Sangita Jindal
Chairperson, JSW Foundation

Mr. Vineet Jain
MD, The Times Group


JSW
THE TIMES OF INDIA
10th EARTH CARE
AWARDS
SURAT MUNICIPAL CORPORATION
Enablers for Urban Centered Climate
Change Management

સુરત મહાનગરપાલિકા

યુ.સી.ડી.વિભાગ

<u>અખબારી યાદી</u>

**સુભાષનગર કોમ્યુનીટી હોલ, ટી.પી-40, સંજયનગર સર્કલ પાસે, સુભાષનગર, લીંબાયત, સુરતખાતે મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૪/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સુભાષનગર કોમ્યુનીટી હોલ, ટી.પી -40, સંજયનગર સર્કલ પાસે, સુભાષનગર, લીંબાયત, સુરતખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આઠમાંતબકકાનો ત્રીજા"સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત ઝોનલચીફ શ્રી આર.જે માકડિયાએઆવકાર પ્રવચન આપતા જણાવેલ કે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સંયુકત ઉપક્રમે સુરત શહેરમાં લીંબાયત, સુરત વિસ્તાર ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરેલ છે જેથીએકજ સ્થળેથી અનેકવિધ યોજનાઓનો લાભમેળવે એવું આહવાન કરવામાં આવ્યુ. સ્લમ ઈમ્પ્રુવમેન્ટસમિતિના અધ્યક્ષશ્રી દિનેશભાઈ પુરોહિત (રાજપુરોહિત) પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે લીંબાયતવિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમમાં ગરીબ લોકોના વિવિધ પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે.અને લોકો વધુમાં વધુ સેવાઓનો લાભ મેળવે તે માટે અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ગટર સમિતિના અધ્યક્ષશ્રી વિક્રમભાઈ પોપટ પાટીલએઉદબોધન કરતા જણાવ્યું હતું કેલીંબાયત વિસ્તારનાં લોકો સેવાસેતુ કાર્યક્રમ થકી વધુમાં વધુ લોકો સેવાઓનો લાભ મેળવે અને અન્ય નાગરીકોને લાભ અપાવે એવું આહવાન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સેવાસેતુના માધ્યમ થકી સરકારની વિવિધ સેવાઓનો ઘર- ઘર સુધી લાભ પહોંચાડવાનો અભિગમ રહેલો છે."સેવાસેતુ કાર્યક્રમ" એક સરકાર અને લોકો વચ્ચેનીકડી બની સમય અને નાણાનો બચત કરી લોકો સુધી સરકારશ્રી યોજનાઓ ખુબ સરળતાથી જરૂરિયાત મુજબ લાભ મળી રહે છે.મ્યુ.સદસ્યશ્રી ડો. નરેશભાઈ શાંતારામ પાટીલ દ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી,ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ તેમજવિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએહાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ,વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ ૩૬૪૩ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય,વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.૮૯
તા. ૦૪/૦૬/૨૦૨૨


ના સંયુક્ત ઉપક્રમે
“સેવા સેતુ
થકી પારદર્શી
લાભાર્થી સરકારી




ગુજરાત સરકાર
સુરત મહાનગરપાલિકા


ગુજરાત સરકાર
સુરત મહાનગરપાલિકા

# અખબારયાદી
# ગાર્ડન ખાતુ
# સુરત મહાનગરપાલિકા

## <u>૫ મી જન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.</u>

૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે અંતર્ગત સાઉથ ઝોનમાં ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાન, મીરાનગર, સાઉથ ઝોન–અ ઓફીસ  સામેનો આચાર્ય તુલસી માર્ગ, ઉધના, સુરત ખાતે સુ.મ.પા.ના પદાધિકારીશ્રીઓ– મા.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના અધ્યક્ષ સ્થાને સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, ગુહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેશ્માબેન લાપસીવાલા, શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઈ પટેલ અને અન્ય મ્યુ.સભ્યશ્રીઓ તથા મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓની હાજરીમાં સવારે ૧૦:૦૦ કલાકે વૃક્ષારોપણ અને તુલસીના રોપાઓનું તેમજ વૃક્ષોના રોપાઓનું રોપા વિતરણ તથા રોપા ઉછેર તેમજ વિતરણ માટે વિવિધ ઝોન વિસ્તારમાં સુમન નર્સરીનું ૧.સાઉથ ઝોનમાં ટી.પી.નં. ૪૮, એફ.પી.નં.૭૩ જીયાવ બુડીયા રોડ, સાંઈ સુષ્ટિ એપાર્ટમેન્ટની બાજુમાં, ભેસ્તાન, ૨. સાઉથ ઈસ્ટ ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી), પ્લોટ નં.આર–૧૮ ડીંડોલી સ્વીમીંગપુલની બાજુમાં, ડીંડોલી અને ૩. ન્યુ સરથાણા ઝોનમાં ટી.પી.નં.૨૪ (મોટા વરાછા– ઉત્રાણ),ફા.પ્લોટ નં.૨૦૭,આર–૫૬ સીએનજી પંપની પાસે, ઈટાલીયા હોસ્પિટલની પાછળ, શ્રીપદ રેસીડેન્સીની સામે, મોટાવરાછા ખાતે શુભારંભ કરવામાં આવેલ છે.

૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે કાર્યક્રમ સ્થળે કુલ ૩૫૦ નંગ વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાનું વૃક્ષારોપણ  અને  તુલસીના ૪૦૦ નંગ રોપાનું વિના મૂલ્યે વિતરણ  તથા  તમામ ઝોનમાં ૧૫૨૬ રોપાનું વૃક્ષારોપણ તેમજ રોપા પ્લાન્ટેશન અને તમામ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની નર્સરી ખાતેથી નગરજનોને ૨૧૫૦ રોપાનું વિતરણ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું.  ખાનગી સ્થળોએ વૃક્ષારોપણ કરવા માટે સુ.મ.પા. ની વેબસાઈટ http://smc.city/TreePlantation અને મોબાઈલ એપ પર નોંધણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો નગરજનો મોટી સંખ્યામાં ભાગ લઈ ગ્રીન સુરત કેમ્પેઈનમાં જોડાવા જણાવવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૯૦**
**તા.૦૫/૦૬/૨૦૨૨**

:: પ્રેસનોટ ::

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા**

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું પરિણામ

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાન "એન્વાયરમેન્ટ અવેરનેસ ફંડ"ના વ્યાજમાંથી સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ એન્વાયરમેન્ટને લગતી વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ની વિઘાતક અસર થઈ રહી છે ત્યારે શહેરીજનોમાં પર્યાવરણની જાળવણી અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની વકતૃત્વ સ્પર્ધા તથા સવારે ૧૧.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૧૫૩, ૧૫૪નો પ્રાર્થના સભાખંડ, દિવાળીબાગ સોસાયટીની સામે, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધાઓમાં ૨૫થી પણ વધુ સ્પર્ધકોએ કુદરતી સંપદા એટલે વૃક્ષો, ગ્લોબલ વોર્મિંગ–એક સમસ્યા, પર્યાવરણ જાગૃતિ, સમાજને આભારી, વૃક્ષોનો નાશ, પર્યાવરણની વિનાશ વગેરે વિષયો પર પર્યાવરણ અંગેની સમસ્યાઓ અને તેની જાળવણી માટે શું પગલાં લઈ શકાય તેની કહેવતો અને કવિતાઓ ટાંકીને ચિંતનાત્મક વકતવ્યો તથા પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. બંને સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| વિજેતા | વકતૃત્વ સ્પર્ધા | પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન |
|---|---|---|
| પ્રથમ | પુજારી મનાલી વિનોદ | મેવાવાલા જેન્સી પંકજભાઈ |
| દ્વિતીય | દવે આશુતોષ અક્ષય | ઝવેરી રૂષિક તેજસકુમાર |
| તૃતીય | મોદી વિધી હિમાંશુભાઈ | દિનેશકુમાર આર. લીમ્બાચીયા |
| આશ્વાસન | ક્રિશા બિપીનભાઈ પટેલ | ચેરૂકુ રિધ્ધીકા ભાસ્કર |
| | નેહા પી. કુકવાલા | |

બંને સ્પર્ધાના વિજેતાઓને નિર્ણાયક સર્વશ્રી ડો. ઝંખના પરમાર અને પ્રો. ધરીત નાયક તથા સાંસ્કૃતિક વિભાગના ઈ.ચા.મેનેજરશ્રી વિનોદભાઈ એમ. ચૌધરીના હસ્તે રોકડ ઈનામ, ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજાયેલ વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનમાં પર્યાવરણ અને કલા પ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચાર યાદી નં. ૯૧ , તા.૦૬/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

E:\NEW ADMIN 2021-22\5 JUNE 2022.docx

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

## વિવિધ રસ્તાઓ પર દબાણ દુર કરવા અંતર્ગત જપ્ત કરવામાં આવેલ લારી/ગલ્લા/કેબીન પરત કરવા બાબત.

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારનાં વિવિધ રસ્તાઓ પર દબાણ દુર કરવા અંતર્ગત જપ્ત કરવામાં આવેલ લારી/ગલ્લા/કેબીન તેમજ અન્ય માલસામાન/ચીજવસ્તુઓની માલિકી ધરાવતા ઈસમોને આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ રસ્તાઓ પરથી સુરત મહાનગરપાલિકા તરફથી તા.૦૧/૧૧/૨૦૧૮ થી.તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રોડ પરનાં દબાણ દૂર કરવાની કાર્યવાહી હેઠળ જપ્ત કરવામાં આવેલ માલસામાન જેવા કે લારી, ગલ્લા, કેબીન વિગેરે સામાન આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરીથી ફોર્મ મેળવી વિગત ભરી જરૂરી પુરાવા–નિશાની આપી દિન–૩૦(ત્રીસ) માં નિયત દબાણ ચાર્જ ભરી છોડાવી જવા આથી જાણ કરવામાં આવે છે.અન્યથા મુદત વિત્યે અત્રેના દબાણ ડેપો/ગોડાઉનમાં જમા માલસામાનનો ધી.જી.પી.એમ.સી. એકટના પ્રકરણ–૨૭ ની કલમ ૪૩૮ ની જોગવાઈ મુજબ નિકાલ કરવામાં આવશે તથા તે અંગેની કોઈપણ પ્રકારની ફરીયાદ પાછળથી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.......૬૨.........
તા. ૦૬/૦૬/૨૦૨૨

# –::પ્રેસનોટ::–

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૮/૦૬/૨૦૨૨નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બ)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બ)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બ) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૮ | ૧૬૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૬ | ૩૨૦૦ |
| વરાછા (એ) | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| વરાછા (બી) | ૦૫ | ૧૦૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| રાંદેર | ૧૦ | ૨૦૦૦ | ૧૧ | ૨૨૦૦ | ૨૧ | ૪૨૦૦ |
| કતારગામ | ૦૪ | ૮૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૦૯ | ૧૮૦૦ |
| ઉધના (એ) | ૦૭ | ૧૪૦૦ | ૦૩ | ૬૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| ઉધના (બી) | ૦૪ | ૮૦૦ | ૦૪ | ૮૦૦ | ૦૮ | ૧૬૦૦ |
| લિંબાયત | ૧૦ | ૨૦૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૭ | ૩૪૦૦ |
| અઠવા | ૦૭ | ૧૪૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૬ | ૩૨૦૦ |
| કુલ | ૬૧ | ૧૨૨૦૦ | ૫૯ | ૧૧૮૦૦ | ૧૨૦ | ૨૪૦૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૯૩
તા.૦૮/૦૬/૨૦૨૨

# પ્રેસ નોટ

.......................

## માહે મે ૨૦૨૨ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે **૨૦૨૨** દરમ્યાન **૩૯૩૮** ઈન્ડોર તથા **૫૫૦૨૫** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૫૨૪** નાના તથા ૬૬૨ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૪૮૬૫** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૭૨૬** અને જૂના ૧૫૭૫ દર્દીઓ સહીત કુલ **૨૩૦૧** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૧૩૭** તથા આંખ વિભાગમાં **૨૫૩૭** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૮૦૧૬** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૯૪ તા.૦૮/૦૬/૨૨

# પ્રેસ નોટ

## જાહેર નોટીસ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ નીચે મુજબની અલગ અલગ મિલ્કતો બિસ્માર/જર્જરીત થતા નોર્થઝોન (કતારગામ) દ્વારા વખતોવખત મકાન ઉતારી પાડવા બાબતે નોટીસો પાઠવવામાં આવેલ. જેમાં સદર તમામ બિસ્માર મિલ્કતોના મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા કોઈ કાર્યવાહી ન કરવા તેમજ વસવાટ ખાલી કરવામાં આવેલ ન હોય, અત્રેથી વખતોવખત રૂબરૂ/લેખિતમાં મિલ્કત તાકીદે ઉતારી પાડવા બાબતેની સમજ આપી, ઉતારી પાડવાની સમજ આપેલ છે. જેનો આજપર્યંત અમલ થયેલ નથી. આ બાબતે મે.મ્યુ.કમિશનરશ્રી દ્વારા જુદાં–જુદાં વર્તમાન પત્રોમાં તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજથી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મિલ્કતનો ભયજનક ભાગ તાકીદે રીપેર કરાવી લેવા અથવા આવો ભય જનક ભાગ ઉતારી પાડી દુર કરવા તાકીદ કરવામાં આવેલ. આથી ઉપરોક્ત સંજોગોમાં મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતા મિલ્કત ઉતારી પાડવાની કામગીરી ન કરવામાં આવતા, સદર મિલ્કતમાં વસવાટકર્તા તેમજ તેની આજુબાજુ નજીક રહેતા, ત્યાંથી પસાર થતાં રાહદારીઓ તથા વાહનવ્યવહારને જાનમાલનું નુકશાન થવાનો ભય રહેલ છે. સુરત મહાનગરપાલિકાની જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની કલમ–૨૬૪ ની સત્તાની રૂએ સદરહું તમામ ખાની બિસ્માર/જર્જરીત મિલ્કત વિશાળ જનહિતમાં ઉતારી પાડવા ફરજ પડેલ હોય, અત્રેથી આવી કામગીરી કરનાર ખાનગી એજન્સી પાસેથી મિલ્કત ઉતારી પાડવાની કામગીરી કરવામાં આવનાર છે. આવી જર્જરીત/બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની કામગીરી માટે થનાર તમામ ખર્ચ જે તે મિલ્કતના મિલ્કતદારો/દુકાનદારો/ કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ પાસેથી વસુલ લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકા દ્વારા મિલ્કતો બિસ્માર/જર્જરીત હોવાથી વિશાળ જનહિતમાં ઉતારી પાડવાની કામગીરી કરવામાં આવનાર હોય, આ તમામ કામગીરી દરમ્યાન બિસ્માર/જર્જરીત મિલ્કત સબંધિત કોઈપણ પ્રકારનું કોર્ટ પ્રકરણ ઉપસ્થિત થશે તો તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

ઉપરોક્ત બાબતે આથી આ જાહેર નોટીસમાં જણાવેલ તમામ બિસ્માર મિલ્કતોના મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓને તાકીદ કરી આ અંતિમ નોટીસ થકી જણાવવામાં આવે છે કે, સદર બિસ્માર/જર્જરીત મિલ્કત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તાકીદે દિન–૧૫ (પંદર) માં ઉતારી લઈ, જની જાણ સુરત મહાનગરપાલિકાને કરવાની રહેશે. તે મુજબ અમલ નહી કર્યેથી આ તમામ બિસ્માર/જર્જરીત મિલ્કત સુરત મહાનગરપાલિકા ઉતારી પાડશે તેમજ તે અંગે થનાર સંપુર્ણ ખર્ચ મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ પાસે વસુલ કરશે. આ ખર્ચ મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા ભરપાઈ ન કર્યેથી વેરાબીલમાં વસુલ લેવામાં આવશે. આ કામ પૂરી થયે હાલમાં સ્થળે હયાત મિલ્કતની સ્થિતિ મુજબના તમામ કાટમાળ ઉતારનાર એજન્સી (સુરત મહાનગરપાલિકા) ની રહેશે. સદર બાબતે મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા કોઈપણ પ્રકારની કોઈપણ ઉપસ્થિત કરવામાં આવશે નહી. તેની સંયુક્ત વાંધો/સંમતિ દિન–૭ (સાત) માં કાર્યપાલક ઈજનેરશ્રી,નોર્થ ઝોન(કતારગામ)ને સુપ્રત કરવાની રહેશે અને મુદત વિત્યેથી મિલ્કતદારો/દુકાનદારો/ કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓની સંમતિ છે તેમ સમજી સુરત મહાનગરપાલિકા દ્વારા મિલ્કતદારો/દુકાનદારો/ કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓના ખર્ચે અને જોખમે જાહેર હિતમાં નીચે મુજબની બિસ્માર/જર્જરીત મિલ્કત ઉતારી પાડવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | બિસ્માર/જર્જરીત મિલ્કતની વિગત |
|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં.૪૪૦/એ, કુબેરનગર–૧ સોસાયટીની વાડી, કતારગામ દરવાજા. |
| ૨. | ટી.પી.સ્કીમ નં. ૭૭(છા.અ.કો.ઉ.),ફા.પ્લોટનં. ૨૯૩, સબ પ્લોટ નં. ૧ થી ૭, મનુભાઈની ચાલ, જલારામ મોલ્લા., કોલેજ રોડ, અમરોલી. |
| ૩. | ટી.પી.સ્કીમ નં. ૭૦ (છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૨૦૯, સબ પ્લોટ નં. ૭ થી ૯, આંબાવાડી સોસાયટી–૧, અમરોલી. |
| ૪. | ટી.પી.સ્કીમ નં. ૭૦ (છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૮૩, આમ્રકુંજ સોસાયટી, પાણીની ટાંકી–૨ નંગ, છાપરાભાઠા. |
| ૫. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૭, પંજાબ શોપીંગ સેન્ટર, કરશા ઈન્ડસ્ટ્રીયલ, વેડ દરવાજા. |
| ૬. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૯, શ્રીરામ એપાર્ટમેન્ટ, ફાગુનનગર–૨, કતારગામ દરવાજા. |
| ૭. | ટી.પી.સ્કીમ નં. ૨૪(ડુંડી), ફા.પ્લોટ નં.૩૭, સબ પ્લોટ નં. ૪૨, વિશ્રામનગર સોસાયટી, વેડરોડ. |
| ૮. | ટી.પી.સ્કીમ નં. ૭૦ (છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૨૧૦, સબ પ્લોટ નં. ૯, આંબાવાડી સોસાયટી, અમરોલી. |
| ૯. | ટી.પી.સ્કીમ નં. ૭૦ (છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૨૪૩બી, નવો હળપતિવાસ, અમરોલી. |
| ૧૦. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં.૩૨૧, સબ પ્લોટ નં. આઈ/૫ થી આઈ/૮, ઈશ્વરનગર, ગોતાલા વાડી. |
| ૧૧. | ગુજરાત હાઉસીંગ બોર્ડ, સબ પ્લોટ નં. ૫૮૭, જલારામ નગર, અમરોલી. |
| ૧૨. | ગુજરાત હાઉસીંગ બોર્ડ, સબ પ્લોટ નં. ૫૫૧, રીલાયન્સ નગર, અમરોલી. |
| ૧૩. | ગુજરાત હાઉસીંગ બોર્ડ, સબ પ્લોટ નં. ૪૫૩, રીલાયન્સ નગર, અમરોલી. |
| ૧૪. | તાપી સ્ટ્રીટ,સબ પ્લોટ નં. ૧૪૦, સિંગણપોર ગામતળ. |
| ૧૫. | ટી.પી.સ્કીમ નં. ૨૪(ડુંડી), ફા.પ્લોટ નં. ૩૭, સબ પ્લોટ નં. ૩૫, ધનકુબેર ઈ-૨., વેડરોડ. |
| ૧૬. | ટી.પી.સ્કીમ નં. ૨૩(કોસાડ), ફા.પ્લોટ નં. ૬૮, સબ પ્લોટ નં. ૫, કૃષ્ણનગર સોસાયટી, કોસાડ. |
| ૧૭. | ટી.પી.સ્કીમ નં. ૭૦ (છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૨૧૫, સબ પ્લોટ નં. ૧૦, નિર્મળ નગર સોસાયટી, અમરોલી. |
| ૧૮. | ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ), ફા.પ્લોટ નં. ૨૩, સબ પ્લોટ નં. ૩૭, પ્રભાતનગર સોસાયટી, વેડરોડ. |
| ૧૯. | ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ),ફા.પ્લોટ નં.૨૩, સબ પ્લોટ નં.૩૮, પ્રભાતનગર સોસાયટી, વેડરોડ. |
| ૨૦. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં. ૩૨૧, સબ પ્લોટ નં. એફ/૭, ઈશ્વરનગર, ગોતાલાવાડી. |
| ૨૧. | ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), રે.સ.નં. ૪૪૬, સબ પ્લોટ નં. ૫૧, ડુંગરવાડી. |

ઉપરોક્ત બાબતની આ જાહેર નોટીસથી સર્વે હિતસંબંધ ધરાવનારાઓને સ્પષ્ટ નોંધ લેવાની રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૯૮૫...
તા. ૨૦ – ૦૫ – ૨૦૨૨

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સરથાણા–નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય)** | |

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગરપાલિકાના સરથાણા, નેચરપાર્ક (પ્રાણી સંગ્રહાલય) ખાતે સિંહણ નામે વસુધાએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો.</u>

સુરત મહાનગરપાલિકાના ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઝુલોજીકલ ગાર્ડન, સરથાણા, નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય) માં તા.૩૦/૦૫/૨૦૨૨ ને સોમવારના રોજ બપોરે ૦૩–૩૦ કલાકે સિંહણ નામે વસુધાને પ્રસવ પીડા થતા બપોરે ૦૩–૩૦ કલાકથી રાત્રિના ૧૧–૩૦ કલાક દરમ્યાન ૦૩ (ત્રણ) બચ્ચાઓને જન્મ આપેલ છે.

આ વસુધા સિંહણને નર આર્ય સાથે તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ જંગલ સફારી, નયા રાયપુર ઝુ માંથી નેચરપાર્ક ખાતેથી મેળવવામાં આવેલ હતા. નેચરપાર્કના પશુ તબીબી અધિકારી અને ઈ. ચા. ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ અને અન્ય સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સિંહણ વસુધા અને તેના ત્રણ બચ્ચાઓનું CCTV કેમેરાની મદદથી ઘનિષ્ઠ મોનીટરીગ/ દેખરેખ કરવામાં આવી રહેલ છે.

આઠ વર્ષની ઉંમર ધરાવતી વસુધા સિંહણની આખી પ્રસુતિ પ્રક્રિયા ૦૮ કલાક સુધી ચાલી હતી જેનું નેચરપાર્કના અધિકારીઓ–કર્મચારીઓએ CCTV કેમેરા દ્વારા મોનીટરીગ કરવામાં આવેલ. ઝુ ના પશુ તબીબી અધિકારી દ્વારા નવા જન્મેલ બચ્ચાઓ પ્રતિ સિંહણ કઈ રીતનું વર્તન અપનાવે છે તેનું સતત દેખરેખ રાખી રહેલ છે અને આ વસુધા સિં<u>હણની</u> દેખરેખ જ બચ્ચાઓના ભવિષ્યની તંદુરસ્તી અને જીવનકાળ નકકી કરશે. હાલ તમામ બચ્ચાને માદા સહિત CCTV કેમેરાની સતત દેખરેખ હેઠળ રાખવામાં આવેલ છે. તથા તમામ બચ્ચાઓનો વિકાસ સામાન્ય હોવાનું જણાય છે.

વધુમાં તમામ બચ્ચાઓનું ત્રણ માસે વેકસીનેશન થયા બાદ જાહેર જનતાના પ્રદર્શન માટે ખુલ્લા મુકવામાં આવશે. જે મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

જે ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા એક અખબાર યાદીમાં જણાવે છે.

**સમાચાર યાદી નં.૯૬**
**તા.૧૩/૦૬/૨૦૨૨**
**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**


SMART PSS


zoo-LIONESS 4
13-06-2022 10:06:43
LIONESS 5

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ સુરત - મુંબઈ વેસ્ટર્ન રેલવે લાઈન ઉપર રેલવે ગરનાળા નં.૪૪૫( સહારા દરવાજા) ઉપર તથા સુરત બારડોલી રોડ પર કરણી માતા જંકશન પરના મલ્ટી લેયર તથા મલ્ટી ડીરેકશન રેલવે ઓવરબ્રિજ/ ફ્લાય ઓવર બ્રિજ નું લોકાર્પણ માન. સાંસદ શ્રી સી.આર.પાટીલ. તથા માન.કેન્દ્રીય રાજ્ય મંત્રી. વસ્ત્ર અને રેલવે મંત્રાલય ભારત સરકાર, શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.મંત્રી(રાજ્ય કક્ષા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ . શ્રી વિનુભાઈ મોરડીયાની ની પ્રેરક ઉપસ્થિતિમાં તથા માન.મેયર શ્રીમતી હેમાલી બેન બોઘાવાલા ના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૦૬/૨૦૨૨ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે રાખવામાં આવેલ છે

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી ન

તા.૧૩/૦૬/૨૦૨૨

**પ્રેસ નોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારની વિવિધ બિસ્માર/જર્જરીત મિલ્કતોને વખતોવખત મકાન ઉતારી પાડવા બાબતે નોટીસો પાઠવવામાં આવેલ. સદર તમામ બિસ્માર/જર્જરીત મિલ્કતોના મિલ્કતદારો/દુકાનદારો/કબ્જેદારો/હિતસબંધ ધરાવનારાઓ ધ્વારા કોઈ કાર્યવાહી તેમજ કબ્જો/ભોગવટો/વસવાટ ખાલી કરવામાં આવેલ ન હોય, અત્રેથી વખતોવખત રૂબરૂ/લેખિતમાં મિલ્કત તાકીદે ઉતારી પાડવા બાબતેની સમજ આપેલ છે. આ બાબતે મે.મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા જુદાં–જુદાં વર્તમાન પત્રોમાં તા.૨૦/૦૫/૨૦૨૨ નાં રોજથી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મિલ્કતનો ભયજનક ભાગ તાકીદે રીપેર કરાવી લેવા અથવા આવો ભયજનક ભાગ ઉતારી પાડી દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો આજપર્યંત અમલ થયેલ નથી. જેથી નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ બિસ્માર/જર્જરીત મિલ્કતોનો સર્વે કરી તેને ઉતારી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને આવી બિસ્માર/જર્જરીત મિલ્કતમાં રહેતાં તેમજ ત્યાંથી પસાર થતાં રાહદારીઓ તેમજ કોઈ જાનમાલનું નુકશાન ન થાય તેની તકેદારી સ્વરૂપ તા.૧૩/૦૬/૨૦૨૨ અને તા.૧૪/૦૬/૦૨૨ નાં રોજ નીચે મુજબની બિસ્માર/જર્જરીત મિલ્કતોનો ભયજનક બિસ્માર ભાગ ઉતારી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) ફા.ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં. ૪૪૦/એ, કતારગામ દરવાજા સ્થિત કુબેર નગર કો.ઓ.હા.સોસાયટીની ગ્રા.ફ્લોર + ૦૧(એક) માળવાળુ માળખું ધરાવતી "વાડી" કોમર્શિયલ મિલ્કતનો ૪૫૦.૦૦ ચો.ફુટ જેટલો ભયજનક મિલ્કતનો ભાગ ઉતારી પાડવામાં આવેલ છે.

(૨) ફા.ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૩, કરણ ઈન્ડસ્ટ્રીઝ, વેડ દરવાજા સ્થિત અંદાજીત ૩૦ વર્ષ જુની પંજાબ શોપીંગ સેન્ટર તરીકે ઓળખાતી કોમર્શિયલ મિલ્કતમાં ૧૦–દુકાન સીલ કરી તેમાં રહેણાંક હેતુસરનાં ૧૪–ફ્લેટો પૈકી ૬– ફ્લેટો માંથી વસવાટ દુર કરાવી મિલ્કતનો ૩૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો બિસ્માર ભાગ ઉતારી પાડવામાં આવેલ છે અને મિલ્કતનો અન્ય બિસ્માર ભાગ ઉતારી પાડવાની કામગીરી હાલમાં ચાલુ રાખવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં. ૭૦(છા.અ.કો.ઉ.), ફા.પ્લોટ નં. ૨૧૦, અમરોલીમાં આવેલ આંબાવાડી સોસાયટીનાં સબ પ્લોટ નં. ૦૯ ગ્રા.ફ્લોર+૦૧(એક) માળ વાળુ માળખું ધરાવતી રહેણાંક હેતુસરની અંદાજીત ૪૫ વર્ષ જુની બિસ્માર/જર્જરીત મિલ્કતમાંથી વસવાટ ખાલી કરાવી મિલ્કતનો ભયજનક ૩૦૦.૦૦ ચો.ફુટ બિસ્માર ભાગ ઉતારી પાડવામાં આવેલ છે.

(૪) ટી.પી.સ્કીમ નં. ૨૪(ટુંકી), ફા.પ્લોટ નં. ૩૦ , ધનકુબેર ઈન્ડસ્ટ્રીઝ નાં સબ પ્લોટ નં. ૩૫, વેડરોડ વાળી અંદાજીત ૩૫ વર્ષ જુની મિલ્કતનો ૫૦૦.૦૦ ચો.ફુટ ભયજનક બિસ્માર ભાગ ઉતારી પાડવાની કામગીરી આજરોજ હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં, નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ મોજે : કતારગામ(ગામતળ) નાં ડેરી ફળિયામાં આવેલ શીટ નં. ૨૮૪/૨/૩/૨૭ તથા ૨૮૩/૨/૩/૨૬ વાળી રહેણાંક હેતુસરની અંદાજીત ૫૫ વર્ષ જુની મિલ્કત મિલ્કતદારો ધ્વારા જનહિતમાં સ્વખર્ચે ઉતારી પાડવામાં આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની બિસ્માર/જર્જરીત મિલ્કતોમાં કોઈ દુર્ઘટના ન સર્જાય તે હેતુસર મિલ્કતમાં રહેતાં તથા ત્યાંથી પસાર થતાં રાહદારીઓ તેમજ વાહન વ્યવહારને કોઈ જાનમાલનું નુકશાન ન થાય તેની તકેદારી સ્વરૂપ આવા મકાનો ઉતારી પાડવાની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.

સદરહું કામગીરી ડે.મ્યુ.કમિશ્નરશ્રી ડી.કે.પંડયા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી વિપુલભાઈ ગણેશવાલાનાં સીધા માર્ગદર્શન હેઠળ પુરી પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૯૮
તા. ૧૪ – ૦૬ – ૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

**" પ્રજાભિમુખ પ્રકલ્પો પૈકી B.R.T.S બસ સુવિધાની**
**માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની**
**પ્રત્યક્ષ આકસ્મિક મુલાકાત "**

આજરોજ સમગ્ર દેશમાં સૌથી લાંબો B.R.T.S કોરીડોર ધરાવતા સુરત શહેરમાં માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત લોકકલ્યાણના પ્રકલ્પો પૈકી આકસ્મિક મુલાકાત લઈ પાલ – આર.ટી.ઓ. B.R.T.S બસ સ્ટેશન પરથી ધનમોરા કોમ્પલેક્ષ બસ સ્ટેશન સુધી B.R.T.S બસમાં મુસાફરી કરી બસની તમામ સુવિધા તથા વ્યવસ્થા અંગેની ચકાસણી કરી. વધુમાં માન. મેયરશ્રીએ મુસાફરોને જણાવ્યું કે કોઈપણ નગરજનોને B.R.T.S બસની સુવિધાઓ અંગે કોઈપણ તકલીફ ન પડે તે માટે આજે તેઓ પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લઈ નગરજનો સમક્ષ તેઓને અભિપ્રાય મેળવવા આવ્યા છે. ત્યારબાદ તેઓએ બસમાં હાજર મુસાફરો સાથે સંવાદ કરી તેઓના અભિપ્રાય અને પ્રતિભાવ મેળવ્યાં.

આ બસમાં મુસાફરી કરનાર એક વિદ્યાર્થીએ માન. મેયરશ્રીને જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા સંચાલિત આ B.R.T.S બસની બસપાસ અંગેની સુવિધા ખુબજ ઉત્તમ છે, તેના મારફત તેઓને દૈનિક શાળાએ જવામાં ખુબજ વ્યાજબી કિંમતે અદ્યતન પરિવહનની સુવિધા મળી રહે છે. આ ઉપરાંત આ બસમાં પાલથી–ડભોલી જતી એક દૈનિક ઘરકામ કરવા જતી મહિલા મુસાફરે માન. મેયરશ્રીને જણાવ્યું કે તેઓએ દરરોજ તેમની આર્થિક પરિસ્થિતીને કારણે ઘણી બધી જગ્યાએ ઘરકામ કરવા અવર–જવર કરવાની રહેતી હોય છે. જેથી જો તેઓ રીક્ષા કે અન્ય પરિવહનની સુવિધાનો ઉપયોગ કરે તો ઘણો ખર્ચ થઈ જાય જે તેમને પોસાય તેમ નથી. જેથી તેઓને અન્ય પરિવહનની સુવિધા કરતા B.R.T.S બસની સુવિધા મારફત એક ઉત્તમ વિકલ્પ મળ્યો છે. આમ તેઓએ મેયરશ્રીનો આ સુવિધા બદલ આભાર વ્યકત કરેલ.

આ આકિસ્મક મુલાકાત દરમ્યાન માન. મેયરશ્રીને મુસાફરોએ સદર B.R.T.S બસની સુવિધા અંગે સંતોષ વ્યકત કરી ખુબજ સારો પ્રતિભાવ આપ્યો હતો.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૯૯,૧૫/૦૬/૨૦૨૨**


FIRE
EXIT


EMERGENCY EXIT